
# પોતાનો દીપક સ્વયં બનો



- ડૉ.પ્રણવ પંડ્યા

# પોતાનો દીપક સ્વયં બનો


: લેખક :

ડૉ. પ્રણવ પંડ્યા

કુલાધિપતિ

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય

ગાયત્રીકુંજ, શાંતિકુંજ, હરિદ્વાર



પ્રકાશક :

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા.

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

: પ્રાપ્તિસ્થાન :

ગાયત્રી જ્ઞાનપીઠ

ટીદાર સોસાયટી, જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન : ૨૭૫૫૭૨૫૨

૦૦૯ કિંમત રૂા. ૨૮.૦૦



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# લેખક તરફથી

આ પુસ્તક આપના હાથમાં બુદ્ધ ગાથા લઈને આવ્યું છે. આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં આ પુણ્યમયી ધરતીની ગોદમાં મહારાજ શુદ્ધોધનને ત્યાં રાજકુમાર સિદ્ધાર્થે જન્મ લીધો હતો. ત્યારપછી એક  એક કરીને અનેક વૈશાખી પૂર્ણિમા આવી અને ચાલી ગઈ, પરંતુ પછીથી એક મહાપુણ્યવતી વૈશાખી પૂર્ણિમા આવી, જ્યારે મહાતપસ્વી સિદ્ધાર્થની અંતર્ચેતનામાં બુદ્ધે જન્મ લીધો. આ અનોખા જન્મોત્સવને મનુષ્યોની સાથે દેવોએ પણ અલૌકિક રીતે ઉજવ્યો. આ પુણ્ય ઘડીમાં સિદ્ધાર્થ સમ્યક્ સંબુદ્ધ બની ગયા અને વૈશાખી પૂર્ણિમા બદ્ધ પૂર્ણિમામાં રૂપાંતરિત થઈ ગઈ.

આ પૂર્ણિમા સાથે જોડાયેલી બંને કથાઓ ખૂબ મધુર છે. આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં, જે દિવસે સિદ્ધાર્થનો જન્મ થયો તો સમગ્ર કપિલવસ્તુમાં ઉત્સવની ધૂમ મચી ગઈ. આખું નગર સજી ઊઠ્યું. આખી રાત લોકોએ દીવા પ્રકટાવ્યા, નાચ્યા. ઉત્સવની ઘડી હતી, લાંબા દિવસોની પ્રતીક્ષા પૂરી થઈ હતી. ખૂબ જૂની અભિલાષા હતી આખા રાજ્યની. એટલા માટે રાજકુમારને સિદ્ધાર્થ નામ આપવામાં આવ્યું. સિદ્ધાર્થનો અર્થ થાય છે, જીવનનો અર્થ સિદ્ધ થવો, અભિલાષા પૂરી થઈ જવી.

પહેલા જ દિવસે જ્યારે દ્વાર પર વાજિંત્રો વાગી રહ્યાં હતાં, શરણાઈઓ ગુંજી રહી હતી, ફૂલ વરસાવવામાં આવી રહ્યાં હતાં,

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મહેલોમાં ચારે તરફ પ્રસાદ વહેંચવામાં આવી રહ્યો હતો ત્યારે હિમાલયથી ભાગતો આવતો એક વૃદ્ધ તપસ્વી મહેલોના દ્વાર પર આવીને ઊભો રહી ગયો. તેનું નામ હતું - અસિતા. નગરવાસીઓની સાથે સ્વયં સમ્રાટ તેનું સન્માન કરતા હતા. તેઓ અત્યાર સુધી ક્યારેય રાજધાનીમાં આવ્યા ન હતા. ખુદ સમ્રાટને પણ તેમને મળવા માટે જવું પડતું હતું. આજે અચાનક તેમને મહેલના દરવાજે જોઈને સમ્રાટને પણ આશ્ચર્ય થયું. સમ્રાટે આવીને ખચકાતા સ્વરે તેમને પૂછયું, " હે મહાતપસ્વી, આપની શી સેવા કરું ?"

અસિતાએ તેમની દ્વિધાનું નિવારણ કરતાં કહ્યું કે ચિંતા ન કરો, શુદ્ધોધન ! તમારા ઘરે પુત્ર જન્મ્યો છે, તેનાં દર્શન કરવા આવ્યો છું. શુદ્ધોધન તો સમજી જ ન શક્યા. સૌભાગ્યની એ ઘડી હતી કે અસિતા જેવા મહાન વીતરાગી તેમના પુત્રને જોવા માટે આવ્યા હતા. તેઓ દોડતા અંતઃપુરમાં ગયા અને નવજાત શિશુને લઈને બહાર આવ્યા. અસિતાએ નીચા નમીને શિશુનાં ચરણોમાં માથું મૂકી દીધું અને કહે છે કે શિશુએ પોતાના પગ તેમની જટામાં ગૂંચવી નાંખ્યા. અસિતા પહેલાં તો હસ્યા, પછી રોવા લાગ્યા. શુદ્ધોધન તો હતપ્રભ થઈ ગયા. તેઓ પૂછવા લાગ્યા કે મહામુનિ ! આપ રોવો છો શું કામ ?

અસિતાએ કહ્યું, "તમારા ઘરમાં આ જે પુત્ર આવ્યો છે તે કોઈ સાધારણ આત્મા નથી. અરે, એ તો બધી બાજુથી અલૌકિક છે. કેટલીય સદીઓ વીતી જાય છે ત્યારે ક્યારેક આવે છે. એ તમારા માટે જ સિદ્ધાર્થ નથી, તે તો અનંત અનંત લોકો માટે, સમગ્ર માનવજાત માટે સિદ્ધાર્થ છે. અનંત લોકોના જીવનનો અર્થ આનાથી સિદ્ધ થશે. હું હસું છું એટલે કે આનાં દર્શન થઈ ગયાં. ખૂબ પ્રસન્ન છું કે એણે મારી જેવા બુઢ્ઢાની જટાઓમાં પોતાના પગ ગૂંચવી નાંખ્યા. મારા માટે તો આ પરમ સૌભાગ્યની ક્ષણ છે, પરંતુ રડવું એટલા માટે આવી રહ્યું છે કે જ્યારે આ કળી ખીલશે, ફૂલ બનશે, જ્યારે દશે દિશાઓમાં તેની મહેક ઊઠશે ત્યારે હું નહિ રહું. મારું શરીર છૂટવાની ઘડી નજીક આવી ગઈ છે."

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મહાતપસ્વી અસિતાની આ વાત બહુ અનોખી, પણ સાચી છે. બુદ્ધત્વનું લોભામણાપણું જ કંઈક એવું છે. તેમની મોહકતા જ કંઈક એવી છે. અસિતા જીવન્મુક્ત થઈ ગયા, પણ તેમને પસ્તાવો થવા લાગ્યો કે કાશ, જો એક જન્મ વધુ મળે તો આ મહાબુદ્ધનાં ચરણોમાં બેસવાની, તેમની વાણી સાંભળવાની, તેમની સુગંધ પીવાની, તેમના બુદ્ધત્વમાં ડૂબવાની સુવિધા થઈ જાત. આવી અનોખી પળ હોય છે, બુદ્ધત્વ વિકસિત થવાની. મહાતપસ્વી અસિતામાં પણ ઈચ્છા પેદા થઈ ગઈ કે મોક્ષ દાવ પર લાગતો હોય તો ભલે લાગે, કાંઈ વાંધો નહિ. તેઓ તેમનાં ચરણે માથું મૂકીને રોવા લાગ્યા હતા કે હંમેશાં એવા જ પ્રયત્નો કર્યા હતા કે આ  શરીરથી ક્યારે છુટકારો મળે,  જીવનના આવાગમનથી, પણ આજે પસ્તાવો થઈ રહ્યો છે.

કાળપ્રવાહમાં ક્ષણ, દિવસો, વર્ષો વીત્યાં અને એક વૈશાખી પૂર્ણિમાએ સત્યનો, સંબોધિનો, બુદ્ધત્વનો એ જ ચંદ્ર નીકળ્યો, જેની ચાંદનીમાં જીવવાની ચાહના ક્યારેક અસિતાએ કરી હતી. આ પૂર્ણચંદ્ર મહાતપસ્વી શાક્યમુનિ સિદ્ધાર્થના અંતર્ગગનમાં ઊગ્યો. આ દરમિયાન અનેક ઘટનાઓ બનીને કાળસરિતામાં વહી ગઈ. શિશુ સિદ્ધાર્થ કિશોર થયા, યુવાન થયા, યશોધરા એમની રાજરાણી બની, રાહુલ નામનો પુત્ર થયો, પરંતુ આ તો દશ્ય ઘટનાઓ હતી. અદશ્યમાં પણ ઘણુંબધું બન્યું. પ્રચંડ વૈરાગ્ય, અદ્ભુત વિવેક - જેની પરિણતિ મહાભિનિષ્ક્રમણ રૂપે થઈ. યુવરાજ તપસ્વી થઈ ગયા. તપસ્યાથી દુર્બળ, જર્જર સિદ્ધાર્થને સુજાતાએ ખીર ખવડાવી અને તેમના દેહને જ નહિ, જીવનચેતનાને પણ નવજીવન મળ્યું. તેઓ ગૌતમ બુદ્ધ બની ગયા.

ગૌતમ બુદ્ધરૂપે તેઓ જાણે કે હિમાચ્છાદિત હિમાલય જેવા છે, જેમાંથી કરુણાની અસંખ્ય જલધારાઓ નીકળે છે, જયાંથી મહાકરુણાની ગંગા વહે છે. જે પતિતપાવની, કલિમલહારિણી, સર્વપાપનાશિની છે. પર્વતો તો બીજા પણ છે, હિમાચ્છાદિત પર્વતો પણ બીજા કેટલાય છે, પણ હિમાલય અતુલનીય છે. તેની કોઈ

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉપમા નથી. હિમાલય બસ, હિમાલય જેવો છે. ગૌતમ બુદ્ધ બસ, ગૌતમ બુદ્ધ જેવા છે. સંપૂર્ણ મનુષ્યજાતિમાં એમના જેવું મહિમાપૂર્ણ નામ બીજું નથી. તેમણે જેટલાં હૃદયોની વીણા વગાડી છે, તેટલી બીજા કોઈએ વગાડી નથી. તેમના માધ્યમથી જેટલા લોકો જાગ્યા અને જેટલા લોકોએ પરમ ભગવત્તા ઉપલબ્ધ કરી એટલી બીજા કોઈ માધ્યમથી નથી કરી.

બુદ્ધના બોલ અત્યંત મીઠા છે, એમનાં વચન ખૂબ અનુપમ છે.એમના દ્વારા કહેવાયેલી ધમ્મગાથાઓમાં જીવનનું બહુઆયામી સત્ય છે. પ્રત્યેક ધમ્મગાથા એક કથા કહે છે અને જિંદગીનો માર્ગ બતાવે છે. આ પુસ્તકમાં આ અનુપમ કથાઓને સાંકળવામાં આવી છે. એચ.જી. વેલ્સે બુદ્ધ વિશે એક અદ્ભુત સચ્ચાઈનું વર્ણન કર્યું. તેમણે કહ્યું," સમગ્ર ધરતી પર એમના જેવી ઈશ્વરીય વ્યક્તિ અને એમના જેવી ઈશ્વરશૂન્ય વ્યક્તિ એકસાથે મેળવવી કઠિન છે - સો ગોડલાઈક એન્ડ સો ગોડલેસ: જો કોઈ ઈશ્વરીય પ્રતિભાઓને શોધવા નીકળે તો બુદ્ધથી વધારે ઈશ્વરીય પ્રતિભા ભલા ક્યાં મળશે ? તેમ છતાં સો ગોડલેસ - એટલી ઈશ્વરશૂન્ય. ઈશ્વરશૂન્યતાનો અર્થ ઈશ્વર વિરોધી થવું એવો નથી. એવો અર્થ કેટલાક સમજદાર કહેવાતા અણસમજુઓએ સમજી લીધો છે. તેનો અર્થ ફક્ત એટલો જ છે કે તેમણે આ પરમ સત્યનો ઉચ્ચાર નથી કર્યો.

ઉપનિષદ કહે છે કે ઈશ્વર વિશે કંઈ જ કહી શકાય નહિ, પરંતુ આટલું તો કહી જ દીધું. બુદ્ધે તો એટલું પણ નથી કહ્યું. તેઓ પરમ ઉપનિષદ છે.તેઓ ઈશ્વરની ચર્ચા કરનાર કેવળ નામના જ આસ્તિક નથી.તેઓ તો ઈશ્વરત્વને ઉપલબ્ધ કરનાર મહાઆસ્તિક છે. જો પરમાત્મા વિશે કંઈ કહેવાનું સંભવ નથી, તો પછી બુદ્ધે કાંઈ કહ્યું નથી. બસ, ચૂપ રહીને ઈશારો કર્યો.પશ્ચિમમાં એક ખૂબ મોટા દાર્શનિક થયા - લુડવિગ વિટ્ગિંસ્ટાઈન. તેમણે પોતાના અનુપમ પુસ્તક "ટ્રેક્ટેટસ"માં લખ્યું છે કે જે વિશે કાંઈ કહી ન શકાય, તે વિશે બિલકુલ ચૂપ રહી જવું ઉચિત છે - ધેટ વિચ કેન નોટ બી સેઈડ, મસ્ટ નોટ બી સેઈડ. જે કહી શકાતું નથી, તે કહેવું જ ન જોઈએ.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જો વિટ્‌ગિંસ્ટાઈને બુદ્ધને જોયા હોત તો તેઓ પોતાના કહેલા સત્યની અનુભૂતિ કરી લેત. જો વિટ્‌ગિંસ્ટાઈનની વાતો બુદ્ધે સાંભળી હોત તો અવશ્ય સ્મિત કરત. ખૂબ પ્રેમથી તેઓ તેમના કથનને પોતાની સ્વીકૃતિ આપી દેત. પશ્ચિમના લોકોએ વિટ્‌ગિંસ્ટાઈનને સમજવામાં ભૂલ કરી. આ જ ભૂલ પૂર્વના લોકોએ કરી - બુદ્ધને સમજવામાં. બુદ્ધ દાર્શનિક અને વિચારક નહિ, તેઓ રુગ્ણ મનુષ્યતા માટે કરુણાવાન વૈદ્ય હતા. ઘણા લોકોએ મનુષ્યના રોગનું વિશ્લેષણ કર્યું છે, પણ આટલા કરુણાપૂર્ણ થઈને અને આટલી સચોટ રીતે નહિ. ખૂબ ઢંગથી લોકોએ વાત કહી છે, ખૂબ ઊંડાં પ્રતીકોનો ઉપયોગ કર્યો છે, પણ બુદ્ધના કહેવાનો ઢંગ જ કંઈક જુદો છે. જેણે એકવાર સાંભળ્યું, તે પકડાઈ ગયો. જેમના તરફ તેમણે એકવાર નજર માંડીને જોયું, તે પછી ભટકી ન શક્યો. જેમને તેમના બુદ્ધત્વની થોડીક પણ ઝલક મળી ગઈ, તેનું સમગ્ર જીવન જ બદલાઈ ગયું. "અપ્પ દીપો ભવ" એ જ બુદ્ધનું અંતિમ વચન છે. બુદ્ધ સ્મરણની શુભ ક્ષણોમાં તેમનું સ્મરણ આ રીતે પણ દોહરાવી શકાય -

**મહાબુદ્ધે મને - તમને,**
**એકેએકને, આપણને સૌને,**
**આ સત્ય કહ્યું, સાંભળો, "તું તારો દીવો થા**
**તિમિરનો વ્યૂહ ભેદવાનો છે,**
**અહીં કેવો વિરામ**
**જ્વાલાએ આંધીમાં જીવવાનું છે."**

**ડૉ. પ્રણવ પંડ્યા**

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભિક્ષુ કલંભને ધર્મપ્રચાર માટે જતી વખતે પ્રસ્થાનની ઘડીમાં ભગવાન તથાગતને પ્રણામ કર્યાં. ભગવાન તથાગતે પોતાના આ પ્રિય શિષ્યને બંને હાથોથી ઉઠાવી હૃદય સરસો ચાંપતાં કહ્યું, વત્સ ! સંસાર ખૂબ દુ:ખી છે. લોકો અજ્ઞાનતાને લીધે કુરીતિઓમાં ફસાઈ ગયા છે. તમે એમને જાગૃતિનો સંદેશ આપો. એ ધ્યાન રહે કે વિચારક્રાંતિ જ ધર્મ ચક્ર પ્રવર્તનની ધરી છે અને આત્મકલ્યાણ સાથે લોકકલ્યાણનો મહામંત્ર પણ.

પોતાના શાસ્તાની ચરણરજ માથે ચઢાવીને કલંભન નીકળી પડ્યા. દિવસ પૂરો થાય તે પહેલાં જ તેઓ એક ગામમાં પહોંચી ગયા. આ ગામમાં મહામારીનો પ્રકોપ હતો. ત્યાંના લગભગ બધા પુરુષ બીમાર થઈ ગયા હતા. સ્ત્રીઓ તેમની સેવાચાકરીમાં વ્યસ્ત હતી. બાળકોની ત્વચા હાડકાં સાથે ચોંટી ગઈ હતી. એવું લાગી રહ્યું હતું કે આ આખા ગામમાં કોઈને નહોતું મળતું પેટ ભરીને અન્ન, નહોતી મળતી બીમારીઓ સામે લડવા માટે જીવનરક્ષક દવાઓ. શિક્ષણની દૃષ્ટિએ પણ તેમનામાંથી કોઈનામાં કોઈ ચેતના ન હતી. બધા એકએકથી ચડિયાતા મ્લાન, મલિન અને દુ:ખી હતા.

કલંભનના ગામમાં પ્રવેશ સાથે જ ગામમાં જાણે આશાનાં કિરણો દેખાયાં. ભગવાન તથાગતના શિષ્ય કલંભન ગામમાં આવ્યા છે તે જેણે પણ સાંભળ્યું તે ખુશ થઈ ગયો. વિદ્યુતવેગે આ ઉલ્લાસભર્યા સમાચાર આખા ગામમાં ફેલાઈ ગયા. બધા એકબીજાને કહેવા લાગ્યા, ભગવાન તથાગતના શિષ્ય ભિક્ષુ કલંભન આપણા સૌનાં દુ:ખ દૂર કરવા આવ્યા છે. સ્વયં ભગવાન શાક્ય મુનિએ તેમને મોકલ્યા છે. આપણા સૌનાં દુ:ખ અવશ્ય દૂર થશે.

શ્રદ્ધાળુ ગામવાસીઓએ તેમના માટે સુખદ આરામની વ્યવસ્થા કરી દીધી. સૌએ ખૂબ ખુશી અને શાંતિથી રાત પસાર કરી. દરેકના મનમાં આશા હતી. સવારે બૌદ્ધ ભિક્ષુ તેમનું ધ્યાન પૂરું કરે ત્યાં સુધી દરવાજે ગામવાસીઓની ભીડ જામી ગઈ હતી. ભિક્ષુ કલંભન જ્યારે બહાર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવ્યા ત્યારે જરાજીર્ણ વ્યાધિગ્રસ્ત ગામવાસીઓને જોઈને એક પળ માટે તેમનું મન ક્ષુબ્ધ થયું, પરંતુ બીજી જ પળે એમણે સૌને બેસવાનું કહ્યું.

સૌને સામે બેસાડી એમણે ઉપદેશની શરૂઆત કરી. તપનો ઉપદેશ, જ્ઞાની બનવાનો ઉપદેશ અને સૌથી વધારે બુદ્ધ ધર્મ તથા સંઘના શરણે જવા માટેનો ઉપદેશ. પરંતુ વિપત્તિથી ઘેરાયેલા ગામના લોકો બુદ્ધં શરણં ગચ્છામિ, ધમ્મં શરણં ગચ્છામિ કે સંઘં શરણં ગચ્છામિના મહામંત્ર સમજી ન શક્યા.

હતાશ ભિક્ષુ કલંભન પાછા જવા નીકળ્યા અને પોતાના શાસ્તા પાસે આવીને કહ્યું ભગવન્ ! ખબર નથી મારામાં અથવા મારા જ્ઞાનોપદેશમાં કોઈ ઊણપ છે.એમ પણ હોઈ શકે પ્રભુ કે ગ્રામીણોમાં ગ્રહણશીલ ચેતના ન હોય. કારણ  જે પણ હોય, પરંતુ મારો પ્રયત્ન સંપૂર્ણ નિષ્ફળ રહ્યો. ભગવાન તથાગતે ખૂબ ધીરજ અને સમભાવે તેમના શિષ્યની કથા સાંભળી. બધું સાંભળીને તેઓ એક પળ માટે ચૂપ રહ્યા અને તેમણે આચાર્ય મહાકાશ્યપ તથા જીવકને પણ બોલાવીને કહ્યું, જુઓ વત્સ ! તમે એ ગામમાં પહોંચીને ગામવાસીઓ માટે દવા અને શિક્ષણની વ્યવસ્થા કરો.

તથાગતની આજ્ઞા માની મહાકાશ્યપ અને જીવક ત્યાંથી જવા નીકળ્યા, ત્યારે ભિક્ષુ કલંભને તેમને પ્રશ્ન કર્યો. ભગવન્ ! આપે આ બંને મહાનુભાવોને તત્ત્વોપદેશ માટે તો કહ્યું  નહિ. તથાગત થોડા ગંભીર થયા અને કહ્યું, વત્સ ! સમાજની પ્રાથમિક જરૂરિયાતો અને સુધારની મૂળ આવશ્યકતાઓને પૂર્ણ કર્યા વિના તત્ત્વોપદેશ શક્ય નથી. વત્સ ! આજની જરૂરિયાત સ્વાસ્થ્ય છે, શિક્ષણ છે. તે પછી કુરીતિઓ તથા પ્રથાઓની માયાજાળમાંથી તેમને મુક્ત કરવાના છે. અત્યારે તેમને જીવનની આશા જોઈએ. આજે જીવશે તો કાલે એ જ સમ્યક્ અને સંબુદ્ધ બનશે. કલંભનને સત્ય સમજાઈ ગયું. એણે પણ વિચાર્યું કે કોરા ધર્મોપદેશ કરતાં સમાજસેવા વધારે શ્રેયસ્કર છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શ્રાવસ્તીની શોભા અવર્ણનીય હતી. નગરના દરવાજાથી માંડીને ગૃહદ્વાર સુધી જ્યાં જુઓ ત્યાં પ્રકાશની હારમાળાઓ ઝગમગી રહી હતી. નગરના દરેક માર્ગ મહેકી રહ્યા હતા. મહારાજથી માંડીને સામાન્ય જનતા સુધ્ધાં બધા જ ખુશ હતા. દરેકની નજર નગરશેઠ વિશાખદત્તના ભવન તરફ હતી. નગરનો દરેક રસ્તો આજે એ તરફ જ જતો દેખાતો હતો. દરેક વ્યક્તિ તેમના ભવનમાં થનાર સમારંભમાં ભાગીદાર થવા ઈચ્છતી હતી. મહેમાનોના સ્વાગતની વ્યવસ્થા સ્વયં મહારાજ સંભાળી રહ્યા હતા. તેમની આંખો દરવાજે જડાઈ ગઈ હતી. અવારનવાર તેમના ચહેરા પર અધીરાઈની રેખાઓ ઊપસી આવતી હતી. તેમના અંતઃકરણમાં એક અનોખી લહેર ઊઠતી, જેને સંભાળીને તેઓ ફરી પોતાના કામે લાગી જતા.

એમણે એ માટે જ સ્વાગતની વ્યવસ્થા સંભાળી હતી કે શેઠ વિશાખદત્તની કન્યા સ્વયં તેમની પણ કન્યા છે. તથા કુળકન્યાના આ લગ્નસમારંભમાં સ્વાગતની વ્યવસ્થાની જવાબદારી તેઓ પોતે સંભાળશે, પરંતુ મનના એક ખૂણે એ ભાવના પણ છુપાયેલી હતી કે તેમને ભિક્ષુ સંઘની સાથે ભગવાન બુદ્ધના દર્શન, સત્કાર તથા સેવાનો સુયોગ અનાયાસે જ મળી જશે. શેઠ વિશાખદત્ત ભગવાન તથાગતના અનન્ય ભક્ત હતા. ભગવાનમાં જ તેમના પ્રાણ વિરાજતા હતા. એમણે તેમની કન્યાના લગ્નસમારંભમાં ભગવાનને વિશેષ રૂપે આમંત્રણ આપ્યું હતું. આમંત્રણ સાંભળીને તથાગતે એક પળ માટે સ્મિત કર્યું અને કહેવા લાગ્યા શેઠ ! મારા ત્યાં આવવાના કારણે ક્યાંક રાગનો અગ્નિ બુઝાઈ ન જાય. ક્યાંક સપ્તપદી માટે વધતા પગ તપ માટે ન વધી જાય ?

પ્રભુના આ વચન સાંભળી શેઠે વિનમ્ર ભાવે કહ્યું, ભગવાન હું તો બધી રીતે આપના શરણે છું. આપની કૃપાથી જે કંઈ થશે તે મંગલમય જ હશે. મારી કન્યા સૌમ્યદર્શના આપની અનુગામિની છે. આપના આશીર્વાદથી જે કાંઈ થશે તે જ તેના માટે શ્રેષ્ઠ હશે. શેઠની આ વાતો સાંભળી તથાગતે કહ્યું, તમારું કલ્યાણ થાવ શેઠ, અમે અવશ્ય આવીશું. અમારી સાથે અમારો ભિક્ષુ સંઘ પણ હશે અને પછી તો આ સમાચાર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આખા નગરમાં પવનની લહેરીઓ સાથે ફેલાઈ ગયા કે કુળકન્યા સૌમ્યદર્શનાના લગ્નસમારંભમાં શાસ્તા સ્વયં તેમના ભિક્ષુસંઘ સાથે પધારશે.

આજે જ શાસ્તાના આગમનની ઘડી હતી.આ શુભ ક્ષણો માટે જ સંપૂર્ણ શ્રાવસ્તી મહિનાઓથી સજી રહી હતી. નગરનો દરેક નાગરિક તથાગતના દર્શન માટે ઉત્સાહિત હતો. આમેય શેઠ વિશાખદત્ત દરેક નગરજનના પ્રિય હતા. પરહિત માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેનાર શેઠ પ્રત્યે દરેક નાગરિકના મનમાં શ્રદ્ધા અને સન્માનનો ભાવ હતો. મહારાજ તો તેમને પોતાનો સગો ભાઈ માનતા હતા. રાજમહર્ષિ સૌમ્યદર્શનાને તેમની સગી દીકરીની જેમ વહાલ કરતા હતા. તેના લગ્નસમારંભમાં સંપૂર્ણ નગરની પ્રાણચેતના લગ્નમંડપમાં કેન્દ્રિત થાય તે સ્વાભાવિક હતું.

તે જ વખતે કોઈએ ખબર આપ્યા કે શાસ્તા પધારી રહ્યા છે અને તેમની સાથે તેમનો ભિક્ષુસંઘ પણ છે. આ સમાચારે સમગ્ર વાતાવરણમાં કંઈક વિશિષ્ટ તરંગો અને સ્પંદનો ફેલાવ્યાં. અસંખ્ય પ્રાણ ઉલ્લાસિત થયા અને અસંખ્ય મન શ્રદ્ધાથી તરબોળ થઈ ઊઠ્યાં. પ્રભુ આવી રહ્યા છે એ સાંભળી કન્યા સૌમ્યદર્શનાને ઊંડું આશ્વાસન મળ્યું. તેને વિશ્વાસ થયો કે તેના પ્રાણોનો આર્ત પોકાર હવે અવશ્ય સાંભળવામાં આવશે, પરંતુ લગ્નમંડપમાં તેની સાથે બેઠેલા વરરાજાને જાણે આ બધી વાતોની કોઈ સુધ ન હતી. તે તો પોતાની જ ધૂનમાં ક્યાંક ખોવાઈ ગયા હતા. લાગતું હતું કે સૌમ્યદર્શનાની સુંદર મુખછબિ તેમને બેસુધ બનાવી રહી હતી.

એટલામાં જ મહારાજ ભગવાન અને તેમના ભિક્ષુઓને લઈને લગ્નમંડપમાં આવી ગયા. શાસ્તાના તપના તેજની સામે મંડપમાં ફેલાયેલો કૃત્રિમ પ્રકાશ ફિકો પડી ગયો. ત્યાં એક અનોખી આભા ફેલાવા લાગી. તેમના આવવાથી કુળકન્યા સૌમ્યદર્શનાને તો જાણે તેના ખોવાઈ ગયેલા પ્રાણ મળ્યા. તે પ્રથમ ભગવાનનાં ચરણોમાં અને તે પછી અન્ય ભિક્ષુઓના ચરણોમાં ઝૂકી. તેના માટે તો જાણે ભગવાન સિવાય અન્ય કોઈ વસ્તુ,વ્યક્તિ કે પરિસ્થિતિનું અસ્તિત્વ જ ન રહ્યું. પરંતુ તેનો ભાવિ પતિ તેને જોઈ અનેક પ્રકારના કામવિષયક વિચાર કરતો રાગાગ્નિમાં બળી રહ્યો હતો. તેનું મન ત્યાં હતું જ નહિ. એ તો ભવિષ્યમાં હતું. તેની ભીતરમાં સોહાગરાત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચાલી રહી હતી. તે તેની કલ્પિત સોહાગ સેજના અંધકારમાં ખોવાઈ ગયો હતો. તે આ વખતે એક આંધળા જેવો હતો.

તેની આ દયનીય દશા ભગવાન જોઈ ન શક્યા. એમણે કરુણાયુક્ત હૃદયથી તેની તરફ જોયું. પ્રભુની એ અમૃત વેરતી દૃષ્ટિમાં કંઈક અનોખું અને અલૌકિક હતું. અડધા કરતાં પણ અડધી પળમાં શું ઘટી ગયું હતું. એવું કંઈક થયું જાણે ઘનઘોર ગહન અંધકારમાં અજવાળાનો મહાસમુદ્ર ઉમટી પડ્યો હોય. સૌમ્યદર્શનાના ભાવિ પતિ સુયશની અંતર્ચેતનામાં સર્વત્ર- બધી તરફ પ્રકાશ જ પ્રકાશ છવાઈ ગયો. હવે ત્યાં અંધકારનો એક કણ પણ ન હતો. જ્યારે અંધકાર જ ન રહ્યો ત્યારે ભલા સપનાંઓ અને કલ્પનાઓ કેવી રીતે રહી શકે.

તે અચાનક જાણે ઊંઘમાંથી જાગી ગયો. કુલકન્યા સૌમ્યદર્શનાનો ચહેરો અચાનક તેના હૃદયમાંથી વિલીન થઈ ગયો છે. ત્યાં તો બોધિજ્ઞાનની પ્રકાશધારાઓ ઊતરી રહી હતી. કોઈ પણ રીતે તેની કલ્પનાઓ ટકી શકી નહિ. તે ચોંકીને ઊભો થઈ ગયો અને ત્યારે તેને ભગવાન દેખાયા અને તેમનો ભિક્ષુસંઘ દેખાયો. ત્યારે તેને જણાઈ આવ્યું કે અત્યાર સુધી મને દેખાતું ન હતું. જ્યાં સંસારનો ધુમાડો નથી ત્યાં જ સત્યનાં દર્શન થાય છે. જ્યાં વાસના નથી ત્યાં જ ભગવાનની સત્તાની પ્રતીતિ થાય છે. તેને આશ્ચર્યચકિત અને વિસ્મયમાં ડૂબેલો જોઈ ભગવાને કહ્યું, કુમાર ! રાગાગ્નિ સમાન બીજો કોઈ અગ્નિ નથી. એ જ નરક છે, એ જ નિદ્રા છે. જાગો, પ્રિય સુયશ ! જાગો ! અને શરીર જે રીતે જાગીને ઊઠી ગયું છે તે જ રીતે તમે પણ ઊભા થઈ જાવ. ઊઠો ! ઊઠવામાં જ મનુષ્યતાની શરૂઆત છે.

લગ્નમંડપમાં સમગ્ર વાતાવરણ અચાનક પરિવર્તિત થવા લાગ્યું. શૃંગારની બાળી નાખતી હવાના સ્થાને પ્રભુની કરુણાનું ઝરણું ત્યાં વહેવા લાગ્યું. ભગવાન કહી રહ્યા હતા -

**નત્થિ રાગ સમો અગ્નિ નત્થિ દોસ સમો કલિ ।**
**નત્થિ ખંધ સમા દુકખા નત્થિ સંતિ પરં સુખં ॥**

શાસ્તાનાં આ વચનો સાંભળીને શેઠ વિશાખદત્તે તેમને પ્રાર્થના કરી કે ભગવાન કૃપા કરી આપનાં વચનોનો અર્થ સ્પષ્ટ કરો. પરંતુ આજે તો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રભુ જાણે માત્ર કુમાર સુયશને જ કહી રહ્યા હતા. તેઓ તેને સંબોધતા કહેવા લાગ્યા, ભંતે ! 'નત્થિ રાગ સમો અગ્નિ' અર્થાત્ 'રાગ સમાન અગ્નિ નથી.' 'નત્થિ દોસ સમો કલિ,''દ્વેષ સમાન મેલ નથી અને 'નત્થિ ખંધ સમા દુકખા'' એટલે કે 'પંચ સ્કંધો સમાન દુઃખ નથી.'

આ પંચ સ્કંધ શું છે ભગવાન. પહેલી વાર કુમાર સુયશે તેનું મુખ ખોલ્યું. ભગવાનની કૃપાથી તેમની અંતર્ચેતના નિર્મળ થઈ રહી હતી. ભગવાને પણ તેમના પર વધારે કૃપાદૃષ્ટિ નાંખતાં કહ્યું, ભંતે ! મનુષ્યનું વ્યક્તિત્વ બે વસ્તુઓથી બનેલું છે - નામ અને રૂપ. રૂપ એટલે દેહ અને નામ એટલે મન. સ્થૂળ દેહ તો એક છે, પરંતુ મનનાં ચાર રૂપ છે, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન. આ બધાં મળીને પાંચ છે. જે આ પાંચમાં જીવે છે સમજો કે તે દુઃખમાં જ જીવે છે. આ પાંચમાં જીવવાનો અર્થ શરીરની આસક્તિમાં જીવવું અથવા તો મનની વાસનાઓમાં જીવવું એવો થાય છે. જે આ પંચ સ્કંધોમાં જીવી રહ્યો છે તે જાણે દુઃખમાં જીવી રહ્યો છે. એ સાથે જ ભગવાને આગળ સમજાવ્યું,'નત્થિ સંતિ પરં સુખં' અર્થાત્ 'શાંતિથી વધારે બીજું કોઈ સુખ નથી.'

તથાગતનાં આ વચનો સાથે જ કુમાર સુયશના મનમાં શાંતિ આવી ગઈ. તેને ભગવાનનાં વચનોની સાર્થકતાનો અનુભવ થવા લાગ્યો. તેણે ખૂબ કૃતજ્ઞતાભરી દૃષ્ટિથી પ્રભુ તરફ જોયું. લગ્ન હવે આવશ્યક ન રહ્યું. પ્રભુ, હવે આપ મને આપની શરણમાં લઈ લો. ભાવિ પતિની આ વાતો સાંભળીને કુલકન્યા સૌમ્યદર્શનાને જાણે મનગમતું મળી ગયું. તે કહેવા લાગી, ભગવાન ! હું તો સદાયથી આપની કરુણાની આકાંક્ષા રાખું છું. શેઠ વિશાખદત્ત શાસ્તાના અનુગત તો હતા જ. પછી તો પૂછવાનું જ શું હતું ? મંડપમાં લગ્નમંત્રોના સ્થાને બુદ્ધં શરણં ગચ્છામિ ! ધમ્મં શરણં ગચ્છામિ !! સંઘં શરણં ગચ્છામિ !!! ના સ્વર ગુંજવા લાગ્યા. સમગ્ર પરિવાર ભગવાન તથાગતના ધર્મચક્ર પ્રવર્તન માટે સમર્પિત થઈ ગયો. ત્યાં ઉપસ્થિત બધા લોકો અનુભવી રહ્યા હતા કે સાચે જ શાંતિથી વધારે બીજું કોઈ સુખ નથી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**ભ**ગવાન બુદ્ધે તેના તરફ જોયું. તેમની દૃષ્ટિ ખૂબ પારદર્શી અને કરુણાપૂર્ણ હતી. તેમના અલૌકિક જીવનની જેમ જ તેમની દૃષ્ટિ પણ અનોખી હતી. આ એવી દૃષ્ટિ હતી જે બહાર જ નહિ, અંદર પણ જોતી હતી. રૂપ અને આકારને જ નહિ, સ્વભાવ અને સંસ્કારોને પણ નિહાળતી હતી. જેમને પ્રભુ એક નજરે જોઈ લેતા તેઓ ખૂબ જ સૌભાગ્યશાળી હતા. આજે તેના જીવનમાં સૌભાગ્યના સૂર્યનાં કિરણો ઝગમગી રહ્યાં હતાં. પ્રભુની કરુણા તેને સ્પર્શી રહી હતી અને તે ધન્ય થઈ રહ્યો હતો.

આ પળો તેને મહામહેનતે મળી હતી. આ વખતે ભગવાન આલવી નગરમાં આવ્યા હતા. તેમની સાથે પાંચસો ભિક્ષુ પણ હતા. સૂર્યની સાથે જેમ કિરણો હોય છે, તે રીતે પ્રભુની સાથે ભિક્ષુઓની ઉપસ્થિતિ હતી. આ કિરણો ચોતરફ સૂર્યની પ્રભા- પ્રકાશ ફેલાવે છે. એમને જોઈને અનાયાસે જ સૂર્યની હાજરી અનુભવાય છે. પ્રભુનો ભિક્ષુસંઘ પણ એવો જ હતો. ભિક્ષુસંઘના સભ્યો દ્વારા ભગવાનની અલૌકિક ચેતના ઝરતી, વહેતી અને ફેલાતી હતી. આલવી નગરમાં આ વખતે એ જ થઈ રહ્યું હતું. ભગવાનની હાજરીની સુવાસ ચારે તરફ ફેલાઈ રહી હતી.

તેની ચેતના પણ એનાથી વણસ્પર્શી ન રહી. ભગવાન આવ્યા છે તે એણે પણ સાંભળ્યું, જાણ્યું અને અનુભવ્યું અને ત્યારે- હું પણ ભગવાનના દર્શન કરીશ એવો નિર્ણય તેના મનમાં ઊભરાયો. આ નિર્ણયે તેને ભારે ખુશી આપી. તેની અંતર્ચેતના ખુશીના તરંગોથી તરંગિત થતી રહી. વહેલી સવારે ઊઠીને ભગવાનના નિવાસસ્થળ તરફ જવા માટે પગ ઉપાડ્યો જ હતો કે તેને દેખાયું કે તેનો એક બળદ ક્યાંક ગાયબ છે. હવે શું કરે ? પહેલેથી જ તે ગરીબીનું દુઃખ સહન કરી રહ્યો હતો. તેના જેવો ગરીબાઈનું દર્દ સહન કરનાર કદાચ આખા નગરમાં કોઈ ન હતો. બળદ ભાગી જવાના કારણે અચાનક જ ગરીબાઈનું દર્દ અસહ્ય અને સઘન થઈ ગયું હતું.

દુઃખી મને તે બળદને શોધવા નીકળી પડ્યો. રસ્તાઓ, ખેતરો અને જંગલોમાં ફરતાં ફરતાં તેના પગ દુખવા લાગ્યા. બળદને શોધતાં શોધતાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે વિચારવા લાગતો, શું મારા મનમાં કોઈ ખોટ છે જેથી પ્રભુને મળી શકતો નથી. તે ભટકીને થાકી ગયો હતો. હવે તેનાથી રહેવાયું નહિ અને તે વ્યથિત મને પોકારવા લાગ્યો, અંગુલિમાલનો ઉદ્ધાર કરનારા હે તથાગત ! પ્રભુ મને પણ તમારા શરણે લઈ લો. તેનો પોકાર એવો ઊંડો અને સઘન હતો કે તેનાથી સૂક્ષ્મ સ્પંદનો ઊઠ્યાં. આનું સુખદ પરિણામ પણ તેને થોડીક ક્ષણોમાં જ દેખાયું. તેનો બળદ જંગલમાં એક તરફ ઊભોઊભો ઘાસ ચરતો હતો. તેણે દોડી જઈ તેનું દોરડું પકડ્યું અને ઘર તરફ નીકળી પડ્યો.

ત્યાં સુધી બપોરનો સમય થઈ ગયો હતો. તેણે અત્યાર સુધી કશું ખાધું પણ ન હતું, પરંતુ ભગવાનના દર્શનંની ખુશીએ તેની ભૂખ અને થાક બંને મિટાવી દીધાં હતાં. તેના હૃદયમાં કૃતજ્ઞતાના અહોભાવ હતા. અંતર્યામી પ્રભુ બધું સાંભળે છે, બધું જ જાણે છે. ભક્તિના પ્રાગટ્યથી તેની ગતિ તીવ્ર થઈ ગઈ. પળ-ક્ષણની ખબર નહિ અને એની ગણતરી પણ કોણ કરે ? એ તો બસ ભગવાનની સમીપ પહોંચી ગયો. ટોળાંથી ઘેરાયેલા પરમ કરુણાવાન ભગવાન બુદ્ધે તે ત્યાં પહોંચતાં જ તેને પોતાની પાસે બોલાવી લીધો. ખૂબ પ્રીતિયુક્ત નજરે તેના તરફ જોયું. પછી તેમના એક શિષ્ય મહાકાશ્યપ તરફ ઈશારો કરતાં કહ્યું, ભંતે ! આના માટે ભોજન લઈ આવો.

ભગવાનનાં આ વચનોથી બધાને ભારે આશ્ચર્ય થયું. કોઈ વાતચીત નહિ અને બસ ભોજન. તે પણ ભોજનાલયમાં નહિ અને બરાબર પોતાની સામે. બધા કુતૂહલ અને આશ્ચર્યમાં હતા, પરંતુ પ્રભુના અનુગત મહાકાશ્યપે ત્વરિત આજ્ઞાનું પાલન કર્યું. તેઓ જાણતા હતા કે ભગવાન કારણ વિના કશું કહેતા નથી અને કરતા નથી. ભોજનની થાળીમાંથી એક ટુકડો તોડીને પ્રભુ જયારે સ્વયં તેને ખવડાવવા લાગ્યા ત્યારે ભિક્ષુસંઘનું આશ્ચર્ય સો ગણું વધી ગયું. તેની આંખોમાંથી તો અશ્રુ સરવા લાગ્યાં. અશ્રુઓનાં આ ગોળ બુંદોમાં ભક્તિની ભૂગોળ ઊભરાઈ અને છલકાઈ રહી હતી. તેને એ પણ ન સમજાયું કે જે પ્રભુની સેવા તેણે સ્વયં કરવાની હતી, તેમની સેવા તે કેવી રીતે સ્વીકારે ?



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અણસમજમાં તેણે વિરોધ કરવાનો ઘણો પ્રયત્ન કર્યો. ભગવાન તેનો સંકોચ જાણી ગયા. તેમણે કહ્યું, સંકોચનો ત્યાગ કરો વત્સ કૌશલ્યાયન. આને મારી આજ્ઞા માનો અથવા વિનંતી, તમે પ્રેમથી ભોજન કરો. ભગવાને તેને જબરદસ્તી ભોજન કરાવ્યું. તેનું સમગ્ર વ્યક્તિત્વ રોમાંચિત થઈ ઊઠ્યું. તે આવ્યો ત્યારથી ચૂપ હતો. અત્યારે પણ તેણે કશું ન કહ્યું. માત્ર ખુશીથી પ્રભુના હાથે ભોજન કર્યું. ભોજન પછી ભગવાને કહ્યું, હવે તમે આ બાજુના વૃક્ષ નીચે બેસીને આરામ કરો. બુદ્ધની આ વાત સાંભળીને તે ચૂપચાપ ઊઠ્યો અને વૃક્ષ નીચે જઈને બેસી ગયો. બેસતાં જ તે ઊંડી સમાધિમાં ખોવાઈ ગયો. તેની આ ભાવદશા ભિક્ષુઓથી છુપાયેલી ન રહી. તેમને પરમ આશ્ચર્ય થઈ રહ્યું હતું કે ધ્યાનનું પરમ ફળ ભોજનથી કેવી રીતે મળ્યું ? અંતે સૌએ ભગવાન પાસે જિજ્ઞાસા પ્રકટ કરી.

ત્યારે ભગવાને આ ગાથા કહી -

**જિઘચ્છા પરમા રોગા સંખારા પરમા દુખા ।**
**એતં ગત્વા યથાભૂતં નિબ્બાનં પરમં સુખં ॥**

ભિક્ષુઓ, ભૂખ સૌથી મોટો રોગ છે અને સંસ્કાર સૌથી મોટાં દુઃખ છે એમ જે યથાર્થ જાણે છે તે જ જાણે છે કે નિર્વાણ સૌથી મોટું સુખ છે.

ભગવાનની આ ગાથા ભિક્ષુસંઘ ખૂબ એકાગ્રતાથી સાંભળી રહ્યો હતો. ભગવાન બતાવી રહ્યા હતા કે કૌશલ્યાયન ખૂબ ભૂખ્યો હતો. તેનું શરીર જ નહિ,તેની જીવનચેતના પણ ભૂખી હતી. તેને તેના સંસ્કારોનાં ઊંડાં દુઃખોનો બોધ હતો. મારા સુધી પહોંચે ત્યાં સુધી તેની વેદના જ વેદ બની ગઈ હતી. એ જ કારણે જ્યારે મેં તેને મારા હાથે ભોજન કરાવ્યું ત્યારે તેને પરમ તૃપ્તિ મળી. માત્ર દેહ જ નહિ, તેનું સમગ્ર અસ્તિત્વ લુપ્ત થઈ ગયું. વેદનાનું વેદમાં રૂપાંતર થઈ ગયું. દુઃખનો ગહન અંધકાર જ્ઞાનના અજવાળામાં ફેરવાઈ ગયો અને તેને પળમાં જ સ્રોતાપત્તિનું ફળ મળી ગયું.

આ સ્રોતાપત્તિ શું છે ભગવાન ? મહાકાશ્યપે પ્રથમ વાર પૂછ્યું.

ભદંત, સ્રોતાપત્તિનો અર્થ છે સ્રોતમાં પડી જવું અને સ્રોતાપત્તિના ફળનો અર્થ છે સ્રોતમાં પડવું એટલું જ નહિ પણ સ્રોતમાં વિલીન થઈ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જવું. બુદ્ધત્વ જ જીવનનો પરમ સ્રોત છે. ભંતે! કૌશલ્યાયનની જીવનચેતના પહેલાં તો તૃપ્તિના સ્પર્શ સાથે બુદ્ધત્વના પરમ સ્રોતમાં પડી અને હવે તમે બધા જુઓ, તે ઊંડી સમાધિમાં લીન છે. અર્થાત્ તે બુદ્ધના પરમ સ્રોતમાં વિલીન થઈ ગયો છે. એમણે હવે જાણી લીધું છે 'નિબ્બાનં પરમં સુખં' અર્થાત્ નિર્વાણ પરમ સુખ છે.

ભગવાનનાં આ વચનો સાથે જ બધાએ કૌશલ્યાયનના મુખ તરફ જોયું. સાચે જ તેના મુખ પર નિર્વાણનું પરમતેજ છવાઈ ગયું હતું. ચહેરા પર એક અનોખી અલૌકિક આભા ફેલાઈ રહી હતી. તેમના અસ્તિત્વમાં એક વિશિષ્ટ સંગીત ગુંજી રહ્યું હતું, જેની મધુર ધુન ઉત્તરોત્તર ઊંડી થઈ રહી હતી. હવે તો ભિક્ષુસંઘના પ્રાણ પણ એનાથી ઝંકૃત થઈ રહ્યા હતા. બધા જાણી ગયા કે કૌશલ્યાયનના અસ્તિત્વમાં આજે પાત્રતા અને કૃપાનું મિલન થયું છે.

બુદ્ધ કહી રહ્યા હતા - ભિક્ષુઓ, પાત્રતા હોય ત્યારે જ કૃપા અસરકારક બને છે. જે એ જાણી લે છે કે ભૂખ સૌથી મોટો રોગ છે અને સંસ્કાર સૌથી મોટાં દુઃખ છે તે એ જાણવામાં સક્ષમ થાય છે કે નિર્વાણ સૌથી મોટું સુખ છે.

આ ધમ્મપદ સંભળાવીને ભગવાન મૌનમાં ડૂબી ગયા. ભિક્ષુ તેમનાં વચનો સાંભળી તેના પર વિચાર કરવા લાગ્યા. એમનામાંથી કેટલાક તો સ્રોતાપત્તિ તરફ અંતર્ગમન પણ કરવા લાગ્યા. ભગવાન તથાગતની કૃપાદૃષ્ટિ તથા કૃપાવૃષ્ટિનો ખ્યાલ અનુભવમાં બદલાવા લાગ્યો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અર્હત એકુદાન જંગલમાં રહેતા હતા. વૃક્ષ, વનસ્પતિ, પર્વત અને ઝરણાં એ જ એમના સાથીદાર હતા. વનની દેવશક્તિઓ વનદેવી - વનદેવતા તેમના આત્મીય સખા હતા. તેમના જીવનનું એક જ સત્ય હતું - 'બુદ્ધં શરણં ગચ્છામિ', આનું જ ચિંતન કરતાં તેઓ ધ્યાનસ્થ થઈ જતા. આ સૂત્રવાક્યનો જ તેઓ ઉપદેશ કરતા. તેમના આ જીવનમંત્ર સિવાય તેમને બીજી કોઈ વાત ગમતી જ ન હતી. જો કે એમ કહેતાં  તેમના જીવનનું સમાધિસુખ છલકાઈ ઊઠતું હતું. તેઓ એક અનોખા અહોભાવથી ઓતપ્રોત થઈ ઊઠતા હતા. આ એક વાક્ય કહેતાં તેમની અંતર્ચેતનામાં અનેક અલૌકિક રંગ નિખરી ઊઠતા હતા, પરંતુ તેઓ માત્ર એક જ વાક્ય કહેતા - બુદ્ધં શરણં ગચ્છામિ.

બીજી તરફ જંગલમાંથી જે કોઈ પસાર થતા તેમને રોજ એક જ ઉપદેશ કહેતા સાંભળતા. એક જ વાક્યમાં ભલા રોજ કોને રસ પડે. તેથી તેમની પાસે કોઈ ટકતું ન હતું. તેમની કુટિરમાં ભિક્ષુ એકુદાન એકલા વક્તા હતા અને શ્રોતા પણ તેઓ એકલા જ રહેતા. બીજો કોઈ રહે પણ કેવી રીતે ? કોઈ પણ રીતે કોઈ આવી પણ જાય તો તે ભાગી જતો. રોજ એ જ ઉપદેશ. એમાં ક્યારેય કોઈ ફરક પડતો ન હતો. કદાચ તેમને આ સિવાય બીજું કશું આવડતું પણ ન હતું.

પરંતુ તેઓ તેમના આ એક જીવનસત્યને જયારે પણ કહેતા ત્યારે આખા જંગલમાં એક અનોખું વાતાવરણ છવાઈ જતું. વૃક્ષ-વનસ્પતિઓ અને પર્વત - ઝરણાં તમામ એક અલૌકિક ચેતનાથી તરંગિત થઈ ઊઠતાં. વનદેવી અને વનદેવતા તેમને આશીર્વાદ આપતા. સંપૂર્ણ જંગલ ગુંજી ઊઠતું, સાધુ ! સાધુ ! ધન્યવાદ ! ધન્યવાદ ! એક અનોખી છટા - એક અલૌકિક જીવંતતા ચારે તરફ છવાઈ જતી.

એક દિવસે તે જ જંગલમાં પાંચસો-પાંચસો શિષ્યો સાથે બે ત્રિપટકધારી ભિક્ષુ આવ્યા. તેમના અગાધ પાંડિત્યની ચારે તરફ ખ્યાતિ હતી. અર્હત એકુદાન તેમના આગમનથી ખૂબ ખુશ થયા. તેમણે એ બધાનો હૃદયથી સત્કાર કર્યો અને કહ્યું - ભંતે, આપ પધાર્યા તે ઘણું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સારું થયું. હું તો એકદમ ગમાર છું, મને કોઈ જ્ઞાન નથી. મને માત્ર એક જ વાત સમજાઈ છે અને તેનો જ રોજ ઉપદેશ આપું છું. બીજું કોઈ તે સાંભળતું નથી, માત્ર જંગલના દેવતા દયાવશ તે સાંભળે છે અને ધન્યવાદ આપે છે. જો કે તેઓ પણ એ સાંભળી-સાંભળીને થાકી ગયા હશે. મારા જેવા વૃદ્ધ પર તેમની આ કૃપા જ છે કે તેઓ મારી એક જ વાત વારંવાર સાંભળીને ખુશી વ્યક્ત કરે છે.

આપ બંને મહાજ્ઞાની છો. ત્રિપટક આપને મોઢે છે. આપના જ્ઞાનના મહિમાથી આકર્ષિત થઈને જ આપના પાંચસો-પાંચસો શિષ્ય છે. મને કશું જ આવડતું નથી, તેથી મારો એક પણ શિષ્ય નથી. ભલા એક જ ઉપદેશ આપવાનો હોય તો કોઈ શિષ્ય શા માટે બને ? એ બંને ત્રિપટકધારી મહાપંડિતે અર્હત એકુદાનની વાતો સાંભળીને એકબીજા તરફ અર્થપૂર્ણ દૃષ્ટિએ જોતાં સ્મિત કર્યું. તેમની આંખોમાં પાંડિત્યનું અભિમાન છલકાઈ રહ્યું હતું.

તે બંનેએ વિચાર્યું કે આ બિચારો વૃદ્ધ એકલો રહીને એકદમ પાગલ થઈ ગયો છે. એકલવાયાપણાના કારણે તેને વિક્ષિપ્તતાએ ઘેરી લીધો છે. નહિ તો કોઈ એક જ ઉપદેશ રોજ રોજ આપે ખરું ? તેની વિક્ષિપ્તતાના કારણે જ તે કહે છે કે એનો ઉપદેશ જંગલના દેવતા સાંભળે છે અને ધન્યવાદ આપે છે. અરે, ક્યાંના દેવતા. ભલા દેવતા પણ ક્યારેય કોઈનો ઉપદેશ સાંભળવા આવે ખરા. જ્યારે અમારા જેવા જ્ઞાની પંડિતોનો ઉપદેશ સાંભળવા માટે તેઓ આજ સુધી આવ્યા નથી, ત્યારે આ મૂર્ખનું એક જ રટણ સાંભળવા માટે ભલા તેઓ ક્યાં આવે. બિચારો વૃદ્ધ ! તેના વૃદ્ધત્વના કારણે તે પરેશાન છે અને એ જ વિક્ષિપ્તતા અને પરેશાનીના કારણે તેનું મન પરેશાનીથી ભરાઈ ગયું છે. કાંઈ વાંધો નથી, ચાલો આજે એને બતાવીશું કે ઉપદેશ શું હોય છે ? થોડીક ક્ષણોમાં જ તે બંને મહાપંડિતોએ આટલું બધું વિચારી લીધું, પરંતુ પ્રત્યક્ષ રીતે એમણે એકુદાનની ઉંમરનો વિચાર કરી ખૂબ વિનમ્રતાથી કહ્યું, ભન્તે ! અમને બંનેને આપનો પ્રસ્તાવ મંજૂર છે. મારા ઉપદેશથી આપને પણ યથાર્થનો બોધ પ્રાપ્ત કરવામાં મદદ થશે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપ બંને મહાજ્ઞાનીઓની આ કૃપાથી ધન્ય થયો ભન્તે. ભિક્ષુ એકુદાનનું હૃદય કૃતજ્ઞતાના ભાવોથી ઓતપ્રોત થઈ ગયું. તેમણે ખૂબ પ્રેમ અને મહેનતથી તેમના પ્રવચનની વ્યવસ્થા કરી. મહાપંડિતોને બેસવા માટે ધર્માસનની વ્યવસ્થા કરી. આજે તે પોતાને ધન્ય માની રહ્યો હતો કે તેને આટલી જ્ઞાનપૂર્ણ વાણી સાંભળવા મળશે.

થયું પણ એવું જ. ધર્માસને બેસીને તે બંનેએ વારાફરતી ઉપદેશ આપ્યો. તેઓ મોટા પંડિત હતા, ત્રિપટકના જ્ઞાતા હતા. બુદ્ધનાં બધાં વચનો તેમને કંઠસ્થ હતાં. તેઓ હંમેશાં તેમના પ્રશંસકો અને શિષ્યોથી ઘેરાયેલા રહેતા હતા. તેમની સેવા માટે પાંચસો શિષ્યોની ટોળી હંમેશાં તૈયાર અને તત્પર રહેતી હતી. તે પંડિતોએ એક પછી એક ઉપદેશ આપ્યો. ઉપદેશ આપતાં પહેલાં શિષ્યોએ તેમની વિદ્વત્તા અને પ્રભુતાનો પરિચય આપ્યો. તેમણે બતાવ્યું કે સમાજમાં તેમનો કેટલો પ્રભાવ છે. કેટલા લોકો તેમનો જયજયકાર કરે છે. કેટલા દેશોનું તેમણે ભ્રમણ કર્યું છે. તેમને કેટલી ઉપાધિઓ અને પ્રમાણપત્રો મળ્યાં છે. રાજન્યવર્ગ તેમનું કેટલું સન્માન કરે છે.

આ પરિચય બાદ શિષ્યોએ વાદ્ય અને સંગીત સાથે ગીત ગાયું. બધું મળીને પ્રવચનની પ્રસ્તુતિને પ્રભાવી બનાવવામાં કોઈ કસર બાકી રાખવામાં ન આવી. શાસ્ત્રસંમત, પાંડિત્યપૂર્ણ અને તર્કથી પ્રતિષ્ઠિત પ્રવચન થયું. શિષ્યોએ હર્ષધ્વનિ કર્યો. સાધુ ! સાધુ ! વૃદ્ધ ભિક્ષુ એકુદાન પણ પરમ ખુશ થયા. એમણે પણ પ્રશંસા કરી. માત્ર એક વાત એમને ખટકી રહી હતી કે આજે વનની દેવશક્તિઓએ કશું કહ્યું નહિ. જંગલના દેવતાએ પણ કશું ન કહ્યું. વનદેવી અને વનદેવતા ચૂપ હતાં તે ચૂપ જ રહ્યાં. એમણે આ વાત પંડિતોને પણ કહી કે શું વાત છે ? તેઓ રોજ મારો ઉપદેશ સાંભળે છે ત્યારે આખું વન એમના સાધુવાદથી ભરાઈ જાય છે અને આજે આવો પરમ ઉપદેશ થયો, એવા જ્ઞાનથી ઓતપ્રોત ઉપદેશ થયો છતાં એ બધા મૌન છે, આખરે શું વાત છે ?

તે બંને મહાપંડિતોએ વૃદ્ધ એકુદાનની આ વાતોને ફરીથી તેમની વિક્ષિપ્તતાથી ઊપજેલું પાગલપણું માની. તે બંનેએ વિચાર્યું એક તો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અમોએ મહાનગરોની લાખોની ભીડને બદલે અહીં જંગલમાં પ્રવચન આપવાની મહેરબાની કરી. તેના પર એટલો બધો ઉપકાર કર્યો અને આ મારી કૃપા માનવાના બદલે કહે છે કે જંગલના દેવતાએ કશું ન કહ્યું. પરંતુ પ્રગટ રીતે તે બંનેએ એ જ કહ્યું, આપ પોતાનો ઉપદેશ કરો એ જ સારું. અમને બંનેને પણ સાંભળવાનો અવસર મળશે. સાથોસાથ જંગલના દેવતાઓની વાણી પણ અમને સાંભળવા મળશે. એમણે મજાક કરવા માટે જ આ વાત કહી. એમણે પણ એ જ વિચાર્યું કે આમેય આ વૃદ્ધ ગમારને કશું આવડતું તો નથી. બસ તેની એક વાત સાંભળીને છુટકારો મળી જશે.

સીધાસાદા સરળ વૃદ્ધ એકુદાને તે પંડિતોની મજાકને તેમનો આગ્રહ માન્યો અને ખૂબ સંકોચ સાથે ધર્માસન પર બેઠા. પછી ખૂબ વિનમ્રતાથી ઉપસ્થિત લોકોને પ્રણામ કર્યા. બધી દેવશક્તિઓની અભ્યર્થના કરીને પોતાના આરાધ્ય ભગવાન બુદ્ધ સામે માથું નમાવ્યું. પછી હૃદયના ઊંડાણ અને સમગ્ર મનપ્રાણથી કહ્યું, 'બુદ્ધં શરણં ગચ્છામિ'. આની સાથે જ તેઓ ઊંડી ભાવસમાધિમાં ડૂબી ગયા. તેમના મુખમંડળ પર સંબોધિની આભા છલકાવા લાગી. તેમના અસ્તિત્વનો કણેકણ રોમાંચિત થઈ ઊઠ્યો. હાજર રહેલા લોકો પર પણ તેમની આ અનુભૂતિના અમૃતકળશનાં કેટલાંક બુંદો છલકાયાં. સમગ્ર જંગલમાંથી સાધુ ! સાધુ ! નો અપૂર્વ નિનાદ ગુંજી ઊઠ્યો. જાણે વૃક્ષ-વૃક્ષમાંથી અવાજ ઊઠ્યો. પથ્થર -પથ્થરમાંથી અવાજ ઊઠ્યો - જંગલના બધા દેવતાએ સાદ આપ્યો. સમગ્ર ધર્માસન તેમના દ્વારા કરવામાં આવતી અલૌકિક પુષ્પવૃષ્ટિથી છલકાઈ ઊઠ્યું.

હવે તો બંને મહાપંડિત ખૂબ હેરાન થયા. તેઓ વિચારવા લાગ્યા કે આ વૃદ્ધ પાગલ નથી. સાચે જ દેવતા છે, પરંતુ શું દેવતા પાગલ છે ? કેમ કે એણે એવું તે શું કહ્યું, માત્ર એક સામાન્ય વાક્ય - બુદ્ધં શરણં ગચ્છામિ. એમાં શું છે ? કોઈ પણ કહી શકે છે, ક્યારેય પણ કહી શકે છે અને ક્યાંય પણ કહી શકે છે. પંડિતોએ તેમના દંભમાં એ પણ વિચારી લીધું કે આ દેવતા જંગલના છે, જંગલી હશે અને નાસમજ હશે. એમને મારું પ્રવચન અવશ્ય સમજાયું નહિ હોય. આવી જ અનેક પ્રકારની કલ્પનાઓ તેઓ કરતા રહ્યા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે વખતે બુદ્ધ સંઘમાં આ ઘટનાનો ખૂબ પ્રચાર થયો, પરંતુ તેનો યોગ્ય ભેદ કોઈ જાણી શક્યું નહિ. ભગવાનના શિષ્ય મહાકાશ્યપે ભગવાનને આ કથા સંભળાવી અને એનો ભેદ સ્પષ્ટ કરવાની વિનંતી કરી. બુદ્ધે સ્મિત કર્યું અને કહ્યું, વત્સ મહાકાશ્યપ ! એકુદાન 'બુદ્ધં શરણં ગચ્છામિ' નો મર્મ જાણી ચૂક્યા છે. હવે તેઓ ક્ષીણાસ્રવ થઈ ચૂક્યા છે. મહાકાશ્યપે વિનમ્રતાથી પૂછ્યું ભગવાન ક્ષીણાસ્રવ થવું એટલે શું ? બુદ્ધે કહ્યું, ચાર આસ્રવ હોય છે. પહેલું છે કામાસ્રવ. એ ક્ષીણ થવાનો અર્થ છે હવે કશું પામવાની કામના રહી નથી. બધી ઈચ્છાઓ મટી ગઈ. હવે નામ, ધન, યશ, પદ કે બીજું કશું પામવાની ધૂન નથી. બીજો આસ્રવ છે ભવાસ્રવ, એનો અર્થ છે સ્વર્ગ, મોક્ષ કે પછી બીજા સારા જીવનની કામના. એ ક્ષીણ થવાનો અર્થ છે જીવેષણા મટી ગઈ. લૌકિક જ નહિ અલૌકિક ઈચ્છાઓ પણ મટી ગઈ.

આ સમજાવતાં ભગવાન તથાગતે કહ્યું, ભન્તે ત્રીજો આસ્રવ છે - દષ્ટાસ્રવ. એટલે દૃષ્ટિ, શાસ્ત્ર તથા સિદ્ધાંત સાથે આસક્તિ. એ ક્ષીણ થવાનો અર્થ છે જાતિ, ધર્મ, કુળ, દેશ, શાસ્ત્ર કે સિદ્ધાંતનો મોહ તૂટી જવો, સંકુચિત દષ્ટિ વ્યાપક થઈ જવી અને ચોથો આસ્રવ છે - અવિદ્યાસ્રવ - હું છું. આની ક્ષીણતાનો અર્થ છે હુંપણું મટી જવું. બધી સીમાઓ સમાપ્ત થઈ જવી, અસીમ થઈ જવું.

ભગવાનનાં વચનો મહાકાશ્યપ સાંભળી રહ્યા હતા. ભગવાને આગળ હૃદયસ્પર્શી સ્વરોમાં કહ્યું, ભિક્ષુ એકુદાનના આ ચારેય આસ્રવ ક્ષીણ થઈ ચૂક્યા છે. તેઓ હવે ક્ષીણાસ્રવ છે. આમ કહેતી વખતે ભગવાને મહાકાશ્યપની આગલી જિજ્ઞાસા જાણી લીધી. તેઓ ધીમું હસ્યા અને પછી કહ્યું 'બુદ્ધં શરણં ગચ્છામિ' ભિક્ષુ એકુદાન માટે આ વાક્ય નહિ, અનુભૂતિ છે. એમણે સાચે જ બુદ્ધનું બુદ્ધત્વનું શરણ પ્રાપ્ત કરી લીધું છે. તેઓ બુદ્ધત્વની ધારામાં નિમગ્ન થઈ ચૂક્યા છે. એમને માટે આ વાક્ય શાસ્ત્રવચન નહિ, સમાધિ સત્ય છે. એના ઉચ્ચારણની સાથે જ તેઓ બુદ્ધત્વ સાથે એકાત્મ થઈ જાય છે. એમની અનુભૂતિની પળો નિહાળતાં દેવતા ધન્ય થાય છે. એમને સાધુવાદ આપે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોતાની વાત સમજાવતાં ભગવાને આ ધમ્મગાથા કહી -

**ન તેન પંડિતો હોતિ હોતિ યાવતા બહુ ભાસતિ ।**
**ખેમી અવેરી અભયો પંડિતોતિ પવુચ્ચતિ ॥**

હે ભિક્ષુઓ ! ઘણાં ભાષણો આપવાથી કોઈ પંડિત બની જતો નથી. બલકે જે ક્ષેમવાન, વેરહીન અને નિર્ભય હોય છે, તે જ પંડિત છે.

મહાકાશ્યપ સહિત બધા ભિક્ષુ શાંત હતા. ભગવાન કહી રહ્યા હતા- 'સત્ય શાસ્ત્રમાં નથી. સત્ય શબ્દમાં પણ નથી અને સત્ય કહેવાતા બૌદ્ધિક જ્ઞાનમાં પણ નથી. સત્ય છે - અનુભવ. અને અનુભવ શૂન્યમાં પ્રકટ થાય છે, મૌન અને આંતરિક એકાંતમાં પ્રકટ થાય છે. જીવંત અનુભવની અભિવ્યક્તિ પર બધું અસ્તિત્વ આચ્છાદિત હોય છે. એ વખતે દેવતાઓ પ્રસન્ન થઈને સાધુવાદ આપે તે સ્વાભાવિક છે. આમ કહી ભગવાન મૌનમાં ડૂબી ગયા. મહાકાશ્યપ સહિત અન્ય ભિક્ષુઓ ભગવાને કહેલાં વચનોનું મનન કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેતવનની આમ્રકુંજમાં ભગવાન તથાગત ધ્યાનસ્થ હતા. ધ્યાનસ્થ અવસ્થામાં ભગવાનનું મંજુલ સૌંદર્ય વધારે શોભી ઊઠ્યું હતું. એમાં વધારો કરવા માટે સુંદર પ્રભાતવેળા ભગવાનની સમીપ આવી ગઈ હતી. મહાદાની ભુવન ભાસ્કર તેનાં સહસ્ર કિરણો સાથે ભગવાન પર સોનું વરસાવતા આકાશના આંગણાંમાં ઊતરી આવ્યા હતા. સમગ્ર પ્રકૃતિ ધ્યાનલીન મહાબુદ્ધના મહિમાનું ગાન કરી રહી હતી. આમ્રવનમાં પંખીઓના કલરવનો મધુર ધ્વનિ પ્રકૃતિના સ્વરોને સંગીતમાં સજાવવાના પ્રયાસમાં લીન હતો. ચારે તરફ મહાબુદ્ધના મંગલમય રૂપની પ્રભા પ્રસરી રહી હતી. એકલું આમ્રકુંજ જ નહિ સમગ્ર જેતવનના સંપૂર્ણ વિસ્તારમાં ધ્યાનસ્થ ભગવાનનો દિવ્ય આલોક છવાયેલો હતો.

ભગવાનથી થોડેક દૂર બેઠેલા ભિક્ષુગણ શાસ્તાના ધ્યાનની સમાપ્તિની પ્રતીક્ષા કરી રહ્યો હતો. તેમને પ્રભુ ક્યારે નેત્ર ખોલે અને તેઓ ક્યારે તેમને પ્રણામ કરે તેની પ્રતીક્ષા હતી. મહાકાશ્યપ, મૌદ્ગલાયન, રેવત વગેરે સિદ્ધ સાધકોની સાથે નવ ભિક્ષુદળના બધા સભ્યો ભગવાનની વાણી સાંભળવાની તત્પરતામાં બેઠા હતા. એ બધાની સાથે આજે એક નવો સભ્ય લવકુંઠક ભદ્દીય સ્થવિરની પણ ઉપસ્થિતિ હતી. ઉંમરમાં નાનો હોવા છતાં લવકુંઠકની સાધના અત્યંત ગહન હતી. મિતભાષી, સેવાભાવી, ધ્યાનપરાયણ લવકુંઠક સૌની પ્રીતિનું કેન્દ્ર હતો. મહાકાશ્યપ તથા રેવત વગેરે સિદ્ધજન તેના પર પોતાનું હૃદય ઠાલવતા હતા. ભિક્ષુસંઘના નવા સભ્યોને તે અતિ પ્રિય હતો.

લવકુંઠક પાછલા કેટલાક દિવસોથી પ્રવ્રજ્યા માટે ગયો હતો. તે ગઈકાલે રાત્રે જ પાછો આવ્યો હતો. આ દરમિયાન તે ક્યાં રહ્યો અને તેણે શું કર્યું તેની કોઈને ખબર ન હતી. હા,પાછો આવ્યા પછી તે થોડો વધારે શાંત થઈ ગયો હતો. સાથીદાર ભિક્ષુઓએ તે રાત્રે પાછો આવ્યા પછી થોડુંઘણું જાણવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પછી તે થાકેલો જાણી પ્રયત્ન છોડી દીધો. લવકુંઠક પણ તેની સ્થિતિ પર મૌન જ રહ્યો. કોઈની પણ જિજ્ઞાસાના ઉત્તરમાં કશું કહેવાની તેને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જરૂર ન લાગી. જો કે સાથીઓને તેનું આ મૌન ખૂબ જ રહસ્યમય લાગ્યું, પરંતુ કોઈએ કશું વધારે કહ્યું નહિ. બધાને સવારની પ્રતીક્ષા હતી. દરેક જણ વિચારી રહ્યો હતો કે પ્રણામ વખતે શાસ્તા અવશ્ય આ રહસ્યનો ભેદ ખોલશે.

બધા ભિક્ષુઓના આ ગુંચાતા, ફસાતા અને બનતા-બગડતા વિચારતંતુઓની પાર અને પર ભગવાન વિરાજમાન હતા. એમણે ધીરેધીરે તેમની આંખો ખોલી. એમનાં ખુલ્લાં નેત્રોમાંથી કરુણા અને કૃપાની ધારની બધા પર વર્ષા થઈ, સૌ તેમના શાસ્તાને પ્રણામ કરવા લાગ્યા. મહાકાશ્યપ, રેવત અને મૌદ્‌ગ્લાયન પ્રણામ કરીને પ્રભુની પાસે જ બેસી ગયા. અન્ય ભિક્ષુઓની સાથે લવકુંઠકે પણ પ્રણામ કર્યા. લવકુંઠકે પ્રણામ કરતાં જ ભગવાને કહ્યું, ભિક્ષુઓ, જુઓ છો આ ભાગ્યશાળી ભિક્ષુને ? તે માતાપિતાને મારીને દુઃખરહિત થઈને આવી રહ્યો છે.

ભગવાનની વાણી સાંભળી મહાકાશ્યપે સ્મિત કર્યું. જ્યારે અન્ય ભિક્ષુ ચોંકી ઊઠ્યા. તેમને એકવાર તો તેમના કાનો પર વિશ્વાસ જ ન થયો. તેઓ ચોંકી જઈ એકબીજાનું મુખ જોવા લાગ્યા કે ભગવાને આ શું કહ્યું ? 'માતાપિતાને મારીને દુઃખરહિત થઈને આવી રહ્યો છે, આ ભાગ્યશાળી ભિક્ષુને જુઓ.' તેમને પોતાના જ કાન પર વિશ્વાસ ન થયો. તેઓ વિચારવા લાગ્યા કે માતાપિતાની હત્યા કરતાં મોટું બીજું કોઈ પાપ નથી. ભગવાન આ શું કહે છે ? ક્યાંક કોઈ ભૂલ છે. આપણે સાંભળવામાં ભૂલ કરી છે અથવા ભગવાને કહેવામાં ભૂલ કરી છે. માતાપિતાના હત્યારાને ભાગ્યશાળી કહેવું, ભલા આ તે શું વાત થઈ ?

મહાકાશ્યપ, રેવત અને મૌદ્‌ગ્લાયન સિવાય અન્ય સૌની શંકા અને વિભ્રમમાં વધારો થયો. આ ત્રણેય સિદ્ધજન શાસ્તાની વાતો સાંભળી સ્મિત કરી રહ્યા હતા. સ્વયં લવકુંઠક મૌન હતો. તેના માટે તો ભગવાનનો પ્રત્યેક શબ્દ તેમની કૃપા અને આશીર્વાદ હતો. અન્ય ભિક્ષુઓથી જ્યારે ન રહેવાયું, ત્યારે એમણે ભગવાનને પૂછી જ લીધું, આપ આ શું કહી રહ્યા છો પ્રભુ ? આવી વાત તો ક્યારેય જોઈ નથી કે સાંભળી પણ નથી.

ત્યારે ભગવાને સ્મિત કર્યું અને કહેવા લાગ્યા, અરે વાત માત્ર આટલી જ નથી. આ અપૂર્વ ભિક્ષુએ બીજી હત્યાઓ પણ કરી છે, મોટી સફળતા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રાપ્ત કરી છે અને તે પણ ખૂબ કુશળતા સાથે કરી છે. હું તો કહું છું કે હત્યા કરવામાં આનો જોટો જડે તેમ નથી. ભિક્ષુઓ તમે પણ આની પાસે થોડું શીખી લો. તમે પણ આના જેવા બનો તો તમે પણ દુઃખસાગરથી પાર થઈ જશો. ભિક્ષુઓએ કહ્યું, આપ શું કહો છો, ભગવાન ? પરંતુ તથાગતે તો જાણે આજે રહસ્યને વધારે ઊંડું અને ઘેરું બનાવવાનું નક્કી કરી લીધું હતું. એમણે સૌને ચકિત કરતાં આ ગાથાઓ કહી -

**માતરં પિતરં હંત્વા રાજાનો દ્વે ચ ખત્તિયે ।**
**રટ્ઠં સાનુચરં હંત્વા અનીઘો યાતિ બ્રાહ્મણો ॥**
**માતરં પિતરં હંત્વા રાજાનો દ્વે ચ સોત્થિયે ।**
**વેય્યગ્ઘપંચમં હંત્વા અનીઘો યાતિ બ્રાહ્મણો ॥**

ભગવાન દ્વારા કહેલી આ ધમ્મગાથાઓએ સૌને ગૂંચવી નાખ્યા. બધા ભિક્ષુઓની બુદ્ધિ ચકિત અને સ્તબ્ધ હતી. સૌ આશ્ચર્યથી હેરાન હતા. ભિક્ષુઓને આ રીતે ગૂંચવણમાં ફસાયેલા જોઈ મહાબુદ્ધની કરુણા ઊમટી પડી. એમણે મહાકાશ્યપને આ ધમ્મગાથાઓના ગૂઢ અર્થને પ્રકટ કરવાનો સંકેત કર્યો. શાસ્તાનો સંકેત મેળવી સૌ પ્રથમ મહાકાશ્યપે તેમનાં ચરણોમાં માથું નમાવ્યું. પછી ઉપસ્થિત સૌને બુદ્ધવાણીનો મર્મ પ્રકટ કરવા લાગ્યા.

એમણે કહ્યું, ભિક્ષુઓ ! માતા તૃષ્ણા છે અને પિતા અહંકાર છે. એમના કારણે જ જીવ વારંવાર જન્મમરણના ચક્રમાં ફસાય છે. એમને મારનારનો જન્મમરણના દુઃખથી છુટકારો થવો નિશ્ચિત છે. બધા ભિક્ષુ આ ગુહ્ય અર્થ સાંભળી અવાક્ હતા. મહાકાશ્યપ્ર નિર્વિઘ્ન ભાવે તેમના શાસ્તાની વાણીને અર્થ આપી રહ્યા હતા - બે ક્ષત્રિય રાજા આસ્તિકતા અને નાસ્તિકતાના મત વાદ છે. બધા શાસ્ત્રીય સિદ્ધાંતો એમના અનુચર છે. તેઓ કોઈ ને કોઈ રીતે જીવને તેમના શાસનમાં રાખે છે. જે એમને મારે છે તે સ્વતંત્ર થાય છે. આસક્તિઓ સહિત આપણી અંદરનો સંસાર જ રાષ્ટ્ર છે, જે એને મારે છે તે તમામ સીમાબંધનોથી છુટકારો મેળવે છે.

ઉપસ્થિત ભિક્ષુઓ બીજું વધારે કંઈક કહે તે પહેલાં એમને સંબોધતાં મહાકાશ્યપે કહ્યું - ભિક્ષુઓ ! વ્યાઘ્રપંચમ આપણી જ પાંચ ઈન્દ્રિયો છે. આ પાંચ ઈન્દ્રિયોની વાસનાઓને તથા એમની તન્માત્રાઓની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આસક્તિને જે મારે છે તે વ્યાઘ્રપંચમને મારનારો છે. જેણે આ સૌને એકસાથે મારવામાં સફળતા પ્રાપ્ત કરી તેનું મહામૃત્યુ થયું એ સમજી લો. તેણે પોતાની હત્યા પણ કરી નાખી. તેને નિર્વાણ પ્રાપ્ત થઈ ગયું. ભંતે ! લવકુંઠક ભદ્દીય સ્થવિરને આવું જ મહામૃત્યુ પ્રાપ્ત થયું છે. પહેલાં એમણે પોતાની ધ્યાનસાધનાથી ઊપજેલ બોધિના દિવ્યાસ્ત્રથી એકએક કરી સૌને મારી નાંખ્યા અને અંતે એમણે સ્વયંને પણ મારવામાં સફળતા પ્રાપ્ત કરી. હવે તેઓ નિર્વાણને પ્રાપ્ત થઈ ચૂક્યા છે.

ભિક્ષુસંઘ શાસ્તાનાં રહસ્યમય વચનોની આ અપૂર્વ વ્યાખ્યા સાંભળી સંબોધિ ચેતનાનો સ્પર્શ અનુભવવા લાગ્યા હતા. મહાકાશ્યપ સૌના માટે સદાય શ્રદ્ધાસ્પદ હતા. સૌને એ વિશ્વાસ હતો કે ભગવાનની અંતર્ચેતનામાં મહાકાશ્યપની અંતર્ચેતના સમર્પિત, વિસર્જિત તથા વિલીન થઈ ચૂકી છે. મહાકાશ્યપ અદ્ભુત તથા અપૂર્વ શિષ્ય છે. શાસ્તા તો પરમ ગુરુ છે જ. આજે બધાને શિષ્ય તથા ગુરુના આ અનોખા અંતર્મિલનનું પ્રમાણ મળી ગયું. સૌ મહાબુદ્ધનાં વચનો પર ધ્યાનસ્થ થવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. ભગવાનની ધમ્મગાથાઓ સૌને માટે પથ દર્શાવી રહી હતી. તે એ જ પથ હતો, જેના પર અત્યારે લવકુંઠક ભદ્દીય સ્થવિર ચાલીને આવ્યા હતા. મહાકાશ્યપ જેના પર પહેલાં જ ચાલી ચૂક્યા હતા. ધમ્મસંદેશ આપતું આજનું પ્રભાત સૌના માટે મંગલ પર્વ બની ગયું. સૌના મન પ્રાણ અને અંતર્ભાવનાઓમાં આ ધમ્મગાથાઓના નિદિધ્યાસનનો સૂર્ય પ્રકાશમાન થવા લાગ્યો. જીવનમાં હર્ષના હિલોળા ઊઠવા લાગ્યા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સૂર્યદેવે તેમનો રથ પશ્ચિમ દિશા તરફ વાળી લીધો હતો. આકાશમાં ફેલાતી લાલાશ એક છેડે સમેટાવા લાગી હતી. પ્રકૃતિમાં થોડા સમય પછી સૂર્યદેવ અસ્તાચલમાં જઈને આરામ કરવાના સંકેત સ્પષ્ટ થવા લાગ્યા હતા. ચારે તરફ પંખીઓમાં આ જ ચર્ચા ચાલી રહી હતી. તેઓ તેમની ભાષામાં આ જ ચર્ચા કરતાં તેમના માળા તરફ જઈ રહ્યાં હતાં. આ પંખીઓ જેવી જ સ્થિતિ લગભગ બુદ્ધસંઘના ભિક્ષુઓની હતી. તેઓ પણ તેમના શાસ્તાના પરિનિર્વાણની ચર્ચામાં વ્યસ્ત હતા. તેમને કશું સમજાતું ન હતું કે આવી સ્થિતિમાં શું કરે ? માત્ર ચિંતા, વેદના અને વિષાદની લહેરો તેમના મનને અવિરત ભીંજવી રહી હતી.

જ્યારથી એક દિવસ વૈશાલીમાં વિહાર કરતા ભગવાને ભિક્ષુઓને કહ્યું કે 'ભિક્ષુઓ, સાવધાન ! હું આજથી ચાર માસ પછી પરિનિવૃત્ત થઈ જઈશ. મારી ઘડીઓ નજીક આવી રહી છે. મારી વિદાયની ક્ષણો નજીક આવી રહી છે. તેથી જે કરવા યોગ્ય હોય તે કરો. હવે મોડું કરવાનો સમય નથી.' ત્યારથી આ સ્થિતિ હતી. તથાગતનાં આ વચનો ગરમ લૂની લહેરોની જેમ સંઘના સમસ્ત ભિક્ષુઓનાં અંતઃકરણોને હચમચાવવા લાગ્યાં હતાં. જેણે જ્યાં ક્યાંય આ ખબર સાંભળ્યા તે વિહ્વળ થઈ ગયો.

બધા ભિક્ષુઓમાં ખૂબ ભય વ્યાપી ગયો. આખો ભિક્ષુસંઘ મહાવિષાદમાં ડૂબી ગયો. કંઈક એમ લાગ્યું જાણે અચાનક અમાસ થઈ ગઈ. ભિક્ષુ રોવા લાગ્યા અને છાતી કૂટવા લાગ્યા. વિષાદમાં ડૂબીને આમતેમ રડવા લાગ્યા. ભિક્ષુઓનાં ટોળેટોળાં જ્યાં ત્યાં એકઠાં થઈને રડતાં અને વિચારતાં કે હવે શું થશે ! હવે શું કરીશું ! તેમને ઘણી ચિંતાઓ સતાવી રહી હતી. કેટલાંયને ચિંતા હતી કે શાસ્તા પછી સંઘની વ્યવસ્થા કેવી રીતે ચાલશે ? કેટલાક એવા હતા જેઓ વિચારી રહ્યા હતા કે પરિનિર્વાણ પછી ભગવાનનો વારસો કોને મળશે ?

કેટલાક એવા પણ હતા જેમની ચિંતાઓ થોડાક જુદા પ્રકારની હતી. તેઓ ભગવાનના દેહની શ્રદ્ધા - પૂજાના મોહમાં હતા. મહાબુદ્ધનો મહિમામય દેહ થોડા દિવસો પછી નહિ રહે એમ વિચારી તેઓ વિકળ થઈ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઊઠતા. તેમની આ વિકળતામાં તેઓ ભગવાનના દેહ સાથે જોડાયેલી ચીજો જેવી કે જૂનાં ચીવર, કમંડળ વગેરે પોતાના માટે સમેટવા લાગ્યા. ચીજો આપસમાં સમેટતી વખતે એમનામાં વૈમનસ્યની નોબત પણ આવી ગઈ. આ ચિંતામાં પડેલા ભિક્ષુઓમાં કેટલાકને તેમના ભવિષ્યની ચિંતા સતાવવા લાગી હતી. ભિક્ષુસંઘમાં કેટલાય પ્રકારની ચિંતાઓ અંકુરિત થઈ રહી હતી. એના રૂપ અને પ્રકાર ભલે બધા માટે જુદાજુદા હોય, પરંતુ લગભગ બધાને કોઈ ને કોઈ ચિંતાએ જકડી લીધા હતા.

પરંતુ ભિક્ષુ તિષ્ય સ્થવિરની સ્થિતિ આ બધા કરતાં કંઈક જુદી જ હતી. ભગવાનના ભાવિ પરિનિર્વાણના ખબર સાંભળ્યા પછી ન તેઓ રડ્યા કે ન એમણે કોઈને કશું કહ્યું. શાસ્તાની નવી કે જૂની ચીજવસ્તુઓ પણ ભેગી કરવાનો કોઈ પ્રયત્ન કર્યો નહિ. તેઓ માત્ર મૌન થઈ ગયા. એમને અચાનક આ રીતે ચૂપ થયેલા જોઈ બીજા ભિક્ષુઓએ તેમને પૂછવાનો પ્રયત્ન કર્યો, આપને શું થયું છે ? શું ભગવાનના જવાની વાતનો આપને આટલો આઘાત લાગ્યો છે ? શું આપની વાણી ચાલી ગઈ છે ? આપ રોતા કેમ નથી ? આપ કશું કહેતા કેમ નથી ? તિષ્ય સ્થવિરને આ રીતે ચૂપ થયેલા જોઈ ભિક્ષુઓને ભય પણ લાગ્યો કે ક્યાંક તેઓ પાગલ તો નથી થયા ?

ભિક્ષુઓનું આ રીતે વિચારવું ખોટું પણ ન હતું. આઘાત જ એવો હતો કે કોઈ સંવેદનશીલ હૃદય સહન કરી ન શકે. આવી સ્થિતિમાં પાગલ થઈ જવું પણ શક્ય હતું.જેમનાં ચરણોમાં આખું જીવન સમર્પિત થયું હોય એમના જવાની ઘડી આવી ગઈ. જેમના સહારે અત્યાર સુધી જીવનની બધી આશાઓ બંધાયેલી હતી, તેમને વિદાય આપવાની ક્ષણ આવી ગઈ. આ કઠિનતમ સ્થિતિ હતી. આવી સ્થિતિમાં ભિક્ષુઓની શંકાઓ સ્વાભાવિક હતી. પરંતુ તિષ્ય જે ચૂપ થયા તે ચૂપ જ થઈ ગયા. તેઓ ભિક્ષુઓની કોઈ પણ શંકાનો જવાબ આપતા ન હતા. તેમના જીવનમાં અચાનક શૂન્યતા છવાઈ ગઈ હતી. તેઓ એકદમ મૌન, શાંત અને એકાંત હતા.

ભગવાનના પરિનિર્વાણની ચિંતાથી ચિંતિત ભિક્ષુ થોડાક વધારે હેરાન-પરેશાન થયા. તેમના સદ્વ્યવહારના કારણે તિષ્ય સ્થવિર બધાને પ્રિય હતા. તેઓ સહજરૂપે સેવાપરાયણ, મળતાવડા, હસમુખ અને મૃદુભાષી હતા. તેમનું અચાનક મૌન બધાને ખરાબ લાગતું હતું, પરંતુ કોઈ પણ આ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મૌનનું યોગ્ય કારણ શોધી શકતું ન હતું. પહેલેથી જ ચિંતિત ભિક્ષુ આ એક નવી ચિંતાના દંશથી વિકળ થઈ ઊઠ્યા. એનું સમાધાન સ્વયં કરવામાં નિષ્ફળ થયા બાદ એમણે ભગવાનનાં શ્રીચરણોમાં આ સમસ્યા રજૂ કરવાનું વિચાર્યું.

અંતે આ વાત ભગવાન પાસે પહોંચી જ ગઈ કે ભિક્ષુ તિષ્ય સ્થવિરને અચાનક કંઈ થઈ ગયું છે. અત્યારે એમણે પોતાને બિલકુલ બંધ કરી લીધા છે. જેમ કાચબો પોતાને સમેટી લે છે અને બધાં અંગો અંદર સમાવી લે છે તેવું જ કંઈક એમણે પોતાને અંદર સમેટી લીધા છે.તિષ્ય સ્થવિરની સંપૂર્ણ સ્થિતિ જણાવતાં ભિક્ષુઓએ તેમની પોતાની શંકાઓ પણ બતાવી દીધી કે આ ક્યાંક પાગલપણાના લક્ષણ તો નથી ? ક્યાંક આપના નિકટ ભવિષ્યમાં પરિનિવૃત્ત થવાની વાતનો આઘાત એવો ઊંડો તો નથી લાગ્યો કે જેથી એમની સ્મૃતિ ખોવાઈ ગઈ છે, વાણી વિલીન થઈ ગઈ છે.

ભિક્ષુઓની બધી વાતો સાંભળી લીધા પછી ભગવાન એક પળ માટે આત્મનિમગ્ન થયા અને બીજી જ પળે હસવા લાગ્યા. એમણે તિષ્ય સ્થવિરને પોતાની પાસે બોલાવ્યા. ભિક્ષુ તિષ્ય સ્થવિરે ભગવાન પાસે જઈ તેમનાં ચરણોમાં માથું નમાવ્યું અને મૌન ભાવે એક તરફ બેસી ગયા. ભગવાને સ્મિત કરતાં પૂછ્યું - વત્સ ! આ ભિક્ષુઓ તમારી સ્થિતિ વિશે જાણવા ઈચ્છે છે. એમના સંતોષ ખાતર તમે એમને પોતાની ભાવદશા કહો. જેવી આજ્ઞા પ્રભુ ! તિષ્યે કહ્યું અને એમણે કહેવાનું શરૂ કર્યું, આપ ચાર મહિના પછી પરિનિવૃત્ત થશો એમ જ્યારે મેં સાંભળ્યું ત્યારે મેં વિચાર્યું કે હું તો અત્યારે અવીતરાગ છું. આપ છો ત્યાં સુધીમાં અર્હત્વ મેળવી લેવું જોઈએ. આ જ વિચાર કરીને હું ધ્યાનમાં જ પોતાની બધી શક્તિ ખર્ચવા લાગ્યો છું.

આમ કહેતાં તિષ્યે સંયમિત વાણીમાં કહ્યું, આપે ભિક્ષુઓને આ જ આદેશ આપ્યો હતો, જે કરવા યોગ્ય છે, કરો. મોડું ન કરો. ભગવન્ ! હું આપના આદેશનું યથાસાધ્ય પાલન કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું. હવે આપના આશીર્વાદ માગું છું કે મારો સંકલ્પ પૂરો થાય. આપ જાવ તે પહેલાં તિષ્ય સ્થવિરની વિદાય થઈ જવી જોઈએ. અશ્રુભરી આંખે તિષ્ય બોલ્યા, ભગવન્ ! હું મારા માટે મોત માગતો નથી. આ તિષ્ય સ્થવિર નામનો અહંકાર છે, તેની વિદાય થઈ જવી જોઈએ. હું મારી બધી શક્તિઓ લગાડી રહ્યો છું, આપના આશીર્વાદ જોઈએ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તિષ્યના આ કથનમાં શાસ્તા પ્રત્યેની પ્રગાઢ ભક્તિ હતી. એમને ભગવાનની કૃપાશક્તિ પર વિશ્વાસ હતો. તેઓ પોતાનું હૃદય ભગવાનનાં શ્રીચરણોમાં ઠાલવતા કહી રહ્યા હતા - હવે હું બોલીશ નહિ, હાલીશ નહિ કે ડોલીશ નહિ. કેમ કે બધી શક્તિ એના પર જ કામે લગાડવાની છે. આપનાં વચન મને હંમેશાં યાદ રહે છે. આપે કહ્યું હતું, ભિક્ષુઓ સાવધાન થઈ જાવ અને જે કરવા યોગ્ય છે તે કરો. મને એ જ યોગ્ય લાગ્યું કે આ ચાર મહિના જીવનની ક્રાંતિ માટે ખર્ચી નાંખું, સંપૂર્ણ કામે લગાડી દઉં. આ પાર કે પેલે પાર. હું આપના આદેશના પાલનમાં જરા સરખી પણ ઊણપ રાખવા માગતો નથી.

તિષ્યના ઉદ્‌ગાર સાંભળી ભગવાને આ ગાથા કહી -

**પવિવેકં રસં પીત્વા  રસં ઉપસમસ્સ ચ ।**

**નિદ્દરો હોતિ નિષ્પાપોધમ્મપીતિ રસં પિવં ॥**

એકાંતનો રસ પીને, શાંતિનો રસ પીને મનુષ્ય નીડર બને છે અને ધર્મનો પ્રેમરસ પીને નિષ્પાપ બને છે.

ધમ્મગાથાનો ભાવ સ્પષ્ટ કરતાં ભગવાને કહ્યું, એકાંતનો અર્થ છે પોતાની અંદર ડૂબકી મારવી. ક્યાંય દૂર ભાગવાનો અર્થ એકાંત નથી. એકાંતનો અર્થ માત્ર એટલો જ છે કે અત્યાર સુધી તમે સંબંધો માટે વધારે ઊર્જા વાપરી. તેને સંબંધોથી મુક્ત કરો, આત્મલીન બનો. આવા એકાંતમાં જ શાંતિનો રસ સમાયેલો છે. શૂન્યતાની આ શાંતિનું રસપાન કરી મનુષ્ય નીડર બને છે. પછી જીવનમાં કોઈ પીડા નહિ કે કોઈ દુઃખ નહિ. જેણે આ ભાવદશાનો સ્વાદ ચાખ્યો તે જ ધર્મનો પ્રેમરસ પીને નિષ્પાપ બને છે. તેને જ ધર્મનો બોધ થાય છે. તે જ નિર્વાણની નિષ્પાપ ભાવદશાને પ્રાપ્ત થાય છે.

ભગવાન તેમણે કહેલી ધમ્મગાથાનો અર્થ સ્પષ્ટ કરતાં કહેવા લાગ્યા - ભિક્ષુઓ, તિષ્ય આ ધમ્મગાથાને તેના જીવનમાં સાર્થક કરી રહ્યો છે. જે મને ચાહે છે તેણે તિષ્ય જેવા થવું જોઈએ. આ જ તે સત્ય છે જે મેં કહ્યું હતું કે કરો. રડવાથી શું થશે ? તમે રડતાં રડતાં તો જિંદગી વિતાવી દીધી. ચર્ચા કરવાથી શું થશે ? ટોળેટોળાં બનાવી વિચાર કરવાથી અને વિષાદ કરવાથી શું થશે ? તમે મને તો રોકી શકશો નહિ. મારું જવાનું નક્કી છે. રડીરડીને તમે આ ક્ષણ પણ ગુમાવી દેશો. આંસુ કોઈ કામમાં નહિ આવે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

તિષ્ય સ્થવિરે ઠીક જ કર્યું છે. એણે મારા પ્રત્યેના પ્રેમને ધ્યાન બનાવી લીધું છે. તે મારી વાસ્તવિક પૂજા કરી રહ્યો છે. ભગવાને તેમની વાણીનો વેગ થોડીક પળો માટે મંદ કરી તિષ્ય તરફ કૃપાયુક્ત દૃષ્ટિથી નિહાળ્યું અને પૂર્વવત્ કહેવા લાગ્યા, ગંધમાળા વગેરેથી પૂજા કરનારાઓ મારું પૂજન કરતા નથી. એ સાચી પૂજા નથી. જે ધ્યાનનાં પુષ્પ રોજ મારાં ચરણોમાં અર્પણ કરે છે તે જ મારી પૂજા કરે છે. ધ્યાન જ મારા પ્રત્યેના પ્રેમની કસોટી છે. રડો નહિ, ધ્યાન કરો. મારી જૂની જીર્ણ વસ્તુઓના મોહમાં બંધાશો નહિ, ધ્યાન કરો.

આ સાથે જ ભગવાને ફરી એક ધમ્મગાથા કહી -

**ધીરચ્ચ પચ્ચચ્ચ બહુસ્સુતં ચ ઘોરય્હસીલં વતંવતમરિયં ।**
**ત તાદિસં સપ્પુરિસં સુમેધં ભજેથ ન કખત્તપથં ચ ચંદિમા ॥**

આ તિષ્યને જુઓ, તે ધીર છે, પ્રાજ્ઞ છે, બહુશ્રુત છે, શીલવાન છે, વ્રતસંપન્ન છે, આર્ય છે, બુદ્ધિશાળી છે. એનું અનુગમન કરો. રડશો નહિ. એની પાછળ જાઓ. એની પાસેથી શીખો. જે એને થયું છે તે જ તમે તમારામાં થવા દો.

મહાબુદ્ધનાં આ વચનો સાંભળી ભિક્ષુઓની ક્ષુબ્ધ અંતર્ચેતના શાંત થવા લાગી. તેમની ચિંતાઓમાંથી ચિંતનના સ્વરો ફૂટવા લાગ્યા. બધાએ જોયું, તિષ્ય સ્થવિરે શાંત ભાવે ઊઠીને ભગવાનને પ્રણામ કર્યા. તેને આશીર્વાદ આપતાં ભગવાન કહેવા લાગ્યા -

**કોલાહલથી કાળની નિદ્રા તૂટતી નથી**
**ધક્કા મારવાથી સમયનું બારણું ખૂલતું નથી.**
**ધ્યાનના વ્યૂહમાં જાવ**
**નીરવતા અને શાંતિ સિદ્ધ કરો.**
**ધ્યાનની ગહનતા અને એકાંત**
**શક્તિના અસલ સ્રોત છે**
**ભીડના કોલાહલથી બચો**
**લક્ષ્યને ધ્યાનના શરથી વીંધી નાંખો**

બુદ્ધની આ વાણીમાં બધા માટે પ્રબોધ હતો. બધા એના પર નિદિધ્યાસન કરતા તેમની કુટિરો તરફ જવા લાગ્યા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

'**સ્વ**ચ્છતા મનુષ્યજીવનનો સાર છે.' આથી હે ભિક્ષુઓ ! સ્વચ્છ રહો, ચોખ્ખા રહો. ભગવાન તથાગતે વર્ષો પહેલાં જેતવનમાં ભિક્ષુસંઘને આ ઉપદેશ આપ્યો હતો. અનેક ભિક્ષુઓએ તેમનાં આ વચનો એકસાથે સાંભળ્યાં, પરંતુ એકસાથે સાંભળ્યાં છતાં તે બધાની સમજવાની રીતો જુદીજુદી હતી. કોઈએ વિચાર્યું કે ભગવાને ક્યાંક ગંદકી જોઈ હશે, કોઈ ભિક્ષુના ચીવરને ગંદું જોઈ લીધું હશે, આથી એમણે સ્વચ્છતાની વાત સમજાવી છે. કોઈએ વિચાર્યું કે ભગવાન તેમના પ્રવચનમાં હંમેશાં કેટલીક સારી વાતો બતાવે છે. આ સૂત્ર પણ તેમના એ જ ક્રમનો એક ભાગ છે. ભિક્ષુઓમાં કેટલાક એવા પણ હતા જેમને તથાગતની વાણી સાંભળીને વિચાર કરવાની જરૂર ન લાગી. તેઓ પહેલાંની જેમ જ નિયમિત કાર્યોમાં લાગેલા રહ્યા.

પરંતુ બે ભિક્ષુ એવા હતા જેમનું સમગ્ર જીવન તેમના શાસ્તાની વાતો સાંભળીને સંપૂર્ણ રીતે બદલાઈ ગયું. જો કે એમનામાંથી એકનો ફરક બધાને દેખાયો. બીજાના ફેરફારથી બધા અજાણ રહ્યા. કોઈએ તેમના તરફ જરા પણ ધ્યાન આપવાનો પ્રયત્ન કર્યો નહિ. એટલું જ નહિ, તેઓ તેમના સાથીદાર ભિક્ષુઓ માટે પહેલાં કરતાં પણ અજાણ થતા ગયા. ધીરેધીરે ભિક્ષુસંઘના સભ્યો તેમનું નામ પણ ભૂલવા લાગ્યા. આથી વિપરીત પહેલા ભિક્ષુનું નામ બધા જાણવા લાગ્યા. ચારે તરફ તેમના નામની ચર્ચા થવા લાગી. ભિક્ષુ સમંજની બધાની ચર્ચાનો વિષય બની ગયા.

સ્વચ્છતા તેમની ધૂન બની ગઈ. તેમને સફાઈનું ગાંડપણ લાગી ગયું. તેમને ચોખ્ખા રહેવાની ધૂન સવાર થઈ. તેઓ ચોવીસે કલાક માત્ર સાવરણી લઈ ફરતા રહેતા. અહીં જાળું દેખાયું, ત્યાં કચરો દેખાયો, માત્ર સફાઈ જ સફાઈ. જો કોઈ રીતે તેમના હાથમાંથી સાવરણી છૂટી જાય તો કપડાં ધોવા કે નહાવા બેસી જતા. બીજા ભિક્ષુઓ તેમની આ ટેવ પર હસતા અને તેમની મજાક ઉડાવતા, પરંતુ સમંજની પર તેમની કોઈ વાતની અસર થતી ન હતી. તેઓ હંમેશાં માત્ર પોતાની ધૂનમાં જ રહેતા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંઘના અન્ય ભિક્ષુઓએ તેમનું નામ ભદંત સાવરણી સ્થવિર પાડી દીધું. તેમના માટે બધાએ અનેક કટુ કહેવતો, વ્યંગ તથા ઉપહાસ ભરેલી શબ્દાવલી રચી નાખી, પરંતુ સમંજની આ બધાથી અજાણ રહ્યા. તેમના પર ભિક્ષુઓની વ્યંગ ઉક્તિઓની કોઈ પણ અસર ન થતી જોઈ તેમણે એક નવી રીત શોધી કાઢી. હવે તેઓ એમની પાસેથી તેમના ઓરડા તથા વસ્ત્રોની સફાઈ કરાવવા લાગ્યા. આખો દિવસ બધા તેમને વ્યંગપૂર્વક પોકારતા અને કહેતા, અરે ભદંત સાવરણી સ્થવિર ! જરા મારા ઓરડાની સફાઈ કરી દેજો અથવા તો મારાં ચીવર ધોઈ નાખો. સમંજની ખૂબ નિર્વિકાર ભાવે તેમના સાથીઓના કામ કરી નાખતા. કોઈના પણ કટુ વ્યવહાર પર તેમને કોઈ પણ ક્ષોભ કે રોષ ન હતો.

તેમની આ દિનચર્યા સાથે જીવતાં તેમને દસ વર્ષ વીતી ગયાં. હાથમાં સાવરણી અને મનમાં સફાઈની ધૂન, બસ એ જ એમના જીવનનો પર્યાય બની ગયા. બધાની નજરોમાં ઉપેક્ષિત અને ભુલાતા જતા ભિક્ષુ રેવત પણ પાછલાં દસ વર્ષોથી તેમની ધૂનમાં લાગ્યા હતા. તેમનું ધ્યેય પણ સફાઈ જ હતું, પરંતુ તે બાહ્ય નહિ પણ આંતરિક હતું. જ્યારથી ભગવાન બુદ્ધે સ્વચ્છતાને મનુષ્યજીવનનો સાર કહી હતી ત્યારથી જ તેઓ એમાં લાગી ગયા હતા. તેમના જીવનની દરેક પળ મન - અંતઃકરણને નિર્મળ તથા નિર્વિકાર બનાવવા માટે સમર્પિત થઈ ગઈ હતી. આ દસ વર્ષોમાં તેમની ઈન્દ્રિયો જ નહિ, ચિત્તવૃત્તિઓ પણ નિર્મળ થઈ ગઈ હતી. તેઓ ભગવાનનાં વચનોની સાર્થકતાથી અવગત થતા ગયા હતા. સ્વચ્છતાની શુભ્ર જ્યોતિ તેમના મુખ પર પ્રકાશમાન થવા લાગી હતી. એક અવર્ણનીય આભાથી તેમનો ચહેરો તેજોમય બનવા લાગ્યો હતો.

એક દિવસ ભિક્ષુ રેવત જ્યારે ધ્યાનમાંથી ઊઠીને ભગવાનને પ્રણામ કરવા જઈ રહ્યા હતા ત્યારે એમણે સમંજનીને હાથમાં સાવરણી લઈ સફાઈ કરતા જોયા. સાથે જ એ કડવી ઉક્તિઓ અને વ્યંગ શબ્દો પણ સાંભળ્યા, જે ભિક્ષુગણ તેમના માટે કહી રહ્યા હતા. રેવતના મનમાં સમંજની પ્રત્યે અપાર કરુણા ફૂટી પડી. તેઓ વિચારવા લાગ્યા કે સમંજનીની પ્રજ્ઞા ભલે અત્યારે વિકસિત ન થઈ હોય, પરંતુ તેની નિષ્ઠા અવિચળ છે. તેથી જ એ કોઈના વ્યંગ કે કટૂક્તિની પરવા કર્યા વિના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શાસ્તાનાં વચનોનું અક્ષરસઃ પાલન કરી રહ્યો છે. જો આને ભગવાનનાં વચનોનો મર્મ સમજાઈ જાય તો આનું સંપૂર્ણ જીવન જ બદલાઈ જશે.

આ વિચાર કરીને હાથમાં સાવરણી લીધેલા સમંજની પાસે જઈ રેવત ઊભા રહી ગયા અને ખૂબ કોમળ શબ્દોમાં કહેવા લાગ્યા, આપુસ, ભિક્ષુએ હંમેશાં બહારની જ સફાઈ કરવી બરાબર નથી. બહારની સફાઈ તો સવારે અને સાંજે કરી લેવાય એ ઠીક છે, પરંતુ ચોવીસે કલાક એ જ કામ. આ સાવરણીની સફાઈ દ્વારા તમે નિર્વાણ પ્રાપ્ત કરી નહિ શકો. થોડું ધ્યાન પણ કરો, થોડી અંદરની સફાઈ પણ કરો. અંદરની સફાઈ માટે પણ સાવરણી હાથમાં લો. ક્યારેક ધ્યાન પણ કરો. ક્યારેક થોડો સમય શાંત પણ બેસો, ક્યારેક વિશ્રામ માટે પોતાના અંતઃકરણમાં પણ જતા રહો. અરે ક્યારેક પોતાની અંદર પણ જુઓ. અંદરની સફાઈ જ સાચી સફાઈ છે. એ ક્યારે કરશો ? કે પછી આખું જીવન આમ જ વિતાવી નાંખવું છે.

રેવતની વાતો હૃદયમાંથી નીકળી હતી. હૃદયમાંથી નીકળેલી વાતો હૃદયને ચોટ આપે છે. આજે દસ વર્ષ પછી સમંજનીના હૃદયમાં ચોટ વાગી. તેને બોધ થયો, તે હોશમાં આવ્યો. આટલાં વર્ષો પછી તેને પણ એ શું કરતો રહ્યો તે હાસ્યાસ્પદ લાગ્યું. અચાનક જાણે ઊંઘમાંથી જાગી ગયો. જાણે ઘોર તન્દ્રાવસ્થામાંથી તે બહાર આવ્યો. બહારની નહિ પણ જાણે અંદરની આંખો અચાનક ખૂલી ગઈ. જાણે કોઈ રાતે સૂતેલો સવારે જાગે અને બધાં સપનાં ખોવાઈ જાય.

બીજા દિવસે તેમને વાળતાં ન જોઈ અન્ય ભિક્ષુઓને આશ્ચર્ય થયું. કોઈને સમજાતું ન હતું કે સમંજની વાળતા કેમ નથી. થોડો સમય બધાએ કારણ જાણવાનો પ્રયત્ન કર્યો, પરંતુ વધારે સમય સુધી તેઓ ચૂપ રહી ન શક્યા. તે બધા એમની પાસે પહોંચી ગયા અને કહેવા લાગ્યા, સમંજની સ્થવિર, આજે આપના હાથમાંની સાવરણી ક્યાં ગઈ ? અચાનક આપના સ્વભાવમાં આ પરિવર્તન કેવી રીતે ? આપ ભાનમાં તો છો, આપની તબિયત તો ઠીક છે ને ? ક્યાંક આપ બીમાર તો થયા નથી ને ? જુઓ આપના આ રીતે બેસી રહેવાના કારણે ઘણા સ્થળે કેટલો કચરો ભેગો થઈ ગયો છે, કરોળિયાનાં કેટલાં જાળાં બાઝી ગયાં છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભિક્ષુઓના આ વ્યંગ વચનો પર સમંજની ખડખડાટ હસી પડ્યા અને કહ્યું ભન્તે, સૂતી વખતે હું તેવું કરતો હતો, પરંતુ હવે હું જાગી ગયો છું. મારો પ્રમાદ દૂર થયો છે, મારામાં હવે અપ્રમાદનો ઉદય થયો છે. મને એ વાત સમજાઈ ગઈ છે કે બહારની સફાઈ સવાર-સાંજ કરીએ એટલું પૂરતું છે. બાકીનો સમય અંદરની સફાઈ કરવા માટે છે. આમ કહી સમંજની ફરી ધ્યાનમાં લીન થઈ ગયા.

આશ્ચર્યચકિત ભિક્ષુઓએ આ વાત ભગવાન બુદ્ધને જણાવી. બુદ્ધ સ્મિત કરતા કહેવા લાગ્યા - હા ભિક્ષુઓ, પહેલાં મારો એ પુત્ર પ્રમાદના સમયે તેમ કરતો હતો, પરંતુ હવે તે જાગી ગયો છે. આ રીતે ભિક્ષુઓને સમજાવતાં ભગવાને આ ધમ્મગાથા કહી -

**પો ચ પુબ્બે પમજ્જિત્વા પચ્છા સો નપ્પમજ્જતિ ।**
**સો ' મં લોકં પમાસેતિ અષ્ભામુત્તો વ ચંદિમા ।।**

'જે પહેલાં પ્રમાદ કરી પછી કરતો નથી તે મેઘથી મુક્ત ચંદ્રની જેમ આ લોકને પ્રકાશિત કરે છે.'

ભગવાનની આ ધમ્મગાથાનો મર્મ ભિક્ષુઓને થોડા વખતમાં જ સમંજનીના જીવનમાં સ્પષ્ટ થવા લાગ્યો. પોતાના આંતરિક જીવનની સફાઈમાં જોડાયેલ સમંજનીની નિર્મળ ચેતના સાચે જ વાદળાંથી મુક્ત ચંદ્રની જેમ સમગ્ર ભિક્ષુ સંઘને પ્રકાશિત કરવા લાગી હતી.

❁



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**સૌ**એ ચોંકીને સારિપુત્રા તરફ જોયું. ભગવાન તથાગતની ગેરહાજરીમાં એમણે જ ભિક્ષુસંઘને એ સમાચાર સંભળાવ્યા હતા કે ભિક્ષુ અંગુલિમાલ હવે રહ્યા નથી. સાંભળીને પ્રથમ તો કોઈને વિશ્વાસ જ ન થયો. કોઈ અચાનક વિચારી ન શક્યું કે ખતરનાક ડાકુ અંગુલિમાલ આ રીતે પણ મરી શકે છે, પરંતુ સત્યવક્તા અને સત્યદ્રષ્ટા સારિપુત્રની વાત પર અવિશ્વાસનું કોઈ કારણ પણ ન હતું. ધીરેધીરે થોડીક ક્ષણોમાં ભિક્ષુઓને વિશ્વાસ થયો અને એમનામાંથી ઘણાએ રાહતનો નિઃશ્વાસ નાખ્યો. કેમ કે ભિક્ષુસંઘમાં અંગુલિમાલ સામેલ હોવાથી તેઓ પોતાને અસુરક્ષિત અનુભવતા હતા. તેમને લાગતું હતું કે હત્યારો અંગુલિમાલ કોણ જાણે ક્યારે તેની ટેવ મુજબ કશું કરી બેસે. પરંતુ ભગવાન તથાગતના ભયથી તેઓ કશું કહી શકતા ન હતા. આજે જ્યારે એમણે તેના મરવાની ખબર સાંભળી ત્યારે એ બધાએ રાહતનો શ્વાસ લીધો.

ભિક્ષુસંઘના કેટલાક નવા સભ્યોએ સારિપુત્રને આગ્રહ કર્યો કે તેઓ એમને અંગુલિમાલના ભિક્ષુ બનવાની ગાથા સંભળાવે. તેમની એ જિજ્ઞાસા સ્વાભાવિક હતી કે આટલો મોટો હત્યારો અચાનક ભિક્ષુ કેવી રીતે બની ગયો. સારિપુત્રએ બધાના મનોભાવોને સમજતાં કહ્યું - હા, અંગુલિમાલ હત્યારો હતો. એણે શપથ લીધા હતા કે એક હજાર લોકોને મારીને તેમની આંગળીઓની માળા પહેરીશ, તેથી સામાન્ય જનતાએ તેને અંગુલિમાલ કહેવાનું શરૂ કરી દીધું. જે વખતે ભગવાન તથાગત તેને મળ્યા ત્યાં સુધી તે નવસો નવ્વાણું લોકોને મારી ચૂક્યો હતો અને હજારમાની પ્રતીક્ષા કરી રહ્યો હતો. તેની આ અદ્ભુત પ્રતિજ્ઞાની ચર્ચા ચારે તરફ થતી. જે ગીચ વનમાં અંગુલિમાલ રહેતો હતો તે તરફ લોકોએ જવાનું બંધ કરી દીધું હતું. એટલું જ નહિ, તેની મા પણ તે તરફ જતાં ગભરાતી હતી. કેમ કે તેને ખબર હતી કે તેનો પુત્ર પોતાની માને મારીને પણ તેની પ્રતિજ્ઞા પૂરી કરશે.

તે સમયે ભગવાન કોસલ દેશના એ ભયાનક જંગલ પાસે જ રોકાયા હતા. કોસલનરેશ પ્રસેનજિતના અતિ આગ્રહ અને વિનંતી છતાં એમણે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રાજમહેલ કે રાજબગીચામાં રહેવાનો ઈનકાર કર્યો. મહારાજ પ્રસેનજિત સહિત એમણે સામાન્ય જનતાની વિનંતીને પણ ઠુકરાવી દીધી. એટલું જ નહિ, એક દિવસ સવારે ભગવાન એ ભયાનક જંગલ તરફ જતા રસ્તે ચાલવા લાગ્યા. જેણે પણ એમને જતા જોયા તેણે ચીસ પાડીને કહ્યું, 'આપ એ તરફ ન જશો ભંતે ! એ માણસ ખૂબ જ ખતરનાક છે. એ જરાય વિચાર નહિ કરે કે આપ કોણ છો, તેને તો બસ કોઈ પણ રીતે એક માણસને મારી એક હજાર વ્યક્તિ મારવાની પ્રતિજ્ઞા પૂરી કરવાની છે. જરા વિચાર કરો, જે તરફ જતાં મહારાજ પ્રસેનજિત અને તેમની ફોજ ગભરાય છે, તે તરફ ભલા આપ શા માટે જઈ રહ્યા છો.'

ભગવાને સ્મિત સાથે કહ્યું, મને બધી ખબર છે. તેથી જ તો હું એ તરફ જઈ રહ્યો છું, જેથી એ બિચારાની લાંબી પ્રતીક્ષાનો અંત આવી જાય. એમ કહી તથાગત એ ભયાનક જંગલમાં દાખલ થઈ ગયા. તેમના પગ નીચે જંગલમાં પડેલાં સૂકાં પાંદડાંનો અવાજ થતો હતો. કોઈ આવતો હોય તેમ લાગતાં અંગુલિમાલે તેની ફરશીને ધાર કાઢવાનું શરૂ કરી દીધું. જો કે આશ્ચર્ય તો તેને પણ થઈ રહ્યું હતું, કેમ કે વર્ષોથી એ તરફ કોઈ આવ્યું જ ન હતું. અને આજે અચાનક.... છેવટે એ કોણ નાસમજ છે જે ચારે દિશાઓમાં ફેલાયેલ તેની પ્રતિજ્ઞાની ખબર જાણવા છતાં આ તરફ મરવા માટે આવી રહ્યો છે. એણે ઊભા થઈને જરા ધ્યાનથી જોયું, ભગવાં વસ્ત્ર, હાથમાં કમંડળ, તો બિચારો કોઈ સંન્યાસી છે. આજે એ કામથી ગયો. લાગે છે કે લોકોએ તેને કશું બતાવ્યું નથી.

પરંતુ કોણ જાણે કેમ, જેમજેમ ભગવાન તેની સમીપ આવતા ગયા તેમતેમ તેના અંતઃકરણના ભાવ બદલાવા લાગ્યા. એમાં દયાના અંકુર ફૂટવા લાગ્યા. પોતાના આ અચાનક ભાવ પરિવર્તન પર તેને ભારે આશ્ચર્ય થયું. મનમાં ને મનમાં એણે વિચાર્યું, અરે અંગુલિમાલ આ અચાનક તને શું થઈ રહ્યું છે ? તું તો પોતાની સગી માને પણ કાપવા માટે તત્પર હતો. આની સાથે તારો કોઈ સંબંધ પણ નથી, પરંતુ કંઈક ઘટી રહ્યું હતું. બુદ્ધત્વના તરંગો, ભગવાન તથાગતની શાંતિ અને સુગંધથી તે ઘેરાવા લાગ્યો હતો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શાસ્તા જ્યારે નજીક આવી ગયા ત્યારે તેણે મોટેથી કહ્યું, અરે પાગલ સંન્યાસી, તું ક્યાં આવી રહ્યો છે. જોતો નથી મારા ગળામાં આ આંગળીઓની માળા પડી છે. મારી આ ચમકદાર ફરશી તને દેખાતી નથી ? અરે નાસમજ હું અંગુલિમાલ છું. મારી પ્રતિજ્ઞાની વાત તેં સાંભળી નથી. હું નવસો નવ્વાણુંને મારી ચૂક્યો છું. એકને મારવાનું બાકી છે. શા માટે તું પોતાની જાનનો દુશ્મન બની ગયો છે. ભાગી જા મૂરખ. હું તને કોણ જાણે કેમ એક મોકો આપી રહ્યો છું. અત્યારે પણ તારી પાસે સમય છે, તું આગળ વધવાનું છોડીને પાછો જતો રહે.

ભગવાન હસ્યા. તેમના હાસ્યથી જંગલમાં એક અપૂર્વ મધુરિમા છવાઈ ગઈ. તેમણે કહ્યું, અરે પાગલ, તને એટલી પણ ખબર નથી કે વર્ષોથી મેં ચાલવાનું બંધ કરી દીધું છે. જ્યારથી મારું મન રોકાઈ ગયું છે ત્યારથી મારી જિંદગીની બધી ભાગદોડ બંધ થઈ ગઈ છે. હું તો સ્થિર છું, હવે તું સ્થિર થઈ જા. ભગવાનનાં આ બોધપૂર્ણ વચનો અંગુલિમાલ સમજી ન શક્યો. એણે હેરાન થતાં વિચાર્યું કે આ માણસ અવશ્ય પાગલ છે, જે ચાલે છે છતાં કહે છે કે તે સ્થિર છે. જ્યારે હું અહીં સ્થિર બેઠો ફરશીને ધાર કાઢી રહ્યો છું, તો મને કહે છે કે તું રોકાઈ જા. અંગુલિમાલે તેના વિચારોની કડીઓને જોડતાં મનમાં જ કહ્યું, આ માણસ ગમે તેવો પાગલ કેમ ન હોય, પરંતુ એનામાં એક દૈવી આભા અવશ્ય છે.

તે વધુ વિચારી શકે તે પહેલાં જ ભગવાન બુદ્ધ તેની એકદમ સમીપ પહોંચી ગયા. અત્યાર સુધી કોઈએ તેની આટલા નજીક જવાની હિંમત કરી ન હતી. આ વિચિત્ર માણસની હિંમતથી તે થોડો ગભરાઈ ગયો. પોતાને સંતુલિત કરતાં તેણે કહ્યું, તમે ખૂબ હઠીલા છો. મને શંકા થઈ રહી છે કે ક્યાંક તમે ગૌતમ બુદ્ધ તો નથી. કેમ કે જે લોકોની મેં હત્યાઓ કરી છે એમાંથી ઘણાએ મને કહ્યું હતું કે તમને તો માત્ર ગૌતમ બુદ્ધ જ બદલી શકે છે. પરંતુ તમે એ સારી રીતે જાણી લો કે હું પણ ખૂબ હઠીલો છું. મારું નામ પણ અંગુલિમાલ છે. એ સારી રીતે જાણી લો કે આજે તમારો છેલ્લો દિવસ છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભગવાન સમ્યક્ સંબુદ્ધ તેની આ વાતો પર હસ્યા અને કહ્યું, તું આરામથી તારી ફરશીની ધાર કાઢી લે. ત્યાં સુધી હું અહીં જ બેઠો છું. આમ કહેતાં તેઓ એક પથ્થર પર બેસી ગયા. અંગુલિમાલ તેની ફરશીને ધાર કાઢવા લાગ્યો. પરંતુ કોણ જાણે કેમ આજે તેના હૃદયમાં પ્રેમનો જુવાળ ઊભરાઈ રહ્યો હતો. તેના અસ્તિત્વમાંથી કરુણાના તરંગો ફૂટવા લાગ્યા હતા. તેના અંતઃકરણમાં દયાનું અંકુરણ થવા લાગ્યું હતું. પોતાની ભાવદશા પર તે ખૂબ હેરાન હતો, પરંતુ તેણે પોતાની હેરાની છુપાવતાં કહ્યું, તમે કેવા માણસ છો, છેવટે તમે મરવા માટે આટલા તત્પર કેમ છો. તમે છેવટે આત્મહત્યા કરવાનું કેમ વિચાર્યું છે.

તેની બધી વાતોના પ્રત્યુત્તરમાં ભગવાનના મુખ પર ખૂબ જ નિર્વિકાર શાંતિ હતી. તેમના હોઠો પર એક સૌમ્ય સ્મિત હતું. આટલા સમયમાં અંગુલિમાલનું ધાર કાઢવાનું કામ પણ પૂરું થઈ ગયું. તેણે કહ્યું, અરે એકવાર ફરી વિચારી લે, હું હજી પણ તને જીવન આપી શકું છું. ભગવાને તેના આ કથનના ઉત્તરમાં ખૂબ કરુણાભર્યા સ્વરમાં કહ્યું, એ જ તો હું તને શીખવાડવા આવ્યો છું પુત્ર ! મારવામાં નથી કોઈ કલા, નથી પુરુષાર્થ. આ તો કોઈ પણ કરી શકે છે વત્સ. અસલ કલા તો જીવન આપવામાં અને જીવવામાં છે. ખબર નહિ મહાકરુણાવાન બુદ્ધનાં એ વચનોમાં શું હતું. અંગુલિમાલ ફરશી ફેંકીને તેમનાં ચરણોમાં ઢળી પડ્યો. તે ડાકુમાંથી ભિક્ષુ બની ગયો.

અને આજે જ્યારે તે ગામમાં ભિક્ષા માગવા ગયો ત્યારે ગામના લોકોએ બારણાં બંધ કરી દીધાં. લોકો તેમના ઘરની છતો પર પથ્થર એકઠા કરીને ચઢી ગયા અને જ્યારે તે સડકની વચ્ચે હતો ત્યારે લોકો તેને પથ્થર ફેંકીને મારવા લાગ્યા. એ શાંત ભિક્ષુ સડક પર ઊભો રહ્યો, તેના દેહ પર લોકોના પથ્થર પડતા રહ્યા. તેના દેહના પ્રત્યેક અંગમાંથી લોહીની ધારાઓ વહેતી રહી. તેના હોઠોમાંથી એ મંત્રધ્વનિ નીકળતો રહ્યો, 'બુદ્ધં શરણં ગચ્છામિ, સંઘં શરણં ગચ્છામિ, ધમ્મં શરણં ગચ્છામિ.' આ મહામંત્રોનું ગાન કરતો તે ધરતી પર ઢળી પડ્યો.

ખબર મળતાં જ સ્વયં શાસ્તા તેની પાસે ગયા. તેના જીવનની છેલ્લી ક્ષણો હતી. ભગવાને તેનું માથું પોતાની ગોદમાં લઈને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પૂછયું, પુત્ર ! તારા મનમાં આ સમયે ક્યા ભાવ છે. તેણે અશ્રુભરી આંખે કહ્યું, ભગવન્ ! આપનો જ શિષ્ય છું. આપની જ વાત માની હું રોકાઈ ગયો છું. હવે રોકાઈ ગયેલાના ક્યા ભાવ, પ્રભુ ! મારું મન તો જાણે રહ્યું જ નથી ભગવાન. એ તો જોતું રહ્યું એક સાક્ષીની જેમ.આ જ તો આપે સમજાવ્યું હતું, પુત્ર ! તું જોનાર દ્રષ્ટા છે, તું સાક્ષી છે. જેવું આપે બતાવ્યું અને સમજાવ્યું તેવો જ હું થઈ ગયો. મારા મન અંતઃકરણમાં કોઈ પ્રત્યે કોઈ રાગદ્વેષ નથી. મારા આરાધ્ય ! આપ સર્વાન્તરયામી છો. આપ જ બતાવો કે હું આપનો શિષ્ય અને અનુરક્ત ભક્ત બની શક્યો કે નહિ.

અંગુલિમાલનાં આ ભક્તિપૂર્ણ વચનો સાંભળીને ભગવાનની આંખો ભીની થઈ ગઈ. એમણે ભારે હૃદયે કહ્યું,'પુત્ર ! તું બ્રાહ્મણ બનીને દેહત્યાગ કરી રહ્યો છે. તને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે. તું અર્હત થઈ ગયો પુત્ર ! તું અરિહંત બની ગયો.' ભગવાનનાં આ વચનો સાંભળી અંગુલિમાલે તેમની જ ગોદમાં માથું રાખી દેહત્યાગ કરી દીધો.

સારિપુત્ર ભિક્ષુઓને આ કથા સંભળાવી રહ્યા હતા તે જ વખતે બુદ્ધ ધીમા પગલે ચાલતાં ત્યાં આવી પહોંચ્યા. બધા ભિક્ષુઓએ તેમને પ્રણામ કર્યા. પ્રણામ કર્યા પછી કેટલાક ભિક્ષુઓએ પૂછયું, ભન્તે ! ભિક્ષુ અંગુલિમાલ મરી ગયા પછી ક્યાં જન્મ લેશે ? ભિક્ષુઓની આ જિજ્ઞાસાના ઉત્તરમાં ભગવાને ખૂબ ધીમા સ્વરે કહ્યું - ભિક્ષુઓ ! મારો એ પુત્ર પરિનિવૃત્ત થઈને પરિનિર્વાણને પ્રાપ્ત થઈ ગયો છે. તેની ચેતના જન્મમરણથી પાર થઈ ગઈ છે. હવે તેનું પુનરાગમન નહિ થાય.

આશ્ચર્યચકિત ભિક્ષુઓએ પૂછયું, આટલા લોકોની હત્યા કર્યા પછી પણ ?

હા ભિક્ષુઓ, ભગવાને કહ્યું, તેણે સૂતાં ઘણાં પાપ કર્યા, પરંતુ જાગ્યા પછી પોતાનાં પુણ્યોથી એ ધોઈ નાંખ્યાં. પછી એણે શૂન્ય ભાવમાં નિમગ્ન થઈ નિર્વાણ પ્રાપ્ત કરી લીધું. આમ કહેતાં ભગવાને આ ગાથા કહી -



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**યસ્ય પાપં કતં કમ્મં કુલસેન પિથીયતી ।**
**સો' મં લોકં પભાસેતિ અબ્મા મુત્તો વ ચંદિમા ॥**

' જેનું કરેલું પાપ તે પછી કરેલા પુણ્ય વડે ઢંકાઈ જાય છે તે વાદળાંથી મુક્ત ચંદ્રની જેમ આ લોકને પ્રકાશિત કરે છે.'

તથાગતનાં આ વચનો સાંભળી ભિક્ષુઓ કહેવા લાગ્યા - ભંતે ! હજી તેને ભિક્ષુ થયે વધારે દિવસો પણ વીત્યા નથી, પછી એણે આટલાં પુણ્ય ક્યારે કરી નાંખ્યાં. બુદ્ધે એક હળવું સ્મિત કરતાં કહ્યું,નાનકડું પુણ્ય પણ જો સાક્ષીભાવની સમગ્રતાથી કરવામાં આવે તો બધાં પાપોને ભસ્મ કરી નાંખે છે. અંગુલિમાલને ભિક્ષુ થયે વધારે દિવસો પણ થયા નથી અને તે વધારે દિવસ જીવ્યો પણ નથી, પરંતુ જે સમયે તેને બધા પથ્થર મારી રહ્યા હતા તે વખતે તે બધા રાગદ્વેષથી મુક્ત સાક્ષીભાવમાં સ્થિત હતો.આ મહાપુણ્યથી જ તેને નિર્વાણ મળી ગયું. 'ભિક્ષુઓ ! કર્તા થવું એ જ મહાપાપ છે અને સાક્ષી થવું એ જ મહાપુણ્ય છે.' બુદ્ધનાં આ અપૂર્વ વચનો સાંભળી ભિક્ષુઓ તેના પર નિદિધ્યાસન કરવા લાગ્યા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**પં**ચશાલ ગામનાં લોકો આશ્ચર્ય સાથે ઉત્સાહિત હતાં. પહેલાં તો જ્યારે એમણે ભગવાન તથાગતના આવવાની વાત સાંભળી તો તેમને ભરોસો ન પડ્યો. ભલા, ભગવાન આ નાનકડા પંચશાલ ગામમાં ! શ્રાવસ્તી, મગધ, કોશલ, કોશાંબી આદિ રાજ્યોના નરેશો જેમને અછોવાનાં કરે છે, જેમનાં એક દર્શન માટે સંપૂર્ણ ભારતભૂમિના શ્રેષ્ઠીઓ પોતાનો ધનભંડાર લુંટાવવા તૈયાર રહે છે, એ જ ભગવાન આ સાધનાવિહીન ગામમાં આવી રહ્યા છે. આ સમાચારે જાણે અચાનક ગામજનોને ભાગ્યશાળી બનાવી દીધાં. ગામમાં મુખી સહિત આબાલવૃદ્ધ, યુવકયુવતી તમામ ભગવાનનાં સ્વાગતની તૈયારીમાં લાગી ગયાં.

જોતજોતામાં ગામનો કાયાકલ્પ થઈ ગયો. આમ્રપલ્લવ, આમ્રમંજરી, કદલીસ્થંભ અને રંગબેરંગી પુષ્પમાળાઓની સજાવટે દરેક રીતે પંચશાલ ગામને અનોખું બનાવી દીધું. ગામની સમસ્ત પ્રાકૃતિક સમૃદ્ધિ ભગવાન તથાગતના સ્વાગત માટે ઊમટી હતી. કન્યાઓનાં મંગલગાનથી ગ્રામ માર્ગો ગુંજવા લાગ્યા. તમામ ગ્રામજનો પોતાની હૃદય ભાવનાઓનો અર્ઘ્ય ભગવાનનાં શ્રીચરણોમાં ચઢાવવા ઉત્સુક હતાં. આ ભોળા ગ્રામીણોની ભાવ સંવેદના ભગવાન અનુભવી રહ્યા હતા. તેઓ નિયત સમયે આનંદ, તિષ્ય સ્થવિર, મૌદ્ગલાયન, સેવત, રેવત આદિ ભિક્ષુઓ સાથે ગામમાં પધાર્યા. ગ્રામજનો સ્થળે સ્થળે પ્રભુનું સ્વાગત કરતાં તેમને મંચ પર લઈ ગયાં, જે તેમણે ખાસ કરીને તથાગત માટે બનાવ્યો હતો.

પલ્લવો અને પુષ્પોથી સજ્જિત મંચ પર બિરાજમાન થઈ તથાગતે ગ્રામીણજનો પર પોતાની કૃપાની અમૃતવર્ષા કરતાં મધુર ઉદ્‌બોધન કર્યું. આ ઉદ્‌બોધનમાં દિશાબોધ હતો. ઉદ્‌બોધન પછી આનંદે ગ્રામજનોને કહ્યું, આપ લોકોમાંથી જેઓ ભગવાનને વ્યક્તિગત રીતે મળવા ઈચ્છતા હોય તેઓ એક પછી એક આવી જાય. આ કથન સાંભળીને ઉત્સુક ગ્રામીણજનો કતારબદ્ધ થઈ મંચ તરફ આગળ વધ્યાં. ભગવાન બુદ્ધે એમાંના દરેક જણને કુશળ મંગળ પૂછયા. ખેતીવાડી અને પરિજનોના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમાચાર જાણ્યા. જીવનના પ્રકાશપૂર્ણ પથ પર ચાલવાની પ્રેરણા આપી. બુદ્ધના આશીર્વાદ મેળવીને સૌના ચહેરા ફૂલની જેમ ખીલી ઊઠ્યા.

મિલનના આ દોરમાં સૌથી છેલ્લે એક કન્યા આગળ વધી. તે વણકરની દીકરી હતી. અઢાર વર્ષની ઉંમરમાં જ તેની વિચારશીલતા સૌને ચકિત કરી દેતી હતી. તેની બુદ્ધિમત્તાથી સમવયસ્ક જ નહિ, ગામના વડીલો પણ હેરત પામી જતા. બુદ્ધની પાસે પહોંચીને તેણે ખૂબ અહોભાવ અને ઉલ્લાસથી એમનાં ચરણે માથું મૂક્યું. તેને જોઈને તથાગત મલકાયા. એમનો આ મલકાટ ખૂબ રહસ્યમય હતો. એમાં જ્ઞાન અને પ્રેમનું અનોખું સમ્મિશ્રણ હતું. પોતાના અલૌકિક મલકાટ સાથે એમણે તેને પૂછ્યું, "બેટા, ક્યાંથી આવે છે ? ""ભંતે ! જાણતી નથી." તેણે ઉત્તર આપ્યો. બુદ્ધે એક વધુ સવાલ પૂછ્યો, "બેટા, ક્યાં જઈશ ?" "ભંતે ! જાણતી નથી." એણે ફરી પોતાનો જવાબ દોહરાવ્યો. "નથી જાણતી ?" બુદ્ધે પૂછ્યું. તે બોલી, "ભંતે જાણું છું." "જાણે છે ?" બુદ્ધે પૂછ્યું. તે બોલી, "શું ભગવાન ! જરાય જાણતી નથી."

આવી અટપટી વાતો સાંભળીને ગામના વડીલો તેના પર ખૂબ ગુસ્સે થયા. કેટલાક લોકો કહેવા લાગ્યા, આ ચારુલતા આમ તો ખૂબ વિચારપૂર્ણ અને બૌદ્ધિક વાતો કરે છે. પણ આજ કેમ આવી ઊલટીસીધી વાતો કરવા લાગી છે ? ભલા, આ તે કાંઈ રીત છે ભગવાન સાથે વાત કરવાની ? આ કોઈ શિષ્ટાચાર છે ? વડીલોએ તેને ધમકાવતાં કહ્યું, "ચારુ, આ તું કેવી વાતો કરી રહી છે ? તું ભાનમાં તો છે ને ? ખબર છે તને, તું કોની સાથે વાત કરી રહી છે ?"

ધમકાવનાર આ વડીલોને ટોકતાં ભગવાને કહ્યું, "એને ધમકાવતાં પહેલાં આપ સૌ તેની વાત સાંભળો, એ જે કહી રહી છે તે સાંભળો." પછી તે કન્યા સામે જોતાં તેઓ બોલ્યા, "બેટા, ચારુ, તું એમને સમજાવ કે તેં શું કહ્યું ?"

કન્યાએ કહ્યું, "વણકરના ઘરેથી આવી રહી છું. ભગવાન એ તો આપ જાણો જ છો. આ સત્યથી અમારા ગામના લોકો પણ જાણકાર છે, પરંતુ મારો જીવાત્મા ક્યાંથી આવી રહ્યો છે ? મારું આ જીવન ક્યાં કર્મોના પરિણામ રૂપે મને મળ્યું છે ? એ હું પણ જાણતી નથી. હું અહીંથી ફરી વણકરના ઘરે જઈશ એ હું પણ જાણું છું અને આપ પણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાણો છો. ગામના લોકો પણ એ સારી રીતે જાણે છે, પરંતુ આ જીવનના અંતે જ્યારે મૃત્યુ થશે ત્યારે હું ક્યા જઈશ તેની મને કાંઈ ખબર નથી. એટલા માટે મેં હમણાં આપને કહ્યું, જાણતી નથી."

"શરૂઆતમાં જ્યારે આપે મને પૂછ્યું કે ક્યાંથી આવી રહી છે. વણકરના ઘરેથી ? તો મેં કહ્યું, જાણું છું. જ્યારે આપે પૂછ્યું, ક્યાં જઈ રહી છે ? મેં વિચાર્યું કે પૂછે છે કે ફરી ક્યાં જઈશ, વણકરના ઘરે ? તો મેં કહ્યું જાણું છું, પરંતુ મેં આપને મલકાતાં જોયા, આપની આંખોમાં જોયું તો મેં વિચાર્યું - નહિ - નહિ, ભગવાન સમ્યક્ સંબુદ્ધ આવા સાધારણ પ્રશ્ન શું કામ પૂછે ? તેઓ જરૂર મને પૂછવા માગે છે કે તું ક્યાં એટલે કે ક્યા લોકથી આવી રહી છે ? તારો જીવનસ્રોત ક્યો છે ? તો મેં કહ્યું, ભગવાન હું જાણતી નથી. પછી જ્યારે મેં વિચાર્યું કે આપ પૂછો છો કે ક્યાં જઈશ, તો એનું તાત્પર્ય એ છે કે મર્યા પછી ક્યાં જઈશ. તો મેં જવાબ આપ્યો, જાણતી નથી."

હળવા હાસ્ય સાથે બુદ્ધે કહ્યું. "તેં બરાબર વિચાર્યું, બેટા ! તું ખરેખર વિચારશીલ અને બુદ્ધિમતી છે. આ સાથે એમણે તમામ ગામવાસીઓને સંભળાવતાં આ ગાથા કહી -

**અધં ભૂતો અયં લોકો તનુકેત્થ વિપસ્સતિ ।**
**સકુંતો જાલભુત્તો વ અપ્પો સગ્ગાય ગચ્છતિ ॥**

"આ સમગ્ર લોક અંધ બન્યો છે. અહીં જોનાર કોઈક વિરલો છે. જાળથી મુક્ત થયેલ પક્ષીની જેમ વિરલા જ સ્વર્ગ મેળવે છે."

આ ગાથાને વધુ સ્પષ્ટ કરતાં તથાગતે કહ્યું, "બેટા, તારી પાસે આંખ છે, ધ્યાનની આંખ, વિવેકની આંખ. આ કારણે તું જોવામાં, સમજવામાં સમર્થ છે. આ લોકો પાસે આંખ નથી. આ કારણે તેઓ તારી વાત સમજી શક્યા નહિ. આંખવાળી વ્યક્તિ કહે છે કેટલું સુંદર મેઘધનુષ્ય ! પણ જેની આંખો નથી તેઓ તેને મૂર્ખ સમજે છે. આ બધાંની વચ્ચે તું એક જ જોવા માટે સક્ષમ છે. તારાં કર્મોની જાળમાંથી મુક્ત થઈને તું અવશ્ય તારા ગંતવ્યસ્થાને પહોંચીશ." ભગવાનની આ વાતો સાંભળીને અન્ય ગ્રામજનો પણ ધ્યાન માટે ઉત્સુક અને ઉત્સાહિત બન્યા, જેથી તેઓ પણ તથાગતના કૃપાપ્રસાદથી નેત્રવાન બની શકે.

❀



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**ભિક્ષુ** તિષ્યનાં મુખ ઉપર પ્રસન્નતા છલકાઈ ઊઠી. ક્યારેક તે પોતાના હાથોમાં પકડેલી મુલાયમ - કોમળ ચાદરને જોતો, તો ક્યારેક પોતાની બહેન સુવર્ણા તરફ. સુવર્ણાએ કેટલાય મહિનાની મહેનત પછી આ ચાદર તૈયાર કરી હતી. એમાં અનેક રંગોનો અનોખો મેળ હતો. એ ચાદર કલાત્મકતાનો અદ્‌ભુત સંગમ હતી. પોતાના એક હાથમાં ચાદર પકડી અને બીજા હાથથી વારંવાર તેને પંપાળતા તિષ્યને વર્ષા-વાસના(ચાતુર્માસ) મહિનાઓ યાદ આવ્યા. ભિક્ષુ સંઘના નિયમો અનુસાર ભિક્ષુઓને વર્ષાનાં ત્રણ-ચાર મહિના એક જ સ્થાને રહીને સાધના કરવાની હોય છે. વર્ષા-વાસ પછી ભિક્ષુ જ્યારે પોતાની પ્રવ્રજ્યા માટે પુનઃ નીકળે છે ત્યારે લોકો તેને ભેટ આપે. ભેટ પણ શું ? થોડી ઘણી ભેટ લેવાની જ તેમને આજ્ઞા હતી.

ભગવાનના આદેશ અનુસાર તેઓ ફક્ત ત્રણ જ વસ્ત્રો રાખી શકતા હતા, એનાથી વધારે નહિ. જો કોઈ ચાદર ભેટ આપતું તો જૂની ચાદર છોડવી પડતી. એવી જ રીતે જો કોઈ ભિક્ષાપાત્ર ભેટ આપતું તો જૂનું ભિક્ષાપાત્ર છોડવું પડતું. છેલ્લા વર્ષા-વાસના દિવસો પછી ભિક્ષુ તિષ્ય જ્યારે ગામમાંથી જવા લાગ્યા ત્યારે તેમને એક ગ્રામજને એક ચાદર ભેટમાં આપી. આ ચાદર જાડા દોરાની હતી. જાડા દોરાની જાડી ચાદર, ઉપરથી સ્પર્શ કરતાં ખરબચડી. ઘણી જ અવગણના તિરસ્કાર સાથે તિષ્યએ તેને પોતાના હાથમાં લીધી હતી. ભિક્ષુ સંઘના નિયમો અનુસાર તે કશું બોલી શકતો નહિ. તથાગતે નિયમો જ કંઈક એવા બનાવ્યા હતા. આ નિયમો અનુસાર ભિક્ષુને આજ્ઞા ન હતી કે તેને જે કંઈ આપવામાં આવે, તેમાં તે ફરિયાદ કરે, કોઈ પ્રકારની કોઈ ખોટ કાઢે.

સાધનાં પથની મુખ્ય બાધા ચતુરાઈ છે. આ ચતુરાઈ કોઈ ને કોઈ ઉપાય શોધી જ કાઢે છે. તિષ્યએ પણ પોતાની ચતુરાઈ દ્વારા ચાલાકીભર્યો માર્ગ શોધી કાઢ્યો. તે ગામમાં જ તેની બહેન સુવર્ણા રહેતી હતી, જ્યારે તિષ્યને એ ચાદર ભેટ આપવામાં આવી હતી ત્યારે સાથે તે પણ ઊભી હતી. ઘણું ખરું તે પોતાના ભાઈને વિદાય આપવા માટે આવી હતી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભિક્ષુ તિષ્યએ વગર કશું કહે અત્યંત ઉદાસ મનથી સુવર્ણાના હાથમાં તે જાડી ચાદર પકડાવી દીધી. વાણીથી કશું જ બોલ્યો ન હોવા છતાં તિષ્યના ચહેરા પરની ઊંડી ઉદાસી જ બધું કહી રહી હતી. તિષ્યના મનોભાવોને એક જ પળમાં સમજીને સુવર્ણાએ સંકેત દ્વારા જ તેને આશ્વાસન આપ્યું કે પોતે થોડાક જ દિવસોમાં તેને એક સારી સુંદર ચાદર આપશે.

આ આશ્વાસન મળતાં જ તિષ્યની ઉદાસી દૂર થવા લાગી. સુવર્ણા એ ચાદર લઈને ઘરે આવતી રહી. તેણે સૌ પ્રથમ તો પેલી જાડી ચાદરના ચપ્પુ વડે પાતળા પાતળા ચીરા કરી નાંખ્યા. પછી તેને ખાંડણીમાં કૂટી અને પછી કાંતી. કાંત્યા પછી તેમાંથી જ પાતળા દોરાની આ સુંદર સુકોમળ ચાદર તૈયાર કરી. આ સમય દરમિયાન ભિક્ષુ તિષ્ય અત્યંત આતુરતા સાથે આ ચાદરની પ્રતીક્ષા કરતા રહ્યા. મનમાં ને મનમાં તેમણે પોતાની કલ્પના અને કામનાઓને કોને ખબર કેટલી વાર કેટલી રીતે વણી નાંખી હશે. સુવર્ણાએ બનાવેલી ચાદર ! અરે નહિ, એ ચાદર આવી હશે ! પછી તેને ઓઢીને આવી રીતે ચાલીશ, આ પ્રકારે ચાલીશ.

આજે એ ઘડી પણ આવી ગઈ, જયારે સુવર્ણાએ પોતાની મહિનાની મહેનતથી તૈયાર કરેલી ચાદર તેના હાથમાં મૂકી દીધી હતી. તેનો મન-મયૂર નાચી ઊઠ્યો.ચાદર મળ્યા પછી તેની કલ્પનાઓએ કેટલાય રંગ બદલ્યા, પછી ધીરે-ધીરે ગાઢ થઈ મનના આકાશમાં છવાઈ ગઈ. કલ્પનાઓનાં ગાઢ વાદળામાં અહંકારની વીજળી પણ રહીરહીને ચમકવા લાગી. હવે ભિક્ષુ તિષ્ય એ વિચારી રહ્યા હતા કે આવી સુંદર ચાદર તો સ્વયં ભગવાન તથાગતની પાસે પણ નહિ હોય, હવે જયારે કાલે હું ચાદર ઓઢીને નીકળીશ, તો બધાને ખબર પડશે કે ભિક્ષુ સંઘમાં આવી સુંદર ચાદર મારા સિવાય બીજા કોઈની પાસે નથી.

રાત્રિ થવા આવી હતી એટલા માટે તે સમયે તો તે ચાદર ઓઢવી નકામી હતી. તિષ્ય વિચાર કરતા હતા કે જો આ સમયે આને ઓઢી પણ લઉં તો અંધારામાં આને જોશે પણ કોણ ? ખરી મજા તો બતાવવામાં જ છે. આ બધાનો વિચાર કરતાં તેમણે સંભાળીને, પ્રેમથી સાચવીને તે ચાદર ખીંટી પર ટીંગાડી દીધી અને સૂવા માટે પથારીમાં લંબાવ્યું. આજે તો આંખમાં ઊંઘ પણ ક્યાં હતી ? ઊંઘમાં પણ વસ્ત્ર સંબંધિત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જુદાંજુદાં સ્વપ્નો ચાલતાં હતાં. ક્યારે સવાર પડે, ક્યારે ચાદર ઓઢીને બધાને બતાવું ? આ પ્રકારની વાસના તેની આજુબાજુ ફરતી રહી, તે રાત્રિએ તેમની આ વાસના ભલે અપૂર્ણ રહી હોય, પરંતુ તે જ રાત્રિએ તેમનું આયુષ્ય પૂરું થઈ ગયું. રાત્રિમાં જ તેમનો દેહાંત થઈ ગયો. તે ચાદર પ્રત્યેની તેમની તૃષ્ણા એટલી બળવાન હતી કે તિષ્ય મૃત્યુ બાદ જંતુ થઈને તે ચાદરમાં જ છુપાઈને બેસી ગયા.

બીજા દિવસે સંઘના ભિક્ષુઓએ તેમનાં મૃત શરીરને બાળીને નિયમાનુસાર તે ચાદરને આપસમાં વહેંચી લેવા માટે ઉપાડી. ભગવાન તથાગતે ભિક્ષુ સંઘ માટે એ પ્રકારનો નિયમ બનાવ્યો હતો કે જ્યારે પણ કોઈ ભિક્ષુ મરી જાય તો તેની વસ્તુઓ આપસમાં વહેંચી લેવી. જેની પાસે ન હોય, તેને આપી દેવી. ભિક્ષુઓ જેવા એ ચાદરને અડ્યા કે તુર્ત જ જંતુ તો આકુળવ્યાકુળ થઈ ગયું. તે જંતુ બીજું કોઈ જ નહિ, ભિક્ષુ તિષ્યનો જ નવો જન્મ હતો. "અરે મારી વસ્તુને તમે બધા શા માટે લૂંટી રહ્યા છો ? " આવી બૂમો પાડતા તે જયાં ત્યાં દોડવા લાગ્યા.

ના, આ બૂમબરાડાને ભગવાન બુદ્ધ સિવાય અન્ય કોઈએ સાંભળ્યા નહિ, ભગવાને તેના આ બૂમબરાડા સાંભળ્યા અને હસ્યા. હસતાં હસતાં તેમણે આનંદને કહ્યું કે ભિક્ષુઓને કહી દો કે તિષ્યની ચાદરને ત્યાં ને ત્યાં જ રહેવા દો. સાતમા દિવસે તે જંતુ પણ મરી ગયું. જંતુનું આયુષ્ય પણ કેટલું ? જયારે તિષ્ય જ મરી ગયા તો પછી બિચારું જંતુ કેટલા દિવસ જીવે ? સાતમા દિવસે જંતુ મર્યા પછી ભગવાને ભિક્ષુઓને તિષ્યની ચાદરને આપસમાં વહેંચી લેવાનું કહ્યું.

ભગવાનના આ પ્રકારના આદેશના કારણે ભિક્ષુઓ થોડા ચકિત હતા. તે સૌએ જિજ્ઞાસુ ભાવના લીધે ભગવાનને એક સપ્તાહ પહેલાં રોકાઈ જવાનું અને આજે અચાનક તે ચાદરને વહેંચી લેવાની આજ્ઞાનું કારણ પૂછયું. જવાબમાં ભગવાને હસતાં હસતાં ભિક્ષુ તિષ્યની જંતુ થવાની અને તેના ફરીથી મરવાની વાત કરી. હવે તો ભિક્ષુઓનું આશ્ચર્ય બેવડાઈ ગયું. બધા જ વિચારમાં પડી ગયા કે આ તે કેવું નિયતિનું વિધાન ! ભિક્ષુ તિષ્યને મૃત્યુ પામ્યા બાદ જંતુ થવું પડ્યું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભિક્ષુઓનું સમાધાન કરતાં ભગવાન બોલ્યા, કામી અનેક વાર મરે છે. જેટલી કામના એટલી વાર મૃત્યુ, કેમ કે જેટલી વાર કામના એટલી વાર જન્મ. જીવાત્માની દરેક કામના એક જન્મ બની જાય છે. સાથેસાથે દરેક કામના એક મૃત્યુ પણ બની જાય છે. આવું કહેતાં ભગવાને ભિક્ષુઓને આ ધમ્મગાથા સંભળાવી -

**અયસા વ મલં સમુટ્ઠિતં તદુટ્ઠાય તમેવ ખાદતિ ।**
**એવં અતિધોનચારિનં સાનિકમ્માનિ નયન્તિ દુગ્ગતિ ॥**

જે પ્રકારે લોખંડમાં લાગતો કાટ તેમાંથી જ ઉત્પન્ન થઈને તેને જ ખાય છે, એવી જ રીતે સાધનાત્મક અનુશાસનનું ઉલ્લંઘન કરનાર મનુષ્યનાં કર્મ તેને દુર્ગતિ તરફ લઈ જાય છે.

આ ધમ્મગાથા સાંભળીને ભિક્ષુગણ સચેત થઈ ગયો. આસક્તિ હોય કે પછી ઈર્ષ્યા - દ્વેષથી ભરેલ અહંતા, દરેકેદરેક સાધનાપથનાં જોખમ છે. આનાથી દૂર રહેવામાં જ સાધકનું કલ્યાણ છે. આ પ્રકારનું આત્મચિંતન કરતાંકરતાં ભિક્ષુઓએ તથાગતને પ્રણામ કર્યાં અને ધ્યાન માટે ચાલી નીકળ્યા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**એ** વખતે સ્થવિર અનિરુદ્ધ ભગવાન તથાગત સાથે કપિલવસ્તુ આવ્યા હતા. કપિલવસ્તુ સ્વથિર અનિરુદ્ધનું જન્મસ્થાન હતું. અહીંની આબોહવામાં તેમના બાળપણની સુગંધ ભળેલી હતી. તેમની કિશોરાવસ્થાના ઉમંગો સમાયેલા હતા. અહીંની માટીના કણમાં તેમના જીવનના અસંખ્ય સ્મૃતિકણ વેરાયેલા હતા. આ નગરીમાં પગ મૂકતાં જ તેમના મન પર અનાયાસે જ યાદોના ઘણા રંગ ઊભરી આવ્યા. યાદોની અસંખ્ય જલઊર્મિઓ તેમના માનસ સરોવરમાં તરંગિત થઈ. શાસ્તા તેમની આ મનોદશા સહજ રીતે ઓળખી ગયા. કરુણાના અવતાર ભગવાનની કરુણા તેમના શિષ્ય પર સહજપણે વરસવા લાગી.

ભગવાને કરુણાભર્યા નેત્રે તેમની તરફ જોયું. પછી પાસે ઊભેલા આનંદ,રેવત તથા તિષ્ય વગેરે ભિક્ષુઓને સંબોધતાં કહ્યું - ભિક્ષુઓ ! કપિલવસ્તુ ખૂબ સુંદર નગર છે. આની શોભા અનુપમ છે. તમે બધા વત્સ અનિરુદ્ધ સાથે કપિલવસ્તુ નગરમાં ફરી આવો. ભગવાનની આ ભકતવત્સલતાએ અનિરુદ્ધનું અંતઃકરણ ભક્તિથી સંવેદિત કરી દીધું. એણે શ્રદ્ધાથી વિભોર થઈ એમને પ્રણામ કર્યા અને ભિક્ષુઓ સાથે નગર ફરવા માટે નીકળી ગયા. વધતાં પગલાં સાથે શહેરના ચાર રસ્તાઓ અને કેડીઓ ફરી એક વાર તેમની સ્મૃતિઓ તાજી કરવા લાગ્યાં.

સ્મૃતિઓના સંસ્પર્શના એ અહેસાસ સાથે તેઓ એ બારણે જઈ પહોંચ્યા જ્યાં તેમનું બચપણ વીત્યું હતું. તેમનાં કુટુંબીજનો અને પડોશનાં સ્નેહીજનો તેમને આ રીતે અચાનક જોઈ ખુશ થઈ ગયા. એ બધાએ હર્ષવિભોર મનથી સ્થવિર અનિરુદ્ધનું સ્વાગત કર્યું. તેમના બાળપણ અને કિશોરાવસ્થાના ઘણા મિત્રો પણ તેમને મળવા માટે આવ્યા. એ બધાની વચ્ચે અનિરુદ્ધની આંખો કોઈને શોધી રહી હતી. તેમને આ રીતે શોધતાં જોઈ તેમની માએ પૂછયું, કોને શોધી રહ્યો છે બેટા ? અનિરુદ્ધે નારાજ મનથી કહ્યું, રોહિણી નથી આવી મા. રોહિણી તેમની સગી બહેન હતી. બચપણથી પ્રત્યેક પળ સાથે વિતાવી હતી. કોણ જાણે એમના મનમાં કેટલી સ્નેહસ્મૃતિઓ સજી અને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાંગરી હતી. તેમના આવવાના સમાચાર સાંભળી રોહિણી ન આવે તો આશ્ચર્ય જ હતું. માએ પણ એ વિશે કશું કહ્યું નહિ.ચૂપચાપ ઊભાં થઈ બોલાવવા માટે જતાં રહ્યાં.

થોડીવારમાં રોહિણી સામે હતી, પરંતુ પોતાનું મોઢું ઢાંકીને આવી હતી. સ્થવિર અનિરુદ્ધને ખૂબ ચિંતા થઈ. એમણે રોહિણીને પૂછયું કે તું પહેલાં આવી નહિ અને હવે આવી છે તો મોઢું ઢાંકીને આવી છે, એનું શું કારણ ? રોહિણીએ કહ્યું, ભાઈ ! મારો ચહેરો અનાયાસે જ વિકૃત થઈ ગયો છે. આખા ચહેરા પર ફોલ્લા થઈ ગયા છે. હું શીતળાના રોગથી પીડાઉં છું. તેથી હું લજ્જાવશ આવી નહિ. આપે બોલાવી એટલે આવી છું, પરંતુ મોઢું ઢાંકીને આવી છું કેમ કે મારો ચહેરો હવે બતાવવા લાયક રહ્યો નથી.

બહેનની આ સ્થિતિ જોઈ અનિરુદ્ધને તેમના જીવનનાં પાછલાં વર્ષોની યાદ તાજી થઈ, જયારે તેની બહેનના અપ્રતિમ સૌંદર્યની બધે ચર્ચા થતી હતી. પોતાની સ્મૃતિઓમાં એમણે રોહિણીની એક પૂર્વઝલક જોઈ. સુંદર અંગ અને મુખ, સુગંધિત શરીર. તેના અધર જાણે બિંબફળ હતા. ભ્રમરો વિજયના સંકલ્પ ધનુષ જેવી તણાયેલી હતી. કેરીની ફાંક જેવી આંખોમાં ઉલ્લાસના તરંગો ઊઠતા હતા.પોપટની ચાંચ જેવા શુભ્ર કપોલ પર ખાડા બનતા અને હસે ત્યારે જાણે ચાંદનીની વર્ષા થતી. એ જ રોહિણી આજે આ રીતે મોઢું ઢાંકીને ઊભી છે. તેઓ તેમની સ્મૃતિઓમાંથી બહાર આવી વિચારોમાં ખોવાઈ ગયા.

પછી બીજી જ પળે એમણે સ્વસ્થ બનીને હસતાં કહ્યું, ફિકર કરીશ નહિ. ભગવાનનું આગમન થયું છે. એમની સાથે ગામમાં ઘણા ભિક્ષુ આવ્યા છે. તેમના રોકાણ માટે એક વિશાળ ભવન બનાવવાનું છે. તું એ ભવન બનાવવાનું શરૂ કરી દે. ભાઈની આ વાત રોહિણીના મનને ગમી ગઈ, પરંતુ તેની પાસે એટલા પૈસા ન હતા. એણે તેનાં બધાં આભૂષણો વેચી નાખ્યાં અને ભિક્ષુઓ માટે ભવન બનાવવામાં લાગી ગઈ. તે આ કામમાં એવી લાગી ગઈ કે તેનો રોગ જ ભૂલી ગઈ. અને સૌથી સુખદ આશ્ચર્ય તો જયારે ભવન બનાવતાં બનાવતાં નવ્વાણુ ટકા રોગ અનાયાસે ઠીક થઈ ગયો ત્યારે થયું. તેમ છતાં સંકોચવશ ભગવાનના દર્શન માટે જઈ શકી નહિ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રોહિણીએ બનાવેલ ભવનમાં ભગવાન તેમના ભિક્ષુઓ સાથે પધારી ચૂક્યા અને તે સ્વયં આવી ન શકી. એનું બધાને આશ્ચર્ય હતું, પરંતુ કરુણાવતાર બુદ્ધે ખૂબ પ્રેમથી એને બોલાવી. આ રીતે શાસ્તાએ બોલાવવાથી જ્યારે એ ગઈ ત્યારે એમણે પૂછયું, કેમ આવી નહિ ? એણે કહ્યું પ્રભુ, મારા શરીરમાં શીતળાનો રોગ થઈ ગયો હતો. તેથી લજ્જાવશ આવી ન હતી. જો કે આપના માટે ભવન બનાવવાના સત્પુણ્યથી નવ્વાણુ ટકા રોગ દૂર થઈ ગયો છે, પરંતુ એક ટકો હજી બાકી છે. મારો કુરૂપ ચહેરો આપને કેવી રીતે બતાવું ? એથી બચતી રહી, પરંતુ જ્યારે આપે આદેશ આપી બોલાવી છે તો આવી છું, ક્ષમા કરશો.

ભગવાને ગંભીર સ્વરે કહ્યું, જાણે છે પુત્રી, આ રોગ ક્યા કારણે થયો છે ? ના ભંતે, એણે કહ્યું. ભગવાને કહ્યું, તારા ક્રોધના કારણે. આ અતિ ક્રોધનું ફળ છે. તને તારા રૂપનું ખૂબ અભિમાન હતું. એ અહંકારના કારણે જ તને ક્રોધ આવતો હતો. ભિક્ષુઓ માટે ભવન બનાવવામાં પોતાને ભૂલી ગઈ. તારો અહંભાવ વિસરાઈ ગયો. તું એ કરુણાપૂર્ણ કાર્યમાં કંઈક એવી લાગી ગઈ કે અહંકાર માટે કોઈ સ્થાન જ રહ્યું નહિ. તેથી જ જો તારો રોગ પણ આપોઆપ જતો રહ્યો છે, પરંતુ સંપૂર્ણ દૂર ન થઈ શક્યો. કેમ કે તારો અહંકાર તો છૂટી ગયો છે, પરંતુ બોધપૂર્વક છૂટ્યો નથી. આથી એક ટકા રોગ બચી ગયો છે.

રોહિણી ભગવાનની વાતો સુખદ આશ્ચર્ય સાથે સાંભળી રહી હતી. ભગવાન રોકાયા વિના અત્યારે પણ કહી જ રહ્યા હતા, પુત્રી ! તેં કરુણા કરી છે, પરંતુ સભાનતામાં નહિ, મૂર્ચ્છામાં કરી છે. ભાઈએ કહ્યું તેથી કરી છે. તારા અંતરમાંથી સહજ રીતે સ્ફુરણા થઈ નથી. તેથી એક ટકો બાકી રહ્યો છે. જાગ ! જે કરુણા તું અત્યારે કરી રહી છે તે હોશ સાથે કર અને જે અહંકાર તેં કામમાં ભૂલી જઈને ભુલાવી દીધો છે તે જાણીને વિસર્જિત કરી દે. આ વાત સાંભળી રોહિણી પોતાનામાં ખોવાઈ ગઈ. ભગવાનની કરુણાની વૃષ્ટિ તેણે પોતાના અસ્તિત્વમાં અનુભવી. તેની ભાવસમાધિની સ્થિતિમાંથી તે જ્યારે બહાર આવી ત્યારે જોયું તો તેનો સંપૂર્ણ રોગ જતો રહ્યો હતો. ત્યારે ભગવાને પાસે ઊભેલા ભિક્ષુઓને આ ગાથાઓ કહી –



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ક્રોધં જહે વિપ્પજહેય્ય માનં સંમોજનં સબ્બમતિક્કમેય્ય ।
તં નામરૂપસ્મિ અસજ્જમાનં અકિંચનં નાનુપાતન્તિ દુક્ખા ॥
યો વે ઉપ્પતિતં કોધં રથં મન્તં વ ધારયે ।
તમહં સારથિં બ્રૂમિ રસ્મિગ્ગાહો ઈતરો જનો ॥
અક્કોધેન જિને કોધં અસાધુ સાધુના જિને ।
જિને કદરિયં દાનેન સચ્ચેન અલિકવાદિનં ॥
સચ્ચં ભણે ન કુંઝેયં દજ્જાપ્પસ્મિમ્પિ યાચિતો ।
એતેહ તીહિ ઠાનેહિ ગચ્છે દેવાન સન્તિકે ॥

ક્રોધનો ત્યાગ કરો, અભિમાનનો ત્યાગ કરો અને બધાં સંયોજનોની પાર થઈ જાવ. આ રીતે નામ, રૂપમાં આસક્ત ન થનાર તથા અકિંચન પુરુષને દુઃખ સતાવતાં નથી. જે વધેલા ક્રોધને ભટકી ગયેલા રથની જેમ રોકી લે છે તેને જ હું સારથિ કહું છે. બીજા તો માત્ર લગામ પકડી રાખનારા છે. અક્રોધને ક્રોધથી જીતો. અસાધુને સાધુથી જીતો. કંજૂસને દાનથી જીતો અને અસત્ય બોલનારાઓને સત્યથી જીતો. 'સાચું બોલો, ક્રોધ ન કરો. માગે ત્યારે થોડું અવશ્ય આપો. આ ત્રણ વાતો દ્વારા મનુષ્ય દેવતાઓ પાસે જાય છે.' ભગવાનની આ ગાથાઓના શ્રવણે હાજર રહેલા બધા ભિક્ષુઓને ઊંડા મનન અને નિદિધ્યાસન માટે અનાયાસ પ્રેરિત કર્યા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**સ્વા**દિષ્ટ ભોજન એ જ એમની નબળાઈ હતી. સંપૂર્ણ જીવનચેતના જાણે જિહ્વામાં આવીને કેન્દ્રિત થયેલી હતી. ખાવું, ફરીથી ખાવું અને તે પછી પણ ખાતા રહેવું. તેનું પરિણામ પણ કંઈક એવું જ હતું - સૂવું, ફરીથી સૂવું અને તે પછી પણ સૂતા રહેવું. ભોજન અને શયનના આ અતિરેકના કારણે તેમને કેટલીય બીમારીઓ થઈ ગઈ હતી. સમ્રાટ હોવાના કારણે તેમને જીવનની બધી સગવડો ઉપલબ્ધ હતી, પરંતુ આ સગવડોનો ઉપયોગ પહેલાં બીમારી થવાનાં સાધનો માટે થતો હતો અને તે પછી તેનું સમાધાન શોધવામાં જ થતો હતો. તેમને હંમેશાં વૈદ્ય ઘેરાયેલા હતા. સ્થૂળ દેહ ભારે થઈ ગયો હતો. એમનામાં આભા રહી ન હતી. જીવન એક મૃતદેહ સમાન બની ગયું હતું.

આવા જીવનની એક એક ક્ષણ વિતાવતાં તેઓ જેમતેમ જીવી રહ્યા હતા. એટલામાં જાણવા મળ્યું કે ભગવાન તથાગત ભિક્ષુસંઘ સાથે રાજધાનીમાં પધાર્યા છે. જનતા તેમના દર્શન માટે ઊમટી રહી છે. બધા જઈ રહ્યા છે, તો દર્શન માટે જવું જ પડશે. એમણે વિચાર્યું કે ત્યાં ન જવાથી મોટી ફજેતી થશે. જનતા જાય અને તેમનો રાજા નહિ જાય તો બધા એ જ વિચારશે કે રાજા ખૂબ અધાર્મિક છે. સલાહ આપનારાઓએ પણ એ જ સમજાવ્યું કે સમ્રાટ, જવું તો પડશે જ, નહિ તો પ્રતિષ્ઠાને કલંક લાગશે. જો લોકોને ખબર પડી જાય કે રાજા અધાર્મિક છે તો સન્માન ઓછું થઈ જવાનો ડર તો છે જ.

પરંતુ મારા ભોજનનું શું થશે ? સમ્રાટના કપાળ પરની રેખાઓ આ પ્રશ્નચિહ્ન સાથે જ ઘેરી બની ગઈ હતી. કોણ જાણે બુદ્ધને એક કલાક સાંભળવા પડે, દોઢ કલાક સાંભળવા પડે કે પછી બે-અઢી કલાક સાંભળવા પડે. કોણ જાણે બુદ્ધ કેટલો વખત બોલશે અને કેટલો વખત ત્યાં રોકાવું પડે. કેટલાક ખુશામતિયા સલાહ આપનારાઓએ હામાં હા કહી અને કેટલાક ચતુર ગણાતા લોકોએ સાથે જ સલાહ પણ આપી - મહારાજ ! તો આપ સારી પેઠે જમી લો આ સલાહ મનગમતી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોવાથી તેમને ગમી ગઈ. તેથી અન્ય દિવસો કરતાં એમણે થોડું વધારે જમી લીધું. આ વધારે ભોજન કરવાના કારણે એમનામાં ક્યાંય જવા આવવાની શક્તિ રહી ન હતી, છતાં પ્રતિષ્ઠાની લાજ અને લોભથી તેઓ ભગવાન તથાગતની ધર્મસભામાં પહોંચી ગયા.

સમ્રાટ હોવાના કારણે એમને ભગવાન પાસે સામે જ બેસાડવામાં આવ્યા. થોડીવારમાં જ ભગવાનની અમૃતવાણીનો પ્રવાહ વહેવા લાગ્યો. જ્ઞાન, વિવેક અને વૈરાગ્યના અનેક તરંગો લોકોના મનને સંસ્પર્શિત અને સંવેદિત કરવા લાગ્યા, પરંતુ સ્વયં સમ્રાટ આ અમૃતવર્ષાથી અલિપ્ત હતા. એમને વધારે ખાઈ લેવાના કારણે વારંવાર ઊંઘનાં ઝોકાં આવી રહ્યાં હતાં. એમને ફુરસદ જ ક્યાં હતી. તેઓ નહોતા બુદ્ધને સાંભળવા આવ્યા, નહોતી એમની સાંભળવાની સ્થિતિ. એટલું બધું ખાઈને આવ્યા હતા કે બેસતાં જ ઊંઘવા લાગ્યા હતા. બીજા આનંદમાં ઝૂમી રહ્યા હતા અને તેઓ ઊંઘમાં ઝૂમી રહ્યા હતા.

કરુણાપુંજ એવા ભગવાન બુદ્ધ તેમની આ દશા જોઈ કરુણાથી દ્રવિત થઈ ઊઠ્યા. જે માનવજીવન વિભૂતિઓ, ઉપલબ્ધિઓ તથા શક્તિઓનો અક્ષય કોષ છે તેની આ સમ્રાટ કહેવાતી વ્યક્તિએ આ રીતે દુર્દશા કરી નાખી છે. પોતાની સંપદાને એણે પોતાના માટે વિપદા બનાવી લીધી છે. એના માટે બધાં સાધનો ન સાધના બની શક્યાં; ન સમાધાન સિદ્ધ થઈ શક્યાં. એમને ખૂબ દયા આવી. ઊંઘનાં ઝોકાંમાં ઝૂમતા સમ્રાટને એમણે પોકાર્યા, મહારાજ ? શું આમ જ જીવન વેડફી નાખવું છે. જવું નથી ? ઘણું ગયું હવે થોડું બચી ગયું છે ત્યારે ભાનમાં આવો સમ્રાટ પ્રસેનજિત. ભોજન જીવન નથી. આ પરમ અવસરને આવી રીતે વેડફી નાખશો નહિ.

ભગવાનનાં આ વચનોથી સમ્રાટ પ્રસેનજિતની ઊંઘમાં થોડો વિક્ષેપ પડ્યો. એમણે કહ્યું, પ્રભુ બધો દોષ ભોજનનો છે. હું માનું છું કે આના કારણે જ મારું સ્વાસ્થ્ય પણ ખરાબ રહે છે. તંદ્રા પણ રહે છે. પ્રમાદ અને આળસ પણ ઘેરાયેલા રહે છે. આ બધામાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો પણ દેખાતો નથી. બધો જ દોષ ભોજનનો છે ભગવાન.

પ્રસેનજિતનાં આ વચનો સાંભળીને બુદ્ધની કરુણા પણ સઘન બની ગઈ. તેમણે કહ્યું અરે સમ્રાટ ! પ્રજ્ઞાવાન બનો, ભલા ભોજનનો દોષ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કેવી રીતે હોઈ શકે ? પોતાનો દોષ ભોજન પર ઢોળી રહ્યા છો. આપના પેટમાં ભોજન જબદસ્તીથી જતું નથી, પરંતુ ભગવાનનાં આ વચનો સમ્રાટને બોધ આપી ન શક્યાં. તેમણે સફાઈ આપતાં કહ્યું, મને તો લાગે છે ભગવાન કે બધો દોષ ભોજનનો છે. આના કારણે બધી તકલીફો થઈ રહી છે. આમાંથી બહાર નીકળવાનો કોઈ ઉપાય પણ સૂઝતો નથી.

વચનો દ્વારા બોધિજ્ઞાન આપતા સમ્યક્ ભગવાને કહ્યું, દોષ ભોજનનો કેવી રીતે હોઈ શકે વત્સ ! જરા વિચાર તો કરો, દોષ બોધનો છે. તમને ખબર છે કે સ્વાસ્થ્ય ખરાબ થઈ રહ્યું છે, તમને ખબર છે કેં આળસ આવી રહ્યું  છે અને તમને એ પણ ખબર છે કે જીવન વ્યર્થ જઈ રહ્યું છે, પરંતુ આ બોધ તમે ભોજન કરતી વખતે ટકાવી શકતા નથી. આ બોધ ભોજન કરી લીધા પછી તમને થાય છે, પરંતુ ભોજન કરતી વખતે  ચૂકી જાય છે ?

તો હું શું કરું ભગવાન ? પ્રસેનજિતની અકળામણ જરા ઓછી થઈ. બુદ્ધે સ્મિત કરતાં કહ્યું, ઉપાય તો છે, પરંતુ કદાચ તમે કરી ન શકો. આમ કહેતાં એમણે પાસે ઊભેલા સમ્રાટના અંગરક્ષક સુદર્શન તરફ જોતાં કહ્યું, વત્સ સુદર્શન ! કેવા અંગરક્ષક છો તમે. જે અંગના રક્ષણ માટે તમને નીમવામાં આવ્યા છે તે તો ખરાબ થઈ રહ્યું છે. તમે તમારા સમ્રાટના શરીરનું કેવું રક્ષણ કરી રહ્યા છો. હવેથી ધ્યાન રાખો, જ્યારે તમારા સમ્રાટ ભોજન કરવા બેસે ત્યારે બરાબર સામે ઊભા રહી જાવ અને એમને યાદ અપાવતા રહો કે ધ્યાન રાખો, યાદ કરો કે બુદ્ધે શું કહ્યું હતું. તમારું આ કર્ત્તવ્ય ચૂકશો નહિ. તમારા આ કર્ત્તવ્યપાલનમાં સમ્રાટ તમારા પર નારાજ થઈ જાય અને તમને દંડ આપવાની ધમકી આપે તો પણ ગભરાયા વિના પોતાની જવાબદારી નિભાવતા રહો.

બુદ્ધનાં આ બોધવચનો સુદર્શનના અંતઃકરણમાં ઊંડાં ઊતરી ગયાં. તેને એ વાત ગમી ગઈ કે તે અંગરક્ષક  તો છે જ અને તેની આંખો સામે સમ્રાટનું શરીર ખરાબ થઈ રહ્યું છે. એ શરીરના રક્ષણ માટે તેને નીમવામાં આવ્યું છે. તે પોતાના કર્ત્તવ્યમાં લાગી ગયો. તેના પર પ્રસેનજિતની નારાજગી વધતી ગઈ. જ્યારે પણ તેઓ વધારે ખાવાનો પ્રયત્ન કરતા ત્યારે તે કહેવા લાગતો, યાદ કરો બુદ્ધનાં વચન.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધમકાવવા છતાં તે યાદ અપાવતો રહ્યો. ધીરેધીરે આનું પરિણામ આવવા લાગ્યું.

થોડોથોડો બોધ જાગવા લાગ્યો. નારાજ થયા બાદ પ્રસેનજિત ક્ષમા પણ માગી લેતા. ધીરેધીરે તેમનું ભોજન અને જીભ પર નિયંત્રણ થવા લાગ્યું. તે નગરમાં ભગવાન ત્રણ મહિના માટે રોકાયા હતા. પ્રસેનજિત જ્યારે બીજી વખત આવ્યા ત્યારે તેઓ એકદમ બદલાયેલા હતા. તેમના ચહેરાની આભા પાછી આવી ગઈ હતી. તેજસ્વિતા પાછી આવી ગઈ હતી. પોતાના અંગરક્ષક સુદર્શન પ્રત્યે પણ તેમના મનમાં અનુરાગ હતો. તેમને આ રીતે સ્વસ્થ અને ખુશ જોઈ ભગવાને આ ધમ્મગાથા કહી -

**આરોગ્ય પરમાલાભા સંતુટ્ઠી પરમં ધનં ।**
**વિશ્વાસ પરમા બંધુ નિબ્બાનં પરમં સુખં ॥**

આરોગ્ય સૌથી મોટો લાભ છે. સંતોષ સૌથી મોટું ધન છે. વિશ્વાસ સૌથી મોટો બંધુ છે અને નિર્વાણ સૌથી મોટું સુખ છે.

આ ધમ્મગાથા સાંભળી ત્યાં હાજર સૌ ભાવવિભોર થઈ ગયા. તેમને અનુભવ થવા લાગ્યો હતો કે ભગવાન તેમનાં વચનો દ્વારા સૌને પરમ આરોગ્યનો લાભ આપવા આવ્યા છે. કેમ કે આરોગ્ય માત્ર શારીરિક સ્વાસ્થ્ય જ નથી. એ શારીરિક, માનસિક, ભાવનાત્મક તથા આધ્યાત્મિક બધા સ્તરેથી મુક્તિ છે. ભગવાન બુદ્ધને પોતાના ચિકિત્સક રૂપે જોઈ પ્રસેનજિત ધન્ય થઈ રહ્યા હતા. આ ધન્યતાના ભાવ અનાયાસે જ તેમની વાણી દ્વારા ફૂટી નીકળ્યા, **'નમામિ દેવં ભવરોગ વૈદ્યં ।'**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

"પુણ્યોગન્ધઃ પૃથિવ્યામ્" હવાઓમાં વિખરાતી પદ્મગંધ આ આર્ષવચનને સાર્થક કરી રહી હતી. ભગવાન તથાગત પોતાની ગંધકુટિમાં બેઠા હતા. ભગવાનનો તપઃપૂત દેહ જ આ પદ્મગંધનો સ્રોત હતો. તેઓ જયાં બેસતા, જયાં સમાધિલીન થતા, ત્યાંનું સંપૂર્ણ વાતાવરણ તેમની દિવ્ય સુગંધથી મહેકી ઊઠતું હતું. એમના આવાસસ્થાનના કણકણમાં આ દિવ્ય સુરભિ ભરાઈ જતી. આ જ કારણે આશ્ચર્યવિભોર બનેલા ભગવાનના શિષ્યોએ એમના આવાસસ્થાનને ગંધકુટિ નામ આપ્યું હતું. તથાગત જયાં રહેતા તે સ્થાન ગંધકુટિના નામે ઓળખાતું.

એક વખત જિજ્ઞાસુજનોનું સમાધાન કરતાં ભગવાને કહ્યું હતું, "ભન્તે ! આ દેહ પૃથ્વીતત્ત્વપ્રધાન છે. એનો સ્વાભાવિક ગુણ પુણ્યગંધ છે, પરંતુ એમાં આશ્રય મેળવનાર વિચારોના વિકારોએ, ભાવનાઓના પ્રદૂષણે, પ્રાણની દૂષિત દશાએ આ પુણ્યગંધનો નાશ કરી નાંખ્યો છે. આ દોષ-દુર્ગુણોથી ક્યારેક ક્યારેક સ્થિતિ એટલી દૂષિત થઈ જાય છે કે સુગંધ વિખેરવાનો સ્વભાવ ધરાવતા દેહમાંથી દુર્ગંધ નીકળવા માંડે છે. પરંતુ તપની પ્રચંડતાથી વિચાર, ભાવનાઓ અને પ્રાણની પવિત્રતા ફરી પાછી આવે છે અને દેહ પદ્મગંધનો સ્રોત બની જાય છે."

ભગવાનનાં આ વચનોનો મર્મ સ્વયં ભગવાનની ઉપસ્થિતિ હતી. તેઓ જયાં પોતાના સંબુદ્ધ શિષ્યો સાથે બેસતા, ત્યાં દિવ્ય કમલ-વન અવતરિત થઈ જતું. હવામાં સ્વર્ગીય ભાવ ગહન થઈ જતા. આ સઘનતા એટલી સક્રિય રહેતી કે તેનો જરાક સ્પર્શ પણ પ્રાણોમાં રોમાંચ કરી દેતો. માનવ ચેતના સહજ જ દિવ્ય ભાવોને સ્પર્શવા લાગતી. સામાન્ય પ્રાણોમાં પણ દિવ્ય ભાવ ઊઠવા લાગતા. ભગવાન તથાગતની સમાધિલીન ચેતનાના સાંનિધ્યમાં સામાન્ય સાધક પણ સમાધિ તરફ ઉન્મુખ થવા લાગતો. જેમની સાધના પ્રખર હતી તેમને માટે તો ભગવાનનો સ્પર્શ નિર્વાણનાં મહાદ્વાર ખોલનારો હતો.

ભગવાન દિવ્ય ભાવોમાં સઘન મહાભાવ હતા. આજ તેઓ પોતાની ગંધકુટિના અંદરના ખંડમાં ભાવલીન દશામાં બેઠા હતા. ત્યારે ત્રીસ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભિક્ષુઓએ આવીને તેમને પ્રણામ કર્યા. તેમના પ્રણામના ઉત્તરમાં તથાગતનાં નેત્ર થોડાં ખૂલ્યાં. હોઠ પર પાતળી સ્મિત રેખા ઊપસી આવી. ભ્રૂકુટિમાં રહસ્યમય સંકેત ગહન બન્યો. અંતસ્‌માં પરાવાણીના સ્વર ઊભરાયા, જે આગંતુક ભિક્ષુઓએ મૌનની નીરવતામાં સાંભળ્યા, આ ભિક્ષુઓને પોતાની સાથે લાવનાર ભદંત આનંદ આ અલૌકિક કાર્ય-વ્યાપારને ન સમજી શક્યા.

ભગવાનનાં અનેક અલૌકિક કાર્યોના તેઓ સાક્ષી હતા, તેમનાં સાંનિધ્યમાં અનેક આશ્ચર્યોને તેમણે સઘન થતાં જોયાં હતાં. શાસ્તાના અગણિત દિવ્ય ભાવોએ એમની સામે આકાર લીધો હતો. સ્વલોક, મહઃલોકની દિવ્ય વિભૂતિઓને તેમણે ભગવાન સમક્ષ સાષ્ટાંગ કરતી જોઈ હતી, પરંતુ આજની કથા તો સૌથી નિરાળી હતી. આજ તો જાણે શાસ્તા આ લોકમાં ઉપસ્થિત હોવા છતાં પણ અનુપસ્થિત હતા. આનંદ ચકિત થયા, પણ કાંઈ વિચારી ન શક્યા. બસ, પ્રત્યક્ષ તેમણે એટલું જ જોયું કે તેમની સાથે આવનારા ત્રીસેય ભિક્ષુઓ ભગવાન સામે અર્ધચંદ્રકારે એક પછી એક બેસી ગયા.

મહાભિક્ષુ આનંદે બહાર આવીને કક્ષનું દ્વાર બંધ કર્યું અને પહેરો પણ ભરવા લાગ્યા. પળ-ક્ષણ વીતી, ઘડી પ્રહર વીત્યાં. હવે તો દિવસ પણ વીતતો ગયો પણ ન કક્ષનાં દ્વાર ખૂલ્યાં, ન કોઈ બહાર નીકળ્યું. આનંદની ધીરજ ખૂટવા લાગી. તેઓ વારંવાર ચિંતિત થઈ વિચારવા લાગ્યા. ખૂબ વાર થઈ ગઈ, હજી વધુ કેટલી વાર ! એવું શું થવા લાગ્યું કક્ષમાં ! વાર્તાલાપનો પણ કંઈ અવાજ આવતો નથી. ભગવાનના સેવકનો ધર્મ નિભાવતાં તેમણે એમ પણ વિચાર્યું - આખરે આ ભિક્ષુઓ હજી કેટલા સતાવશે ભગવાનને ! એમણે જેટલો સમય માગ્યો હતો, તેનાથી બમણો સમય તો થઈ ગયો.

હવે તો મહાભિક્ષુ આનંદની ધીરજની તમામ હદ વળોટાઈ ગઈ. તેઓ ઊઠ્યા. તેમણે બારણાંની તિરાડમાંથી જોયું. જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા, કારણ કે ત્યાં તો ભગવાન એકલા બેઠા હતા. જે ત્રીસ ભિક્ષુઓ એમની સાથે અહીં સુધી આવ્યા હતા તેનો કોઈ પત્તો ન હતો. આનંદને આશ્ચર્યએ ઘેરી લીધા. એક વાર નહિ, કેટલીય વાર એમણે એમની આંખો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચોળી, પણ ભરોસો ન પડ્યો. તેઓ વિચારવા લાગ્યા કે અંતે થયું શું ? આ કક્ષમાં બારણું તો એક જ છે અને ત્યાં તો પોતે બેઠેલા છે. એમની સામે તો કોઈ ક્યાંય નીકળ્યું નથી.

હારી-થાકીને તેમણે ભગવાનને જ એ ભેદ પૂછવાનો નિશ્ચય કર્યો. થોડો ખચકાટ, થોડો ભય અને સંપૂર્ણ શ્રદ્ધાથી સંકોચાતાં સંકોચાતાં તેમણે પ્રભુને પ્રકટરૂપે પૂછયું, "ભંતે ! કેટલાક ભિક્ષુઓ આપને મળવા આવ્યા હતા. તેઓ ક્યાં છે ? એમાંથી કોઈ બહાર તો નીકળ્યા નથી, કારણ કે બહાર દ્વાર પર હું બેઠો છું.આ ખંડમાં બહાર નીકળવા માટે બીજું કોઈ દ્વાર છે નહિ, એટલા માટે તેઓ કોઈ પણ રીતે બહાર ન જઈ શકે, તો આખરે તેઓ ગયા ક્યાં ?"

આનંદની આ પ્રશ્નશૃંખલા પર બુદ્ધ હસ્યા. પછી ખૂબ કૃપાપૂર્ણ દૃષ્ટિ આનંદ પર નાખતાં બોલ્યા, "તેઓ ગયા આનંદ, તેઓ ચાલ્યા ગયા, તેઓ આકાશ માર્ગે ચાલ્યા ગયા, પુત્ર ! " ચકિત આનંદ સંભ્રમિત થતાં બોલ્યા, "પ્રભુ ! આપ મને આમ આશ્ચર્યનાં ચક્રમાં ન નાંખો. ભગવાન ! આપ મને ગૂંચવો નહિ. ઉખાણાં ન રચો, પ્રભુ ! સીધી સાદી ભાષામાં કહો, તેઓ ગયા ક્યાં ? કારણ કે હું દ્વાર પર બેઠો છું અને પૂરેપૂરો સજાગ છું."

"વત્સ ! ચકિત ન થા, તારે ચોંકવાની જરૂર નથી. આનંદ, તેઓ બધા ભીતરના આકાશથી સમાધિમાં ઊતરી ગયા, આ અંતર-આકાશમાં ઊતરવા માટે કોઈ બીજા બારણાંની જરૂર નથી." ભગવાન પોતાના ભિક્ષુને આ કથા કહી રહ્યા હતા ત્યારે જ કક્ષનાં બારણાંમાંથી આકાશમાં હંસ ઊડતા દેખાયા. તેમને જોઈને ભગવાને કહ્યું, "જો આનંદ, પુત્ર ! બારણાંની બહાર જો, જેમ આકાશમાં હંસ ઊડી રહ્યા છે તેમ તેઓ પણ ઊડી ગયા." આનંદે પૂછયું, "તો શું તેઓ ઊડીને હંસ થઈ ગયા ? ગયા ક્યાં ?" પોતાની આધ્યાત્મિક મુસ્કાનની સઘનતા સાથે ભગવાને કહ્યું, "તેઓ પરમહંસ બની ગયા, આનંદ !"

પછી આશ્ચર્યચકિત થયેલા આનંદને આ ગાથા કહી -

**હંસાદિચ્ચપથે યંતિ આકાસે યંતિ ઈદ્ધિયા ।**
**નીયંતિ ધીરા લોકમ્હા જેત્વા મારં સવાહિની ॥**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હંસ સૂર્ય પથથી જાય છે. રિદ્ધિઓથી યોગીઓ પણ આકાશમાં ગમન કરે છે. આ રીતે ધીર પુરુષ બંધનોથી પર, આ લોકમાંથી નિર્વાણમાં ચાલ્યા જાય છે.

આ ધમ્મગાથા સાંભળ્યા પછી પણ આનંદને આનું રહસ્ય ન સમજાયું. ત્યારે ભગવાને પોતાના કથનને વધુ સ્પષ્ટ કરતાં કહ્યું, "જેમ હંસ આકાશમાં ઊડે છે, એવું એક બીજું આકાશ છે, અંતરનું આકાશ, જ્યાં પરમહંસ ઊડે છે. જેમ હંસ આકાશમાં ઊડે છે, દૂરદૂરની યાત્રા કરે છે, એવી જ રીતે પરમહંસ અંતરના આકાશમાં ઊડે છે. તેઓ શેતાનની સમગ્ર સેનાને મારીને, લોકમાંથી નિર્વાણમાં ચાલ્યા જાય છે."

"પરંતુ ભગવાન ! એ ભિક્ષુઓના શરીરનું શું થયું ?" પ્રશ્નના ઉત્તરમાં ભગવાન બોલ્યા, "એ ભિક્ષુ મહાયોગી હતા આનંદ ! જ્યારે તેમની અંતર્ચેતના મહાનિર્વાણમાં લીન થવા લાગી, ત્યારે તેમણે પંચભૂતોના પોતાના દેહને યોગબળથી વિઘટિત કરી નાંખ્યો. યોગીજનોના આવા ક્રિયાકલાપો પર ચકિત ન થવું જોઈએ. બસ, એમના તપઃપૂત દેહોના અવશેષ રૂપે આ ચારે બાજુ પદ્મગંધ વિખરાઈ છે. એમાં જ એમના મહાનિર્વાણની અનુભૂતિ કરો."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**ભ**ગવાન બુદ્ધ શ્રેષ્ઠી અનાથપિંડકના પ્રાણમાં વસતા હતા. તેઓ ભગવાનની ભક્તિને જ પોતાનું ભાગ્ય માનતા હતા. તેમનાં ચિંતન-ચેતનામાં પળે-પળે પોતાના આરાધ્ય માટે કશુંક નવું કરી છૂટવાની કૂંપળો ફૂટતી હતી. "દેકર ભી કરતા મન, દે દૂં કુછ ઔર અભી" એ જ એમનું જીવનદર્શન હતું. પ્રભુના ઉપદેશ અનુસાર તેમણે સત્કર્મ અને સત્પ્રવૃત્તિ માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. અનાથોનો સાચો સહારો બનીને તેમણે પોતાના નામને સાર્થક કરી દીધું હતું. તેમનાં સત્કાર્યોની યશપ્રભાથી દિગંત આલોકિત થઈ રહ્યું હતું. પ્રતિષ્ઠા અને સન્માનનાં તો તેમના જીવનમાં જાણે પૂર ઊમટ્યાં હતાં. છતાં પણ જીવનમાં ક્યાંક કશુંક એવું હતું, જે રહીરહીને ખૂંચતું હતું. ભાવનાઓમાં ભરેલી ટીસ રહીરહીને બેચેન કરતી હતી.

બધાં જ સુખોની વચ્ચે દુઃખનો એક જ કાંટો હતો, તેમનો પુત્ર 'કાલ' કાલની પ્રવૃત્તિઓ સામાન્ય ધનિક પુત્રો જેવી હતી. ભોગ તેને ગમતા હતા. સુખ તેને લોભાવતું હતું. ધનનો તો જાણે કે પાગલ હતો. થોડાઘણા પૈસા માટે તે કોઈ પણ પ્રકારનું જોખમ ઉઠાવવા તૈયાર થઈ જતો. કાલની આ મનોદશા અનાથપિંડકને જરાપણ ગમતી ન હતી. તેઓ તેને પોતાના યશચંદ્રની વચ્ચે કલંક માનતા હતા. 'કાલ'ને વશીભૂત કરવા માટે તેઓ અનેક ઉપાયો કરતા હતા, પરંતુ દરેક વખતે તેમને અસફળતા જ હાથ લાગતી હતી. એક વાર તેમણે જેતવનમાં રોકાયેલ ભગવાન તથાગતને પોતાની વેદના સંભળાવી. પોતાના અનુગત ભક્તની પીડાના સ્પર્શ માત્રથી ભગવાન વિચારમાં પડી ગયા.

બે પળનાં નીરવ મૌન પછી તેમણે કહ્યું, અનાથપિંડક, પુત્રની પ્રવૃત્તિઓના કારણે તમે દુઃખી ન થશો. તેની નબળાઈઓને જ તેના રૂપાંતરણનું માધ્યમ બનાવો. તમારા પુત્ર 'કાલ'નો બોધિકાળ હવે નજીકમાં છે. ગૂઢ રહસ્યોમાં ભળેલી પ્રભુની વાતોને અનાથપિંડક વ્યવસ્થિત રીતે સમજી ન શક્યા. તેમનાં નેત્રોમાં પ્રશ્નચિહ્નો એવાં જ અમિટ બની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહ્યાં. ભગવાન તેમની મનોદશા જાણી ગયા ને કહ્યું, "ચિંતિત થવાની જરૂર નથી. જો 'ધન' તમારા પુત્રની નબળાઈ છે તો એને જ તેના ભાવ-પરિવર્તનનું માધ્યમ બનાવો." શાસ્તાનો આ સંકેત શ્રેષ્ઠી અનાથપિંડકને સમજાઈ ગયો.

પરત આવીને તેમણે 'કાલ'ને પોતાની પાસે બોલાવ્યો. પ્રીતિપૂર્વક તેનાં ક્ષેમ-કુશળ પૂછીને તેને કહ્યું, "પુત્ર, હું તને સો સોનામહોર આપવા ઈચ્છું છું." પિતાના આ શબ્દોએ કાલને આશ્ચર્યચકિત કરી દીધો. તે વિચારવા લાગ્યો કે આજે આમને શું થયું છે ? ક્યારેક તો આ હંમેશાં મિતવ્યયતા(કરકસર)ના પાઠ શીખવાડતા હતા, ને કયાં આજે તેઓ સો સોનામહોરો આપવાની વાત કરે છે ! પુત્રને ચકિત થયેલો જોઈને અનાથપિંડક આગળ બોલ્યા, "પરંતુ તારે ભગવાન બુદ્ધનાં વચનોને સાંભળવા જવું પડશે." પિતાના આ વાક્યએ કાલને થોડોક નિરાશ કર્યો, પરંતુ સો સોનામહોરોનો લોભ તેને વધારે હતો, તેથી તે તૈયાર થઈ ગયો.

હવે તો ભગવાનનો સંગ તેનો નિત્યક્રમ બની ગયો. પ્રતિદિન તે તથાગતને સાંભળવા જવા લાગ્યો. પરંતુ હજુ સુધી પણ તેનાં અંતઃકરણ પર સોનામહોરોની ચમક છવાયેલી હતી. દરરોજ ઘરે આવીને તે પોતાના પિતાને કહેતો, "ક્યાં છે મારી સોનામહોરો ?" પહેલાં પોતાની સોનામહોરો ગણાવતો, ત્યારબાદ ભોજન કરતો. તેને બુદ્ધનાં વચનો સાથે કોઈ મતલબ ન હતો. તે તો જયારે તેમને સાંભળવા બેસતો હતો, ત્યારે પણ પોતાની સોનામહોરોનો હિસાબ કરતો હતો. આવી રીતે લગભગ એક માસ પસાર થઈ ગયો: એક દિવસ અનાથપિંડકે તેને વધુ આશ્ચર્યચકિત કરતાં કહ્યું, "પુત્ર હવે હું તને હજાર સોનામહોર આપવા ઈચ્છું છું." "તો શું મારે બીજા કોઈનો ઉપદેશ સાંભળવા જવું પડશે ?" કાલ પિતાને પૂછે છે. અનાથપિંડકે તેને દિલાસો આપતાં કહ્યું, "ના પુત્ર. ફક્ત તારે પ્રભુની વાણી સાંભળીને યાદ રાખીને મને સંભળાવવી પડશે."

કાલને આ કાર્ય ઘણું જ મુંઝવણભર્યું લાગ્યું, પરંતુ સોનામહોરોની સંખ્યા પણ દસ ગણી થવાની હતી. આટલી મોટી લાલચ તે આસાનીથી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કઈ રીતે છોડી દે ? તેણે 'હા' કહી દીધી. બીજા દિવસે જ્યારે બુદ્ધને સાંભળવા ગયો ત્યારે તેમનાં વચનો ખૂબ જ ધ્યાનથી સાંભળવાં પડ્યાં, કેમ કે હવે બધી જ વાતો યાદ રાખવાની હતી. યાદ રાખવા માટે એક એક વાત ઉપર ધ્યાન આપવાનું જરૂરી હતું. કેટલાય દિવસો સુધી આ ક્રમ ચાલતો રહ્યો. બુદ્ધનાં વચનો ઉપર જેમ જેમ તે ધ્યાન કેન્દ્રિત કરતો ગયો તેમ તેમ તેની અંતઃચેતનામાં સોનામહોરની ચમક ફિકી પડતી ગઈ.

છેવટે એ દિવસ પણ આવ્યો, જ્યારે તેની ચેતના ભગવાનની કૃપાથી આલોકિત થઈ ગઈ. તે હરહંમેશ માટે સંપૂર્ણપણે બુદ્ધત્વમાં સમાઈ ગયો. તે સાંજે તે ઘેર ન ગયો. પુત્રને કયાંક કશું થઈ તો નહિ ગયું હોય, એવા વિચાર સાથે ગભરાયેલા અનાથપિંડક ભગવાનની પાસે આવ્યા. ત્યાં પહોંચીને જોયું તો 'કાલ' એક બાજુ પર આંખ બંધ કરીને બેઠો છે. પુત્રને ઢંઢોળતાં તેમણે કહ્યું, "અરે ઘરે ચાલ, હજાર સોનામહોરો તારી રાહ જુવે છે." પિતાના આ વાક્યના જવાબમાં પુત્ર બોલ્યો, હવે તેને તમે જ સંભાળીને રાખો. જે સોનામહોરો પહેલાં આપી હતી, તે પણ પાછી લઈ લો. હવે આ બધાની જરૂરિયાત રહી નથી.

અનાથપિંડકે એને સમજાવવાની ઘણી જ કોશિશ કરી, પરંતુ એની ઉપર કોઈ જ અસર થઈ નહિ. લાલચરૂપી બધાંજ તીર વ્યર્થ ગયાં, શ્રેષ્ઠીની સમજમાં એ નહોતું આવતું કે તેમના પુત્રને શું થઈ ગયું છે ? તેઓ દોડતા શાસ્તાની પાસે ગયા અને કહ્યું, "ભગવાન આ શું રહસ્ય છે ? વર્ષોથી હું આપને સાંભળી રહ્યો છું અને મારા પુત્રએ તો હજુ થોડાક જ દિવસોથી આપને સાંભળ્યા છે અને તે પણ ધનની લાલચમાં સાંભળ્યા છે. સોનામહોરોના લોભમાં સાંભળ્યા છે. બુદ્ધ બોલ્યા, "તો શું થયું ? તેણે સાંભળ્યું તો છે. કોઈ પણ કારણે સાંભળ્યું હોય, મારાં વચનોનાં ઊંડાણમાં જવાની તેણે કોશિશ કરી છે, તમે તો હજુ સુધી મને સાંભળ્યો જ નથી. અત્યાર સુધી જે પણ કાંઈ કર્યું છે તે તમે ફક્ત તમારા યશ વિસ્તાર માટે કર્યું છે. તમારી પ્રતિષ્ઠા વધારવા માટે કર્યું છે. જ્યારે તમારા દીકરાએ મારાં વચનોના ઊંડાણમાં ઊતરવાની કોશિશ કરી છે અને જેણે મને સાંભળ્યો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે, તે તો મારો થઈ ગયો છે. હવે તેને તમે ચક્રવર્તીની સંપત્તિ પણ આપશો તો તે પાછો આવવાનો નથી. તમે તેને દેવલોકનો સમ્રાટ બનાવી દો, ઈન્દ્ર બનાવી દો તો પણ તે પાછો આવવાનો નથી. તમે ત્રણે લોકની બધી જ સંપદા તેનાં ચરણોમાં મૂકી દેશો તો પણ તે પાછો આવવાનો નથી." આ સાંભળી અનાથપિંડકે પૂછયું, "ભગવાન, આને શું થઈ ગયું છે ?" તો બુદ્ધ બોલ્યા," સ્રોતાપન્ન થઈ ગયો છે. તે ધ્યાનની સરિતામાં ઊતરી ગયો છે." તે સમયે ભગવાને આ ધમ્મગાથા કહી -

**પંથવ્યા એક રજ્જેન સગ્ગસ્સ ગમનેન વા।**
**સબ્બલોકાધિપચ્ચેન સોતાપત્તિ ફલં વરં॥**

પૃથ્વીના એકલા રાજા હોવા કરતાં અથવા સ્વર્ગગમન કરવા કરતાં અથવા બધા જ લોકોના અધિપતિ બનવા કરતાં પણ સ્રોતાપત્તિનું ફળ શ્રેષ્ઠ છે. ભગવાનની આ વાતો સાંભળીને અનાથપિંડકને એ સ્પષ્ટ થઈ ગયું કે જીવનું પોતાના મૂળ સ્રોતમાં જઈ મળવા જેવું શ્રેષ્ઠ બીજું કશું જ નથી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

**તે** કિંકર્તવ્યમૂઢ હતી. વિચારી શક્તી ન હતી કે આવે વખતે પોતાને કેવી રીતે બચાવે ? તેની મોટી મોટી આંખોમાં વિવશતા છલકાઈ ઊઠી. ગૌરવર્ણો સુંદર ચહેરો રંગહીન બની ગયો. કદાચ વ્યાકુળ અંતર્મનની ટીસ અનાયાસ જ ચહેરા પર છલકાઈ ગઈ. અસ્તિત્વના રૂંવેરૂંવે વેદનાભર્યો પોકાર છવાવા લાગ્યો. હૃદયમાં ઊછળતો પ્રભુપ્રેમ વધુ પ્રગાઢ થઈ ગયો. ભગવાન તથાગતના આ ભક્તિપૂર્ણ સ્મરણે તેને થોડી ધીરજ બંધાવી. હૃદયના ઊંડાણમાં સાહસની સંવેદના મધ્યમ ગતિએ પ્રવાહિત થવા લાગી. એણે ભરી આંખે પોતાના પતિ, સાસુ અને સસરા સામે જોયું. તે ત્રણેય એકમત હતા અને જબરદસ્તીથી પોતાના અધિકારોની દુહાઈ આપીને, તેને કર્ત્તવ્યનો પાઠ ભણાવીને વિવશ કરી રહ્યાં હતાં.

આ વિવશતા તેનાથી સહેવાતી ન હતી. જે કોઈ રીતે ઉચિત નથી તે કામ તો તે કેવી રીતે કરે ? પણ આ તો તેના જીવનની રોજની આફત હતી. રોજ તેનો પતિ, સાસુ કે પછી સસરા,કોઈ ઢોંગી સાધુ કે ભયાનક વેશભૂષાવાળા તાંત્રિકને લઈને આવતા અને તેમની સેવા કરવા તેને વિવશ કરતા. આ સાધુઓના ઢોંગ, તાંત્રિકોની વાસનાભરી નજર સામે તેને ચીડ હતી. તે સમજી શક્તી ન હતી કે તે શા માટે તેમની સેવા કરે ? શું કામ તે પોતાના દેહ-મનને આ વાસનાભર્યા ઢોંગની ચુંગલમાં ફસાવા દે ? તેણે પોતાના સાસરિયાના સભ્યોને જુદી જુદી રીતે સમજાવવાની કોશિશ કરી, પરંતુ તેઓ પર જાણે કાંઈ અસર જ ન હતી.

તે બધા તો બસ ચમત્કારોના મોહમાં બંધાયેલા હતા. ચમત્કારોમાં જ તેમને જીવનની સાર્થકતા લાગતી હતી. ચમત્કાર જ તેમની શ્રદ્ધા, ભક્તિ અને ભાવનાઓનું કેન્દ્રબિંદુ હતો. તે કયારેક જ્યારે ભગવાન તથાગત અને તેમના જીવનદર્શન વિશે તેમને જણાવતી, તો બધાં મળીને તેની હાંસી ઉડાવતાં. પરંતુ તે કેવી રીતે ભૂલી શકે પ્રભુને ! કરુણાના અવતાર તથાગત તો તેના પ્રાણોમાં વસેલા હતા. તેનું પોતાનું બાળપણ ભગવાનની ગોદમાં વીત્યું હતું. તેણે માના દૂધ સાથે ભગવાનનો પ્રેમ પણ પીધો હતો. બાળપણમાં તે કયારેક પ્રભુને પૂછતી, "ભગવાન ! મારે કયારેય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપથી અલગ તો નહિ થવું પડે ને ?" તથાગત મલકાઈને ઉત્તર આપતા, "પુત્રી ! કેવળ શરીર છૂટાં પડે છે. ભાવનાઓ તો સદાય જોડાયેલી રહે છે. શ્રદ્ધા સમય અને સ્થાનની દૂરતાને ઓગાળે છે. શ્રદ્ધા ઊંડી હોય તો અલગતા સંભવ જ નથી."

બાળપણની આ વાતો આજેય તેને પળ-પળ પ્રભુમાં ભીંજવી રહી હતી. તે ભગવાનના પરમ ભક્ત શ્રેષ્ઠી અનાથપિંડકની પુત્રી હતી. પિતાની સાથે તેને ભગવાનનું અંતરંગ સાંનિધ્ય મળ્યું હતું. ભગવાને જ એનું ચૂલસુભદ્રા નામ પાડયું હતું. ભગવાનનાં રૂપમાં તેણે કોહિનૂરની ચમક જોઈ હતી, હવે ભલા સસ્તા કાચના ટુકડા જેવા આ ઢોંગી સાધુ, તમાશો કરનાર મદારી તેને કેવી રીતે લોભાવે ? જેને ભગવાન બુદ્ધની ગોદ મળી હોય, તેને ભલા તાંત્રિકોના ચમત્કારોના ચક્રવ્યૂહ કેવી રીતે ફસાવે ? જેણે પરમ પવિત્રતાની સુગંધ માણી હોય તેને ભલા દુર્ગંધવાળી વાસના કેવી રીતે આકર્ષી શકે ? પરંતુ તેની આ ભાવદશા સાસરિયાંને સમજાતી ન હતી.

ઉગ્રનગરવાસી ઉગ્ગત શેઠના પુત્ર સાથે તેનું લગ્ન થયું હતું. ઉગ્ગત શેઠ મિથ્યાદૃષ્ટિવાળા હતા. તેઓ પાખંડીઓનો આદર કરતા હતા. તેમને ધર્મમાં નહિ, ચમત્કારોમાં શ્રદ્ધા હતી. તેમના ઘરમાં મદારીઓ, જાદુગરો અને ધૂર્તોનું ભારે સન્માન હતું. આ જાતજાતના ઢોંગીઓ આવતા ત્યારે તેઓ ચૂલસુભદ્રાને તેમની સેવા કરવાનું કહેતા. સમ્યક્દૃષ્ટિવાળી તે યુવતી કોઈ ને કોઈ રીતે આ ઢોંગીઓની એકાંતસેવાને ટાળી દેતી, પરંતુ તેનો આ વ્યવહાર તેના સસરાને ખૂંચતો. પતિના અહંકારને પણ ઠેસ પહોંચતી. સાસુ પણ તેનાથી પરેશાન રહેતી. આખોય પરિવાર પાખંડીઓની જાળમાં હતો.

આજે જ્યારે ચૂલસુભદ્રાએ અતિ આગ્રહ હોવા છતાં કાળાં કપડાં પહેરેલા, ખતરનાક ડાકુ જેવા દેખાતા તાંત્રિકની સેવા કરવાનો ઈન્કાર કર્યો, તો બધાં જ ગુસ્સાથી લાલચોળ થઈ ગયાં. તેના પતિએ તેને જોરથી લાત મારતાં કહ્યું, "તું હંમેશાં અમારા સાધુઓનો અનાદર કરે છે, તો બોલાવ તારા બુદ્ધને અને તારા સાધુઓને. અમે પણ જોઈએ, એમનામાં શું ચમત્કાર છે ? અને શી રિદ્ધિ - સિદ્ધિઓ છે ?"



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચૂલસુભદ્રાએ પતિની આવી વાત સાંભળીને જેતવનની દિશામાં પ્રણામ કરીને આંસુભરી આંખે, ભક્તિભર્યા હૃદયે કહ્યું, "ભન્તે ! કાલ માટે પાંચસો ભિક્ષુઓ સાથે મારા ઘેર ભોજનનો સ્વીકાર કરો. મને ભૂલી તો નથી ગયા ને મારા આરાધ્ય ! મારો પોકાર સાંભળો છો ને ભગવન્ ! હું છું આપની બેટી ચૂલસુભદ્રા !" અને પછી તેણે ત્રણ મુઠી જૂઈનાં ફૂલ આકાશ તરફ ફેંક્યાં. પતિ અને તેનો સમગ્ર પરિવાર તેના આ ગાંડપણને જોઈ ખૂબ હસ્યો, કારણ કે જેતવન ત્યાંથી ખાસ્સા માઈલ દૂર હતું, જ્યાં ભગવાન રોકાયા હતા. પરંતુ ભગવાનની ભક્તિથી ભરેલી ચૂલસુભદ્રા તથાગત અને ભિક્ષુસંઘના સ્વાગતની તૈયારીમાં લાગી ગઈ.

જે.ક્ષણે ચૂલસુભદ્રાએ ભગવાનને પોકાર્યા હતા, તે વખતે ભગવાન જેતવનમાં પ્રવચન કરી રહ્યા હતા. તેઓ બોલતાં બોલતાં વચમાં અટકી ગયા અને કહેવા લાગ્યા, "ભિક્ષુઓ, જૂઈનાં ફૂલોની સુગંધ આવી રહી છે ને !" અને એમણે ઉગ્રનગર તરફ નજર માંડી. ત્યારે અનાથપિંડકે ઊભા થઈને કહ્યું, "ભન્તે કાલ માટે મારું ભોજન સ્વીકારો." ભગવાને કહ્યું, "ગૃહપતિ, હું કાલ માટે પુત્રી ચૂલસુભદ્રાના નિમંત્રણનો સ્વીકાર કરી ચૂક્યો છું. તેણે જૂઈનાં ફૂલોની સુગંધ સાથે હમણાં જ આમંત્રણ મોકલ્યું છે." ચકિત શ્રેષ્ઠી અનાથપિંડક કહેવા લાગ્યા, "ભન્તે ! ચૂલસુભદ્રા તો અહીંથી માઈલો દૂર છે, તેણે કેવી રીતે આપને આમંત્રણ આપ્યું ? હું તો તેને અહીં ક્યાંય જોઈ શકતો નથી."

ભગવાન હસ્યા, એમણે આ ધમ્મગાથા કહી -

**દૂરે સંતો પકાસતે હિમવંતો વ પબ્બતા ।**
**અસંતેત્થ ન દિસ્સંતિ રત્તિખિત્રા યથાસરા ॥**

સંત દૂર હોવા છતાંય હિમાલય પર્વતની જેમ પ્રકાશમાન હોય છે અને અસંત પાસે હોવા છતાં રાત્રે ફેંકેલા બાણની જેમ દેખાતા નથી.

પોતાના આ કથનને વધુ સ્પષ્ટ કરતાં ભગવાને કહ્યું, "ગૃહપતિ, દૂર રહેવા છતાંય સત્પુરુષ સામે ઊભા હોય તેમ પ્રકાશમાન છે. હું અત્યારે સુભદ્રાની સામે જ ઊભો છું. શ્રદ્ધા મોટો સેતુ છે. તે સમય અને સ્થાનની સમસ્ત દૂરતાને જોડવામાં સમર્થ છે. વાસ્તવમાં શ્રદ્ધાની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સીમામાં સમય અને સ્થાનનું અસ્તિત્વ જ નથી. અશ્રદ્ધાળુ પાસે હોવા છતાંય દૂર અને શ્રદ્ધાળુ દૂર રહેવા છતાંય પાસે હોય છે.

અનાથપિંડક અને ભિક્ષુઓને શ્રદ્ધાના મહિમાનું જ્ઞાન કરાવીને ભગવાન ભિક્ષુઓ સાથે ઉગ્રનગર તરફ ચાલી નીકળ્યા. નિશ્ચિત સમયે ચૂલસુભદ્રાના સાસુ-સસરા અને પતિએ ભગવાન તથાગત અને એમના ભિક્ષુઓને પોતાના દ્વારે ઊભેલા જોયા. ભગવાનનાં દર્શન માત્રથી તેમની મલિનતા ધોવાઈ ગઈ. તેમને સાધુતાનું પ્રત્યક્ષ જ્ઞાન થઈ ગયું. ભગવાને પોતાનાં ચરણો પર માથું નમાવતી ચૂલસુભદ્રાને કહ્યું, "પુત્રી ! તું મારાથી કયારેય દૂર નથી. હું સદા-સદા તારી પાસે છું. જેની પાસે તારા જેવી શ્રદ્ધા છે, તેમના માટે કાંઈ પણ અસંભવ નથી."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વસંતની સુરમ્યતા પ્રકૃતિમાં ચારે તરફ છવાયેલી હતી. રંગબેરંગી પુષ્પો તથા નવપલ્લવોએ મળીને ધરતીને દેવોને માટે આકર્ષક બનાવી દીધી હતી. આમ્ર મંજરી પર વિહાર કરતા ભ્રમર નિત્ય નવાં ગીતોની સૃષ્ટિ રચતા હતા. કોયલના ટહુકા તો જાણે દેવલોકવાસીઓને ધરા પર આગમન માટે ખુલ્લું આમંત્રણ આપતા હતા. આ પ્રાકૃતિક આકર્ષણમાં એક અલૌકિક તત્ત્વ પણ સમાયેલું હતું. ભગવાન તથાગતના પાવન સંસ્પર્શથી વૈશાલીનું આ આમ્રવન જ નહિ, સંપૂર્ણ પ્રકૃતિ પરિમંડળ આધ્યાત્મિક આભાથી ઝગમગી ઊઠયું હતું.

ભગવાન આ દિવસોમાં પોતાના ભિક્ષુ સંઘની સાથે વૈશાલી આવ્યા હતા. તેઓ વૈશાલીનગરથી થોડે દૂર એક આમ્રવનમાં રોકાયા હતા. વજ્જી સંઘની રાજધાની તે દિવસોમાં પોતાની સમૃદ્ધિ,વૈભવ તથા શોભા માટે સંપૂર્ણ ભારતવર્ષમાં વિખ્યાત હતી. ભગવાનની ચરણરજના સ્પર્શથી તેની સમૃદ્ધિને પાવનતાનું વરદાન મળી ગયું હતું. જેમના પણ અંતઃકરણમાં નાનો સરખો પણ આધ્યાત્મિકતાનો અંકુર હતો, તેમને ભગવાનનું આગમન પ્રાણ-સંજીવની જેવું લાગ્યું. તથાગતની ભગવત્તાની નિર્મળ લહેરો, જન-મનને પાવન કરવામાં પૂર્ણ સમર્થ હતી.

પ્રભુનું સાંનિધ્ય દરેક માટે દરેક પ્રકારે અલૌકિક હતું. માનવી જ નહિ. પશુ-પક્ષી એટલે સુધી કે જડ પ્રકૃતિ પણ પોતાનામાં એક અલૌકિક પરિવર્તનની અનુભૂતિ કરી રહી હતી. જેમણે અનુભવ કર્યો, તેઓએ કહ્યું કે ભગવાન દ્વારા સુખ પામીને સૂકાં વૃક્ષ પણ ફરીથી લીલાં થઈ ગયાં હતાં. જે જીવન-વીણાઓ સૂની પડી હતી તેમાં સંગીત ગુંજી ઊઠ્યું હતું, જે ઝરણાં સુકાઈ ગયાં હતાં અથવા પાણીનાં વહેણ ઓછાં થઈ ગયાં હતાં, તે ફરીથી વેગપૂર્વક વહેતાં થયાં હતાં. રણ આપોઆપ ઉદ્યાનમાં બદલાઈ ગયાં હતાં. જોવા જાવ તો બધું ફક્ત તેમણે જ જોયું જેમની પાસે અંતર્દૃષ્ટિ હતી, જે પ્રકૃતિના અંતરાલમાં વહેતી ધારાઓની જેમ વહેતાં પરિવર્તનોને જોઈ શક્તા હતા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભગવાનનું દિવ્યસ્વરૂપ માત્ર ચર્મચક્ષુઓ દ્વારા સમજમાં આવનારું ન હતું. બાહ્ય કાનોના સહારે આ પરમ દિવ્ય સંગીત સાંભળી શક્વું શક્ય ન હતું. પ્રભુના સાંનિધ્યમાં પ્રકૃતિ જે પરમોત્સવ મનાવી રહી હતી, તે તો પરમાત્મદશાનો પરમયોગ હતો. માત્ર સમાધિમાં જ આ સ્વરોને સાંભળી શકાતા હતા. સમાધિની ભાવદશામાં જ આ મહોત્સવને જોઈ શકાતો હતો.

જે આને જોઈ શક્તા હતા, તે આહ્‌લાદિત હતા. જે સાંભળી શક્તા હતા, તે મસ્ત થઈ રહ્યા હતા. જે આહ્‌લાદિત હતા, જેઓ આનંદ ઉઠાવી રહ્યા હતા, તેમના માટે ભગવાનના સાંનિધ્યનું સ્વર્ગ રોજ-રોજ પોતાનાં નવાં દ્વાર ખોલી રહ્યું હતું. કેટલાક એવા પણ હતા, જેમને કશું દેખાતું ન હતું, સંભળાતું ન હતું. તેઓ તરસ્યા આવ્યા હતા અને પ્રભુચેતનાના ક્ષીરસાગરના સામીપ્યમાં પણ તરસ્યા જ હતા. તેઓ આવવા છતાં પણ ગેરહાજર હતા. તેમને મળવા છતાં પણ નહોતું મળ્યું. ભગવાન આવે છે. દરેક યુગમાં આવે છે. તેમનું આગમન પોતાના ભક્તોની ભાવચેતનાને સરખી કરવા માટે થાય છે. તેઓ પોતાના પ્રેમની સરસ સુધાની મુક્ત મને વર્ષા કરે છે, પરંતુ આની અંદર ભીંજાય છે એ જ જેમણે પોતાના અસ્તિત્વને પ્રભુમાં વિસર્જિત કરી દીધું છે. જે હજુ પણ પોતાના અહંની ચાદર ઓઢીને ફરે છે, જેમને હજુ પણ પોતાની વાસનાનો કીચડ ધોવામાં સંકોચ થઈ રહ્યો છે, તેઓ કોરેકોરા રહી જાય છે. ભિક્ષુ વજ્જીપુત્ત આવા જ અભાગીઓમાંના એક હતા. ભગવાનના મહાબોધિ સાગરને કિનારે પહોંચીને પણ તેઓ તેમની ભાવચેતનાથી વણસ્પર્શ્યા હતા. તેમની આંખો જોઈ રહી હતી, કાન સાંભળી રહ્યા હતા, પરંતુ તે નહિ, જે અમૃતમય હતું. તેમના કાનોમાં આમ્રવનથી દૂર વૈશાલી નગરમાં ચાલી રહેલ રાગ-રંગના સ્વર ગુંજી રહ્યા હતા. તેમની આંખો વૈશાલીની નર્તકીઓના ચર્મ-સૌંદર્યને જોવાને વ્યાકુળ હતી. વૈશાલીમાં હાલમાં મદનોત્સવની ધૂમ હતી. રાસ-રંગની છટા ત્યાં ખીલી હતી. વાસનાના અનેક રંગ, અગણિત રૂપ વૈશાલીના આંગણામાં મસ્તીથી ઝૂમી રહ્યાં હતાં. યુવક યુવતીઓના ઉન્મુક્ત વિહાર-વિલાસ-ક્રીડાઓને દરરોજ નવો આયામ દર્શાવતો હતો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભિક્ષુ વજ્જીપુત્તની આંખો આ બધું જોવા માટે તલસી રહી હતી. તેમના કાનોને આ વિલાસ સંગીત સાંભળવાની વ્યાકુળતા હતી. તેમનું અંતઃકરણ વિહ્‌વળ હતું - આ રાસ-રંગમાં ઉન્મુક્ત થઈ ભાગીદાર થવા માટે. તે રાત્રિએ તો તેમની આ વ્યાકુળતા-વિહ્‌વળતા ચરમ પર જઈ પહોંચી. આ મદનોત્સવની વિલાસ રાત્રિ હતી. ફાલ્ગુન માસનો ચંદ્રમા જન-મનમાં અનેક વિચાર-તરંગો ઉછાળી રહ્યો હતો.

ભગવાન તથાગતના સાંનિધ્યમાં હોવા છતાં પણ વજ્જીપુત્ત વ્યાકુળ હતો. નગર બાજુથી આવતી સંગીત અને નૃત્યની સ્વરલહેરો તેને બેચેન કરતી હતી. તે અભાગી ભિક્ષુ ભગવાનના પાવન સંગીતને હજુ સુધી સાંભળી શક્યો ન હતો. તેની આંખો ભગવાનના મર્મસ્થળમાંથી ઊઠતા પ્રકાશ પુંજને હજુ સુધી જોઈ શકી ન હતી, પરંતુ વૈશાલી નગરમાં સળગતા દીવાઓનો ઝાંખો પ્રકાશ તેને સ્પષ્ટ નજરે પડતો હતો. રાજધાનીમાં થઈ રહેલ રાગ-રંગ અને તેમાંથી આવતી સ્વર-લહેરીઓને તે સ્પષ્ટપણે સાંભળી રહ્યો હતો. નાચ-ગાનના અવાજોએ તેને ઉદાસ કરી નાંખ્યો. તે દુઃખી થઈ વિચારવા લાગ્યો કે નકામો ભિક્ષુ બનીને જીવન ગુમાવી રહ્યો છું. સુખ તો સંસારના વિલાસમાં છે. જુવો તો ખરા, લોકો કેવા ખુશ છે ! સમગ્ર વૈશાલી નગર આજે ઉત્સવ મનાવી રહ્યું છે અને હું અહીં પડયો પડયો ફક્ત દુઃખી થઈ રહ્યો છું. સંન્યાસ લઈને મેં ફક્ત દુઃખોને નિમંત્રણ આપી દીધું.

ભિક્ષુની વિકૃત ભાવદશામાં ભલા શેતાન(કામદેવ) કયાંથી દૂર રહી શકવાનો હતો. તે વાસનાભરી કલ્પનાઓના સહારે વજ્જીપુત્તના મનમાં ઘૂસી ગયો. શેતાને તેને ભરપૂર ઉકસાવ્યો, પોતાનું કાર્ય સાધવા માટે મોટી મોટી લાલચ દર્શાવી. અનેક મોહક સપનાઓના મહેલ ઊભા કરી દીધા. શેતાનની ઝપટમાં આવી ચૂકેલો તે વિચારવા લાગ્યો, બહુ થઈ ગયું, હું કાલે સવારે જ ભાગી જઈશ. સંસાર સત્ય છે. હું નકામો અહીં પડયો તડપી રહ્યો છું. અહીં છે પણ શું ?

સવારે તે ચૂપચાપ ઊઠીને ભાગે તે પહેલાં જ ભગવાને તેને બોલાવ્યો. ભગવાનનો તેને બોલાવતો સંદેશો સાંભળી તે ચોંકી ઊઠયો. આ પહેલો અવસર હતો, જ્યારે તથાગતે તેને બોલાવ્યો હોય. તે થોડો ગભરાયો,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મનમાં શંકા ઉત્પન્ન થઈ. મનમાં વિચાર પણ આવ્યો કે મેં તો મારા મનની વાત કોઈને જણાવી પણ નથી. કદાચ તેમણે અમસ્તો જ બોલાવ્યો હશે.

ભગવાને જ્યારે તેના મનની સંપૂર્ણ કથા કહી સંભળાવી તો તેને વિશ્વાસ જ ન આવ્યો. એક-એક વાત જે શેતાને તેને કરવા જણાવી હતી, એકેએક સપનાં જે તેણે રાતભર જોયાં હતાં અને તેનો ભાગવાનો નિર્ણય ભગવાને બધું જ કહી સંભળાવ્યું. ભગવાનની કરુણાએ તેના મનના મેલને ક્ષણભરમાં ધોઈ નાંખ્યો. મનની નિર્મળતા પામતાં જ તેને પોતાની બુદ્ધિ ઉપર ભારે પસ્તાવો થયો. ભગવાનની પાસે આમ જોવા જાવ તો તે વર્ષોથી હતો, પરંતુ આજે તેને સાચો સત્સંગ થયો. તે દિવસે તેને ભગવાન બુદ્ધની વીણાના સ્વર સંભળાયા.

ભગવાને તેને આ ધમ્મગાથા સંભળાવી -

**દુપ્પબજ્જં દુરભસ્રભં દુરવાસા ઘરઃ દુખા ।**
**દુક્ખો સમાન સંવાસો દુક્ખાનુપતિતંદ્ધયૂ ।**
**તસ્મા ન ચ અદ્ધગૂ સિયા ન ચ દુક્ખાનુપતિતો સિયા ॥**
**સદ્ધો સીલેન સમન્વો યસોભોગ સમપિતો ।**
**યં યં પદે સં ભજતિ તત્ય ત્યેવ પૂજિતો ॥**

ખોટા સંન્યાસમાં રમણ કરવાનું દુષ્કર છે. ન રહેવા યોગ્ય ઘરમાં રહેવું દુઃખદ છે. અસમાન તથા પ્રતિકૂળ લોકોની સાથે રહેવું દુઃખદ છે. એટલા માટે સંસારના માર્ગના પથિક ન બનો અને દુઃખી ન થાવ.

શ્રદ્ધા અને શીલથી સંપન્ન તથા યશ અને ભોગથી મુક્ત પુરુષ જ્યાં પણ જાય છે, સર્વત્ર પુજાય છે.

ભગવાનની આ ધમ્મગાથાઓને આત્મસાત્ કરવાથી ભિક્ષુ વજ્જીપુત્તને માટે તે દિવસે સંસાર ખોટો થયો, પરિવ્રાજક જીવન સત્ય બન્યું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**અ**નુભવથી ઓતપ્રોત મીઠા બોલ સાંભળનારાની ભાવનાઓમાં ભળી રહ્યા હતા. શ્રાવસ્તી નગર અને આસપાસના ગામના લોકો પોતાને ધન્ય માની રહ્યા હતા. તેમને પોતાનું જીવન ભાગ્યશાળી લાગી રહ્યું હતું. ભગવાન બુદ્ધના આ બંને શિષ્યો સારિપુત્ર અને મૌદ્ગલાયનનાં વચનોની પીયૂષ વર્ષા તેમની અંતર્ચેતનાનાં પડોને એક રહસ્યમય રસથી ભીંજવી રહી હતી. એ વખતે તથાગત શ્રાવસ્તીમાં રોકાયા હતા. ભિક્ષુસંઘના સભ્યો સૂર્યકિરણોની જેમ ચારે તરફ તેમની પ્રભા પ્રસરાવી રહ્યા હતા. ભગવાનના આગમનથી શ્રાવસ્તીમાં જાણે એક આલોકલોક વસી ગયો હતો.

ભિક્ષુસંઘના આ સભ્યોમાં સારિપુત્ર અને મૌદ્ગલાયનની ભાવદશા અપૂર્વ હતી. આ બંને ભગવાન પ્રત્યે સંપૂર્ણ સમર્પિત હતા. ભગવાનની ભાવચેતના પણ એમનામાં પૂર્ણપણે સમાયેલી હતી. બધા નગરવાસી તથા આસપાસના ગ્રામજનો તેમની પ્રશંસા કરી રહ્યા હતા. અપૂર્વ હતો તેમની વાણીમાં રસ, અપૂર્વ હતો ભગવાનના એ બંને શિષ્યોનો બોધ અને અપૂર્વ હતી તેમની સમાધિ. તેમનાં વચનો સૌને જાગૃતિનો સંદેશ આપતાં હતાં. સૂતેલાંને જગાડતાં હતાં અને મૃતકોને જીવનદાન આપતા હતા. તેમની પાસે બેસવું તે અમૃતસરોવરમાં સ્નાન સમાન હતું. ત્યારે સૌના મનમાં પ્રશંસા ઊમટવાનું સ્વાભાવિક હતું.

સતત ઊમટી રહેલા પ્રશંસાના આ ફુવારા જ્યાં જિજ્ઞાસુઓને સુખ પહોંચાડતા હતા ત્યાં લાલુદાઈને કાંટાની જેમ કષ્ટ આપી રહ્યા હતા. તેને આ બધું અસહ્ય લાગી રહ્યું હતું. ઈર્ષ્યાની અસહ્ય બળતરાથી બેચેન થઈ તે વિચારવા લાગ્યો કે સારિપુત્ર અને મૌદ્ગલાયન પાસે એવું તે શું છે જે તેની પાસે નથી. એ તો આ બંને કરતાં મોટા અવાજમાં બોલી શકે છે. તેની પાસે કોઈ બીજા કરતાં ઓછું જ્ઞાન નથી. ઈર્ષ્યાની જ્વાળાઓએ તેના મનને એવું વિકળ અને વિહ્વળ બનાવી દીધું કે તેને સત્ય ભાવનાઓ દેખાઈ નહિ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઈર્ષ્યાની બળતરાથી તેના અહંકારનો નાગ છંછેડાઈ ગયો. ક્રોધની વિષધારાઓ વહેવા લાગી. તેણે ક્યારેય કોઈને પોતાના કરતાં બુદ્ધિશાળી માન્યા જ ન હતા. જો કે તે ભગવાનનાં ચરણોમાં ઝૂકતો હતો, પરંતુ માત્ર દેખાવ માટે. પોતાની અંદર તો તે ભગવાનને પણ પોતાના કરતાં શ્રેષ્ઠ માનતો ન હતો. તેનો અહંકાર અતિ પ્રજ્વલિત હતો. મોકો મળે ત્યારે તે બીજી રીતે પરોક્ષ રૂપે ભગવાનની પણ નિંદા કરવાનું ચૂકતો ન હતો. ક્યારેક કહેતો, આજે ભગવાને બરાબર કહ્યું નથી, ક્યારેક કહેતો, ભગવાને આમ કહેવું જોઈતું ન હતું તો ક્યારેક કહેતો કે ભગવાન થઈને આવું કરવું જોઈએ નહિ.

પોતાના સદ્‌ગુરુની નિંદામાં રસ લેતો લાલુદાઈ ભલા જયેષ્ઠ ગુરુભાઈઓની પ્રશંસા કેવી રીતે સહન કરે. એક દિવસે એ જયાં ઘણા નગરજનો સારિપુત્ર અને મૌદ્‌ગલાયનની પ્રશંસા કરી રહ્યા હતા ત્યાં જઈ પહોંચ્યો. લાલુદાઈ મોટા અવાજે નગરજનોને ધમકાવવા લાગ્યો, શું બકવાસ ચલાવી રહ્યા છો તમે બધા ? એવું શું છે એ સારિપુત્ર અને મૌદ્‌ગલાયનમાં ? ધર્મના વાસ્તવિક તત્ત્વથી અજાણ તમે કાંકરા અને પથ્થરને હીરા સમજી બેઠા છો. અરે ! પરખ કરવી હોય તો પારખુઓને પૂછો. હીરાની ઓળખ કરવી હોય તો ઝવેરીને પૂછો. મને પૂછો અને પ્રશંસા જ કરવી હોય તો મારા ધર્મોપદેશની કરો.

લાલુદાઈનો મોટો અવાજ, તેના જોરથી આમ કહેવાથી નગરના લોકો ડરી ગયા. એ બધા વિચારવા લાગ્યા કે આ લાલુદાઈ કંઈક વધારે શ્રેષ્ઠ સમાધિસિદ્ધ હોય એમ લાગે છે. એ બધાએ તેમને ધર્મોપદેશ માટે વિનંતી કરી, પરંતુ એ વારંવાર ટાળતો હતો. ક્યારેક કહેતો યોગ્ય સમયે અને યોગ્ય ઋતુમાં કહીશ. જ્ઞાની ગમે ત્યારે અને પ્રત્યેક જનને ઉપદેશ આપતા નથી. પહેલી વાત તો એ કે સાંભળનારમાં પાત્રતા જોઈએ. આમ જ કોઈ પણ પાત્રમાં અમૃત નાંખવામાં આવતું નથી.

આ બધી વાતો મહત્ત્વની હતી. લોકોમાં પ્રભાવ વધતો ગયો. પોતાનો પ્રભાવ વધારવા માટે તે એમ પણ કહેતો, જ્ઞાની મૌન રહે છે. તમે શાસ્ત્રોમાં વાંચ્યું હશે કે જે બોલે છે તે ક્યાં જાણે છે ? જે ચૂપ રહે છે તે જ જાણે છે. પરમ જ્ઞાની ક્યાં બોલે છે. નગરજનોમાં તેની ધાક વધવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લાગી. સાચે જ એમનામાં ઉત્સુકતા પણ પેદા થઈ ગઈ. આ દરમિયાન લાલુદાઈ પોતાના વ્યાખ્યાનની તૈયારીમાં લાગ્યા હતા.

જયારે વ્યાખ્યાનનો શબ્દેશબ્દ ગોખાઈ ગયો ત્યારે એક દિવસ ધર્માસન પર વિરાજમાન થયા. બધા નગરજનો અને આસપાસના ગ્રામજનો તેમને સાંભળવા આવ્યા. લાલુદાઈએ ત્રણ વખત બોલવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અટકી ગયા. માત્ર સંબોધન નીકળતું ઉપાસકો !

અને વાણી અટકી જતી. ઘણીવાર ખાંસવાનો અને ગળું સાફ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ કશું યાદ ન આવ્યું. પરસેવો વળવા લાગ્યો. ચોથી વાર પ્રયત્ન કર્યો, ત્યારે સંબોધન પણ ન નીકળ્યું. બધી સૂઝબૂજ ખોવાઈ ગઈ. ગોખાઈ ગયેલું યાદ કર્યું પરંતુ યાદ આવ્યું નહિ. હાથપગ કાંપવા લાગ્યા અને મોઢું બંધ થઈ ગયું. હવે તો લોકોની સામે પોલ ખૂલી ગઈ.

લાલુદાઈ મંચ છોડીને ભાગ્યા. બધા નગરજનોએ તેમનો પીછો કર્યો. બધાની સામે એ સત્ય પ્રગટ થઈ ગયું કે તે સારિપુત્ર અને મૌદ્ગ્લાયનની પ્રશંસા સાંભળી શકતો નથી. ભગવાન સુધ્ધાંની નિંદા કરતો રહે છે અને પોતાને કશું આવડતું નથી. નગરવાસીઓના આક્રોશથી ગભરાઈને ભાગતા લાલુદાઈ મળમૂત્રના એક ખાડામાં પડી ગયા અને ગંદકીથી ખરડાઈ ગયા. તેમની આ દશા જોઈ નગરવાસીઓ હસતા હસતા તેમના ઘેર પાછા જતા રહ્યા.

ભગવાન પાસે જયારે આ ખબર પહોંચી ત્યારે એમણે હાજર ભિક્ષુઓને આ ધમ્મગાથાઓ કહી -

**અસમજ્ઝાયમલા મંતા અનુટ્ઠાનભલા ઘરા।**
**મલં વણ્ણસ્સ કોસજ્જં પમાદો રક્ખતો મલં॥**
**તતો મલા મલંતરં અવિજ્જા પરમં મલં।**
**એતં મલં પહત્વાન નિમ્મલા હોથ ભિક્ખવે॥**

અર્થાત્ સ્વાધ્યાય ન કરવો તે મંત્રોનો મેલ છે. કચરો ન વાળવો તે ઘરનો મેલ છે. આળસ સૌંદર્યનો મેલ છે, પ્રમાદ ચોકીદારોનો મેલ છે. આ બધા મેલોથી પણ વધારે અવિદ્યા પરમ મેલ છે. ભિક્ષુઓ આ મેલ છોડીને નિર્મળ બનો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ ધમ્મગાથાઓનું અંદરનું રહસ્ય બતાવતાં ભગવાને કહ્યું - ભિક્ષુઓ ! આ લાલુદાઈ જન્મજન્માંતરોથી આવી જ ગંદકીમાં સબડતો રહ્યો છે. ભિક્ષુઓ ! અહંકાર ગંદકી છે, મેલ છે. ભિક્ષુઓ ! અલ્પજ્ઞાન ઘાતક છે. કોરું શબ્દજ્ઞાન ઘાતક છે, અનુભવશૂન્ય શાસ્ત્રજ્ઞાન ઘાતક છે. આ લાલુદાઈએ માત્ર થોડાક શબ્દોનું રટણ કર્યું હતું, પરંતુ અનુભવ વિના કોરા શબ્દો માત્ર બંધન છે. આ લાલુદાઈએ ધર્મની કેટલીક વાતો જરૂર સાંભળી હતી, પરંતુ એણે સારી રીતે સ્વાધ્યાય કર્યો ન હતો. જો એણે ધર્મશ્રવણ પર ધ્યાન આપ્યું હોત તો આવી દુર્ગતિ ન થાત.

તથાગતે ગંભીર થઈને કહ્યું, 'તમે બધા એના પરથી બોધપાઠ લો. નિંદા સરળ છે અને આત્મજ્ઞાન અઘરું છે. નાશ સરળ છે અને સર્જન મુશ્કેલ છે. આત્મસર્જન તો એના કરતાં વધારે મુશ્કેલ છે. અહંકાર હરીફાઈ જગાડે છે. હરીફાઈથી જ ઈર્ષ્યા પેદા થાય છે. ઈર્ષ્યાથી દ્વેષ અને શત્રુતા પેદા થાય છે. એવામાં અંતર્બોધ જાગે તો કેવી રીતે ? આથી પરચર્ચા અને પરનિંદાથી વારંવાર બચતા રહો. બીજાનો વિચાર જ ન કરો. સમય ઓછો છે, સ્વયંને જગાડો અને બનાવી લો. અન્યથા વારંવાર મળમૂત્રના ખાડામાં પડશો. હે ભિક્ષુઓ ! તમે જ વિચાર કરો કે વારંવાર ગર્ભમાં આવવું તે મળમૂત્રના ખાડામાં પડવાનું નથી તો બીજું શું છે ?'



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**રાજ**ગૃહનગર ઘણીવાર ભગવાન તથાગતનાં શ્રીચરણોના સ્પર્શથી પાવન થતું રહેતું હતું. નગરજનોમાં ભગવાન પ્રત્યે સહજ પ્રેમ હતો. તે બધા ઊઠતાં બેસતાં એકબીજાને મળે ત્યારે 'નમો બુદ્ધસ્સ' કહી તથાગતનું સ્મરણ કરી લેતા હતા. આ નગરમાં બે બાળકોની મિત્રતા ખૂબ પ્રસિદ્ધ હતી. સુવીર અને સુયશ એમનાં નામ હતાં. કિશોરવયના આ બંને બાળક ભાતભાતની રમતો રમતા હતા. આશ્ચર્યની બાબત એ હતી કે સુયશ હંમેશાં જીતતો હતો અને સુવીર હંમેશાં હારી જતો. એમાં સૌથી નવાઈની વાત તો એ હતી કે જે સદા જીતતો હતો તે હારનારની દૃષ્ટિએ બધી દૃષ્ટિએ નબળો હતો.

સુવીરે પોતાની જીત માટે બધા ઉપાય અજમાવ્યા. રમવાનો વધારે અભ્યાસ કર્યો, પરંતુ સફળતા મળી નહિ. છતાં પરિણામ પહેલાં જેવું જ રહ્યું. સુવીરને એ વાતની ભારે ચિંતા હતી કે આખરે સુયશનું સતત જીતવાનું કારણ શું છે ? હા, એક વાત સુયશમાં સ્પષ્ટ નજરમાં આવતી હતી કે તે આશ્ચર્યજનક રીતે શાંત રહેતો હતો. એનામાં જીત માટે ક્યારેય કોઈ ઉત્સુકતા દેખાતી ન હતી. એનામાં જીતવા માટેનો ક્યારેય કોઈ આગ્રહ ન હતો. તે માત્ર રમતો હતો સંપૂર્ણ મનોયોગથી છતાં એમાં આગ્રહ ન હતો.

એનામાં ફળની કોઈ આકાંક્ષા ન હતી. એને જોતાં લાગતું હતું જાણે તે પોતાનામાં કેન્દ્રિત છે, સ્વયંમાં તેની સ્થિતિ છે. એનામાં એક અનોખું ઊંડાણ હતું. તે અધૂરો પણ ન હતો કે ન એનામાં કોઈ છીછરાપણું હતું. એના અંતઃકરણમાં જાણે કોઈ જયોત કંપરહિત પ્રજ્વલિત હતી. તેની ચારે તરફ એક શાંતિપૂર્ણ પ્રભામંડળ હતું. કદાચ તેથી જ વારંવાર હારવા છતાં સુવીર તેનો શત્રુ બની ન શક્યો. તેની મિત્રતા કાયમ હતી. સુયશ ગમે તેટલી વખત જીતે, પરંતુ તેનામાં ક્યારેય કોઈ અહંકાર આવતો ન હતો. જીતવું એ તેના માટે કંઈ ખાસ ન હતું. રમવું એ જ તેને માટે સર્વસ્વ હતું, પરંતુ જીતે કે હારે એનાથી તેને કોઈ પ્રયોજન ન હતું. છતાં તે જીતતો હતો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુવીર, સુયશના પ્રત્યેક વ્યવહારને બારીકાઈથી જોતો હતો. આ ક્રમમાં તેણે જોયું કે સુયશ કોઈ પણ રમત શરૂ કરતાં પહેલાં આંખ બંધ કરીને ક્ષણ માટે નિસ્તબ્ધ બની જતો હતો. કંઈક એ રીતે જાણે આખો સંસાર રોકાઈ ગયો હોય. હા,તે હોઠોથી અવશ્ય કંઈક ગણગણતો હતો. જાણે તે કોઈ પ્રાર્થના કરી રહ્યો હોય અથવા તો પછી કોઈ મંત્રોચ્ચાર કરતો હોય કે તેના ઈષ્ટનું સ્મરણ કરતો હોય.

અંતે એક દિવસ સુવીરે સુયશને એનું રહસ્ય પૂછયું, પ્રિય મિત્ર, તમે રમત શરૂ કરતાં પહેલાં શું કરો છો ? દરેક રમત શરૂ થાય તે પહેલાં તમે કઈ દુનિયામાં ખોવાઈ જાવ છો. સુયશે કહ્યું, પ્રિય મિત્ર ! હું તો માત્ર ભગવાનનું સ્મરણ કરું છું.'નમો બુદ્ધસ્સ' નો પાઠ કરું છું. કદાચ એથી જ હું જીતી જાઉં છું, પરંતુ મને દરેક વખતે એમ જ લાગે છે કે આ જીત મારી નથી. ભગવાનની છે. હું જીતી રહ્યો નથી, ભગવાન જીતી રહ્યા છે.

સુયશની વાતો સાંભળીને તે દિવસથી સુવીરે પણ નમો બુદ્ધસ્સનો પાઠ શરૂ કરી દીધો. જો કે તેને આનો પહેલેથી કોઈ અભ્યાસ ન હતો છતાં ધીમેધીમે તેને એમાં રસ પડવા લાગ્યો. શરૂઆત તો ગોખણપટ્ટીથી જ થઈ હતી, પરંતુ મંત્રોચ્ચારનાં પરિણામ દેખાવા લાગ્યાં. એનાં ફળ ઊંડાં ભલે દેખાતાં ન હોય, પરંતુ સપાટી પર સ્પષ્ટ ફળ દેખાવા લાગ્યાં. તે થોડો શાંત થવા લાગ્યો. તેની મસ્તી ઓછી થવા લાગી. છીછરાપણું થોડું ઓછું થવા લાગ્યું. તેની હારની પીડા ઓછી થવા લાગી. જીતવાની મહત્ત્વાકાંક્ષા પણ થોભી ગઈ. રમત માત્ર રમવા માટે છે એવો ભાવ જાગવા લાગ્યો.

ભગવાનના સ્મરણમાં તે અજાણતાં જ પોતાની અંતઃચેતનામાં ડૂબવા લાગ્યો. રમત જીતવા માટે રમવાનું શરૂ કર્યું હતું,પરંતુ ધીમેધીમે હારજીતની વાત ભુલાવા લાગી. હવે તો માત્ર સ્મરણમાં આનંદ આવવા લાગ્યો. પહેલાં તો રમત શરૂ કરતાં પહેલાં યાદ કરતો હતો, પરંતુ પછી તો જ્યારે એકાંત મળતું ત્યારે બેસીને નમો બુદ્ધસ્સ - નમો બુદ્ધસ્સનો જપ કરવા લાગતો. એટલે સુધી કે થોડાક દિવસો બાદ રમત ગૌણ બની ગઈ અને જપ મુખ્ય બની ગયા. તેના મુખમાં જાણે સાકર ભળવા લાગી હતી. સુવીર બુદ્ધસ્મરણમાં વિભોર થવા લાગ્યો. નમો.બુદ્ધસ્સનો જપ કરતી વખતે તેને


Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક ખુલ્લું આકાશ દેખાવા લાગ્યું. ધીરેધીરે તેની આકાંક્ષાઓ ખોવાઈ ગઈ. આખો વખત એક શાંત ધારા તેની અંદર વહેવા લાગી.

એક દિવસ તે તેના પિતા સાથે લાકડાં કાપવા માટે જંગલમાં ગયો. પાછા વળતાં પિતા-પુત્ર બંને રસ્તામાં સ્મશાન પાસે બળદો ખોલી થોડીવાર આરામ કરવા રોકાયા. ભરબપોર હતી અને તેઓ થાકી ગયા હતા, તેથી સૂઈ ગયા. જાગ્યા પછી જોયું તો બળદ નગરમાં જતા રહ્યા છે. પિતાએ સુવીરને કહ્યું, બેટા ! તું અહીં જ રોકાઈને લાકડાંની સંભાળ રાખજે, હું બળદોને લઈ આવું છું. ઘણી શોધખોળ કર્યા પછી બળદ તો મળી ગયા, પરંતુ ત્યાં સુધી સૂર્યાસ્ત થઈ ગયો હતો. સૂર્ય ઢળવાની સાથે જ નગરનું દ્વાર બંધ થઈ ગયું. અમાસની અંધારી રાત અને એકલો પુત્ર સ્મશાનમાં, પિતાને ભારે ચિંતા થઈ, પરંતુ શું કરે. તેને વિવશતાએ જકડી દીધા.

બીજી તરફ સુવીર અમાસની અંધારી રાતમાં સ્મશાનમાં એકલો હતો. આટલું એકાંત તેને પ્રથમવાર મળ્યું હતું. તેને અહીં ડર લાગવાના બદલે ખૂબ આનંદની અનુભૂતિ થઈ. તે ભક્તિ અને પ્રીતિ સાથે 'નમો બુદ્ધસ્સ' નો જપ કરવા લાગ્યો. જપ કરતાં કરતાં હૃદયના તાર જોડાઈ ગયા, ભક્તિનું સંગીત જામવા લાગ્યું અને અંતઃચેતનાની વીણા વાગવા લાગી. પહેલીવાર તેને ધ્યાનની ઝલક મળી. ધીમેધીમે તે ધ્યાનમાં ડૂબી ગયો. આ ખૂબ ઊંડી અનુભૂતિ હતી. ચારે બાજુએથી સુખ વરસી રહ્યું હતું,પરંતુ શાંતિ તેને ભીંજવી રહી હતી. શરીર સૂઈ ગયું હતું અને અંતરમાં જાગરણનું પર્વ હતું. ચારે તરફથી જીવન પ્રકાશિત થઈ ગયું. જે ઘટના કોઈના માટે અભિશાપ બની શકતી હતી, તે તેના માટે વરદાન બની ગઈ.

અમાસની તે રાતે મહાનિશાકાળ થતાં જ સ્મશાન જાગૃત થઈ ઊઠ્યું. બ્રહ્મરાક્ષસ, પિશાચ, યોગિનીઓ, ડાકિની, શાકિની અને હાકિનીનાં જૂથ ત્યાં નૃત્ય કરવા લાગ્યા. સ્મશાનનું સંપૂર્ણ વાતાવરણ ભયાનક બની ગયું, પરંતુ સુવીરની આત્મચેતના કોઈ અલૌકિક રાજ્યમાં મગ્ન હતી. એક આધ્યાત્મિક પ્રભામંડળ તેને ઘેરાયેલું હતું. નૃત્ય કરી રહેલી આ સૂક્ષ્મ સત્તાઓએ જ્યારે તેની આ ભાવદશા જોઈ ત્યારે તેમણે પોતાને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધન્ય માની લીધા. તે દોડતા ગયા અને સમ્રાટના મહેલમાંથી સોનાનાં વાસણોમાં ભોજન લઈ આવ્યા. તે બધાએ મળીને તેને ભોજન કરાવ્યું અને સેવા કરી. સવાર થતાં જ તે બધી સૂક્ષ્મસત્તાઓ અદૃશ્ય થઈ ગઈ.

બીજી તરફ સમ્રાટના સિપાઈઓએ મહેલનાં ખોવાયેલાં વાસણોની શોધ કરી અને શોધતાં એમણે સુવીરને પકડી લીધો. સુવીરને સમ્રાટની સામે લાવવામાં આવ્યો. તે વખતે બિંબસારનું રાજ્ય હતું. તે સ્વયં ભગવાન તથાગતના ભક્ત હતા. એમણે સુવીર પાસેથી આખી વાત જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. સુવીરે પણ ઉત્તરમાં સમ્રાટ બિંબસારને શરૂઆતથી આખી કથા કહી સંભળાવી. ચકિત અને હતપ્રભ સમ્રાટ તે બાળકને લઈ ભગવાન પાસે પહોંચ્યા. તે વખતે ભગવાન રાજગૃહમાં જ રોકાયેલા હતા. બધી વાતો સાંભળી ભગવાને કહ્યું, સમ્રાટ ! આ બાળક સાચું કહી રહ્યો છે. બુદ્ધાનુસ્મૃતિ પોતે જ પરમ રૂપની સ્મૃતિ છે. જ્યારે તમે 'નમો બુદ્ધસ્સ' કહો છો ત્યારે પોતાની જ પરમ દશાનું સ્મરણ કરો છો.

આ સપાટી દ્વારા ઊંડાણનો પોકાર છે. આ પરિધિ દ્વારા કેન્દ્રનું સ્મરણ છે. આમ કહી એમણે આ ધમ્મગાથા કહી -

**સુપ્પબુદ્ધં પ્રબુજઝતિ સદા ગોતમ સાવકા।**
**યેસં દિવા ચ રત્તો ચ નિચ્ચં બુદ્ધગતા સતિ ॥**

' જેમની સ્મૃતિ રાતદિવસ સદા બુદ્ધમાં લીન રહે છે, તે ગૌતમના શિષ્ય હંમેશાં સુપ્રબોધની સાથે સૂએ છે અને જાગે છે.' ભગવાનની આ વાતે સમ્રાટ બિંબસારને એ બોધ આપ્યો કે સદ્ગુરુના સ્મરણથી શિષ્ય સહજ રીતે પરમ ભાવદશાને પ્રાપ્ત થઈ જાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હળને પકડીને બળદની પાછળ પાછળ ચાલીને તેના પગ થાકી ગયા. માથા પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં. એક પળ માટે તેણે નજર ઊંચે આકાશ તરફ માંડી. સૂરજ માથે ચડી આવ્યો હતો.તેનો પ્રખર તાપ સંપૂર્ણ વાતાવરણને તપાવવા લાગ્યો હતો. આ ગરમી અને થાકના કારણે તેનું તન-મન પણ ચૂર થઈ રહ્યું હતું. તેથી તેણે બળદોને હળથી ત્યાં જ ખેતરમાં છોડ્યા અને પોતે ખેતરના ખૂણે ઊગેલ આમલીના વૃક્ષ નીચે આવીને બેસી ગયો. આમલીના વૃક્ષની ઘટાના છાંયડાએ તેને સુખદ આશ્રય આપ્યો. પવનની હળવી લહેરખીની અનુભૂતિથી તેના માથા પર બાઝેલો પરસેવો સુકાવા લાગ્યો. શરીર પર છવાયેલ ગરમી અને થાકમાં પણ રાહત મળી.

રાહતની આ પળોમાં તેણે જોયું, ભગવાન તથાગત એક પગદંડી પરથી પસાર થઈ રહ્યા છે. તેમની સાથે કેટલાક અન્ય ભિક્ષુ પણ છે. તથાગતને જોઈને તેના અંતઃકરણમાં એક અદ્ભુત શાંતિ પ્રસરી ગઈ. ભગવાનનું શાંત તેમજ પ્રસાદપૂર્ણ વ્યક્તિત્વ તેના સંપૂર્ણ અસ્તિત્વમાં છવાઈ ગયું. કોને ખબર કેમ તેમને જોઈને તેને અદ્ભુત તૃપ્તિ મળતી હતી. ખેતરને ખેડતાં અથવા નિંદામણ કે ગોડ કરતાં અથવા સિંચાઈ કરતી વખતે લગભગ રોજેરોજ તેને ભગવાનનાં દર્શન થતાં હતાં. તેમને જોતાં જ તે પોતાનું કામ રોકીને ઊભો રહી જતો અને બે ક્ષણ તેમને આંખ ભરીને જોઈ લેતો. પછી પાછો પોતાના કામમાં લાગી જતો. ભગવાનના મોં પર છવાયેલી શાંતિ તેમજ પ્રસન્નતા, ભિક્ષુસંઘના સભ્યોમાં ઊભરાતો ઉલ્લાસ તેના અંતઃકરણને વિભોર કરી નાંખતો હતો.

શરૂઆતના દિવસોમાં તેણે ભગવાન તથાગત વિશે તપાસ કરી, ઘણી શોધખોળ કરી, કેમકે તેમને જોઈને તેને ખૂબ અચરજભર્યું લાગતું હતું. તે વિચારતો, આ ભિક્ષુક, જો કે લાગે છે તો સમ્રાટોનો સમ્રાટ - તેણે જ્યારે તેમના વિશે તપાસ કરી તો જાણવા મળ્યું કે આ તો રાજમહેલને છોડીને ભિક્ષુ બન્યા છે. ભગવાનની જીવનગાથાને જાણીને તેના મનમાં તરંગો ઊભરાવા લાગ્યા. તેણે વિચાર્યું કે અરે ! મારી પાસે કંઈ પણ નથી. આ એક હળ છે, થોડી-સરખી ખેતી. આ સિવાય વળી મારી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાસે છોડવા માટે છે શું ? હું પણ શા માટે આ મહાન વ્યક્તિની છાયા ન બની જઉં ! હું પણ શા માટે તેમની પાછળ ચાલવા ન લાગું ? એમના વ્યક્તિત્વમાંથી જે અમૃત છલકાઈ રહ્યું છે તેનું એકાદ ટીપું કદાચ મારા હાથમાં પણ આવી પડે. માનો કે હું નિર્ધન અને અભાગિયો છું, તો પણ કદાચ મારી ઉપર તેમની કૃપા થઈ જાય.

આજે જ્યારે બુદ્ધની પરમ જ્યોતિ તેના પર પડી તો આ ભાવ સમુદ્રની જેમ તેના અંતઃકરણમાં ઊછળવા લાગ્યા. તેનાથી રહેવાયું નહિ અને તેણે ભગવાન તથાગતના શરણે સંન્યાસ લઈ લીધો. છતાં પણ હજુ ક્યાંક તેના મનમાં શંકા રહી હતી. તેણે વિચાર્યું - અજાણ્યા રસ્તા પર નીકળ્યો છું. આજે ઉત્સાહ ઉમંગમાં છું, કાલે નિભાવી ન પણ શકું. કદાચ ક્યાંક પાછા ફરવું પડે તો ? બસ આ શંકાકુલ મનોદશાના કારણે તેણે બૌદ્ધ વિહારની પાસે ઊગેલા એક વૃક્ષની ઉપર પોતાની ધૂંસરી સંભાળીને લટકાવી દીધી. ભૂતકાળ સાથેનો સંબંધ તોડવો એટલો સહેલો નથી. યાદોની ભરમાર રહીરહીને તેનું ભાન કરાવતી રહે છે.

સંન્યાસ લીધા પછી થોડા દિવસ તો તે ખૂબ પ્રસન્ન રહ્યો, પરંતુ પછી ચારે બાજુથી તેને ઉદાસી ઘેરવા લાગી. કેમકે જ્યારે ભગવાન કહેતા, ધ્યાન કરો તો તેને ફક્ત પોતાનાં હળ-ધૂંસરી નજરે પડતાં. જ્યારે તેઓ કહેતા, હવે તમે તમારી અંદર જાવ ત્યારે તે વિચારતો કે આ તે વળી બધી શી ઝંઝટ, અંદર ક્યાં જવાનું છે ? અંદર છે શું ? ચારે તરફ અંધકાર જ નજરે પડે છે, તેને લાગવા માડ્યું કે આ તો વિચિત્ર ઝંઝટ છે. આના કરતાં તો જ્યારે મારું પોતાનું હળ ચલાવતો હતો ત્યારે સારું હતું, વધુ કાંઈ નહિ તો પોતાની બે રોટલી જેટલું તો કમાતો હતો. હવે તો તે પણ ગઈ. આ ઉદાસીમાં તેને વૈરાગ્ય પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો.

આ વિરાગથી વૈરાગ્યની ભાવદશામાં તે પોતાનાં હળ-ધૂંસરીને લઈને ફરીવાર ખેતીવાડી કરવાના વિચાર સાથે વૃક્ષની નીચે ગયો, પરંતુ ત્યાં પહોંચતાં જ તેને પોતાની મૂઢતા દેખાઈ. તેણે વૃક્ષની નીચે ઊભા રહી ધ્યાનપૂર્વક પોતાની સ્થિતિનું અવલોકન કર્યું કે હું આ શું કરી રહ્યો છું. જ્ઞાન થતાંની સાથે જ પોતાની ભૂલ સમજાઈ. તે ફરીથી વિહારમાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાછો આવી ગયો. પછી તો આ જાણે તેની સાધના બની ગઈ. જયારે તે ઉદાસ થતો, વૃક્ષ પાસે જતો, પોતાનાં હળને જોતો અને પાછો વળી જતો. સંઘના અન્ય ભિક્ષુઓએ તેને વારંવાર પોતાના હળ-ધૂંસરીને જોતાં અને વારંવાર ધૂંસરીની પાસે જતાં જોઈને નામ જ ધૂંસરીકુલ રાખી દીધું.

એક દિવસ એવો પણ આવ્યો કે જયારે તે હળ ધૂંસરીનાં દર્શન કરીને આવ્યો તો પછી ક્યારેય ફરી પાછો ન ગયો. તેને પરમજ્ઞાન ઉપલબ્ધ થઈ ગયું. વાત પાકતી ગઈ અને એક દિવસ ફળ ટપકી પડ્યું. ભૂતકાળ ગયો અને વર્તમાનનો ઉદય થઈ ગયો. પરમજ્ઞાનનો અર્થ જ એ છે કે ચેતના વર્તમાનમાં આવી ગઈ. એક પળમાં બધું જ થઈ ગયું. આ પળમાં ચેતના નિર્વિકાર થઈને પ્રજવલિત થઈ સળગી ઊઠી, પછી ફરીથી તેને કોઈએ હળ-ધૂંસરી તરફ જતાં જોયો ન હતો. તેની આ સ્થિતિ જોઈને ભિક્ષુકોને સ્વાભાવિક જિજ્ઞાસા જાગી, આ ધૂંસરીકુલને થઈ શું ગયું ? હવે તે વૃક્ષની પાસે નથી જતો. પહેલાં તો વારંવાર જતો હતો.

તેમણે તેને પૂછ્યું, "અરે ! ધૂંસરીકુલ ! હવે તું એ વૃક્ષની પાસે નથી જતો, એવી શું વાત છે ?" ભિક્ષુઓની વાત સાંભળી ધૂંસરીકુલ હસ્યો અને બોલ્યો, "જયાં સુધી અતીત સાથે આસક્તિ રહી, જતો હતો. જયાં સુધી સંસર્ગ રહ્યો, ત્યાં સુધી ગયો. હવે તે સાંકળ તૂટી ગઈ છે. હવે હું મુક્ત છું." આ સાંભળી કેટલાક ભિક્ષુઓ ઈર્ષ્યાથી સળગી ઊઠ્યા. તેમનાથી રહેવાયું નહિ. તેમણે ભગવાનને ફરિયાદના સ્વરે કહ્યું, "ભન્તે ! આ ધૂંસરીકુલ ખોટું બોલે છે. તે પરમજ્ઞાન પ્રાપ્તિની ઘોષણા કરી રહ્યો છે. એવું કહે છે કે હું મુક્ત છું." ભિક્ષુઓની આ ફરિયાદ સાંભળી ભગવાન કરુણાર્દ્ર થઈ ઊઠ્યા. તેમનાં નેત્રોમાંથી કરુણાની શુભ્ર જયોતિ વરસી પડી. તેમણે ખૂબ સ્નેહસિક્ત સ્વરે કહ્યું, ભિક્ષુઓ ! મારા એ પુત્રએ પોતે જ પોતાને ઉપદેશ આપીને પ્રવ્રજિત થવાનાં કૃત્યને પૂર્ણ કરી લીધું છે. તેણે જે મેળવવાનું હતું, તે મેળવી લીધું અને તેણે જે છોડવાનું હતું, તે છોડી દીધું. તે નિશ્ચિતપણે મુક્ત થઈ ગયો છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આમ કહેતાં તેમણે બે બોધકથા કહી -

**અત્તના ચોદયંતાનં પરિવાસે અત્તમતના।**
**સો અત્તગુત્તો સતિમા સુખમ્ ભિક્ખુ વિહાહિસિ॥**
**અત્તાહિ અત્તનો નાથો અત્તા હિ અત્તનો ગતિ।**
**તસ્મા સંજમયત્તાનં અસ્સં ભદ્રં વ વણિ જો॥**

એટલે કે - જે પોતે જ પોતાને પ્રેરિત કરશે. જે પોતે જ પોતાને સંલગ્ન કરશે. તે આત્મગુપ્ત પોતાના દ્વારા રક્ષિત-સ્મૃતિવાન ભિક્ષુ સુખપૂર્વક વિહાર કરશે. તે મુક્ત થઈ જશે.

મનુષ્ય પોતે જ પોતાનો સ્વામી છે. પોતે જ પોતાની ગતિ છે. એટલા માટે જે રીતે સુંદર અશ્વને વણિક સંયમમાં રાખે છે તે રીતે મનુષ્ય સ્વયંને સંયમી બનાવે.

ભગવાનનાં આ જ્ઞાનભર્યાં વચનો સાંભળીને ભિક્ષુઓને આત્મવિવેક અને આત્મવિચારના મહિમાનું જ્ઞાન થયું. તેમને એ સમજાયું કે વિવેક અને વિચારના સમુચિત પ્રયોગથી કોઈ પણ પરમજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**આ**ખા જેતવનમાં એક અલૌકિક સુગંધ વ્યાપી રહી હતી, આ અનોખી કમલગંધ ભગવાન તથાગતના દિવ્ય દેહમાંથી પળેપળે ઝરતી રહેતી હતી. નિરંતરની તપ-સાધનાએ ભગવાનના દેહને દરેક પ્રકારે દિવ્ય બનાવી દીધો હતો. પ્રભુ જ્યાં પણ રહેતા, તે સ્થાન સુગંધથી સુવાસિત થઈ ઊઠતું. પ્રકાશની અંદર ભગવાનના તપ અને જ્ઞાનની આભા છલકતી રહેતી હતી. એમના સંપર્કમાં આવનારી દરેક વ્યક્તિ હંમેશ માટે એમની થઈ જતી. તે બળપૂર્વક ઈચ્છે કે ન ઈચ્છે ભગવાનના પ્રેમપાશમાં બંધાઈ જતા. તેને એ સત્યનો અનુભવ સહજપણે થઈ જતો કે પ્રભુ તેના પોતાના જ છે, તેમનાથી વધારે તેમના અન્ય કોઈ સાચા હિતેચ્છુ નથી.

ભગવાનની આ સહજ કરુણા, તેમનો અપરિમિત પ્રેમ, પ્રભુનું અનોખું વાત્સલ્ય જ તેમના વ્યક્તિત્વમાંથી સુગંધ તથા પ્રકાશની ધારાઓ બનીને વહેતાં હતાં. પોતાના વ્યક્તિત્વ દ્વારા પ્રભુ હજાર હાથોથી લાખો-કરોડો આશીર્વાદ વરસાવી રહ્યા હતા. તેમની ઉપસ્થિતિ આશિષ અને કૃપાની વર્ષા બનીને પ્રગટ થતી હતી. જે એમાં ભીંજાતા હતા, તેમનું સંપૂર્ણ વ્યક્તિત્વ ધન્યધન્ય થઈ જતું, પરંતુ કેટલાક દુર્ભાગ્યશાળી પણ હતા, જેમના કુસંસ્કાર તેમને એનાથી વંચિત રાખતા હતા. તેમની દુષ્પ્રવૃત્તિઓ અવરોધ બનીને નડતી હતી. પોતાની જ વાંછના તેમને પ્રભુની કૃપાથી વંચિત રાખતી હતી. ક્યારેક ક્યારેક તો આ સ્થિતિ એટલી દારુણ અને દુષ્કર થઈ જતી કે આવા લોકો ભગવાનની ઉપસ્થિતિની પણ ઈર્ષ્યા કરવા લાગતા.

સમ્યક્ સંબુદ્ધ(સંપૂર્ણ જ્ઞાનવાળા) ભગવાન તથાગતનું નામ આવા સંકુચિત સાંપ્રદાયિક ચિત્ત ધરાવતા લોકોને ભય પમાડતું હતું. પ્રભુનું અસ્તિત્વ માનવજીવનમાં આમૂલ ક્રાંતિનું પર્યાયવાચી હતું. પોતાના જીવનની ક્ષુદ્રતાઓને પોતાની સાથે ચીપકાવીને લોકો ભયભીત થઈને તેનાથી દૂર રહેવામાં જ પોતાનું કલ્યાણ સમજતા હતા. એટલું જ નહિ, પોતાનાં બાળકો માટે, યુવક-યુવતીઓ માટે તેમનો ભય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વભાવતઃ ખૂબ વધારે હતો. આવા લોકોએ પોતાનાં બાળકોને કહી રાખ્યું હતું કે તેઓ ક્યારેય પણ બુદ્ધની હવામાં પણ ન જાય. તે સૌએ તેમને સોગંદ લેવડાવ્યા હતા કે તેઓ ક્યારેય પણ બુદ્ધ અથવા તો બુદ્ધના ભિક્ષુઓને પ્રણામ ન કરે.

પરંતુ જેતવનની અલૌકિક સુગંધ ત્યાં પાસે રહેતાં બાળકોનાં સરળ અંતઃકરણમાં અજાણતાં જ પ્રવેશ કરી રહી હતી. તેમનાં નિષ્કપટ હૃદય પ્રભુના પ્રકાશથી અનાયાસે જ ભરાતાં જતાં હતાં, જ્યારે ત્યારે તેમને જણાવા લાગતું હતું કે કોઈ અદૃશ્ય ચેતના તેમને જેતવન આવવાનું આમંત્રણ આપી રહી છે, પરંતુ પોતાના વાલીઓની આજ્ઞાના કારણે તેઓ વિવશ હતાં. એક દિવસ એક કિશોરવયના બાળકે પોતાના મિત્રોને જણાવ્યું કે આપણાં સૌના વાલીઓએ જેતવનની અંદર જવાની મનાઈ ફરમાવી છે, પરંતુ ત્યાં આસપાસ બહાર રમવામાં ખોટું શું છે ? બાળકોને આ વાત ઔચિત્યપૂર્ણ લાગી અને તે બધાં જ જેતવનની બહાર રમવા લાગ્યાં, ઘણા સમય સુધી રમવાથી તેમને તરસ લાગી અને થાકે ઘેરી લીધાં, આ થાક અને તરસમાં તે સૌ પોતાનાં માતા-પિતા તેમજ ધર્મગુરુઓને આપેલું વચન ભૂલી ગયાં અને પાણીની શોધમાં તે સૌ જેતવનમાં પ્રવેશ્યાં, સુખદ સંયોગ કે જેતવનમાં પ્રવેશતાંની સાથે જ તેમને ભગવાનને મળવાનું થયું. ભગવાને તે સૌને પોતાના હાથે પાણી પીવડાવ્યું, ખૂબ સ્નેહથી તેમને કેટલાક મીઠા પદાર્થ ખાવા આપ્યા. ભગવાનની સમીપતાથી એમને જાણવા મળ્યું કે એ પ્રભુ જ અલૌકિક પ્રકાશ અને સુગંધના સ્રોત છે. કરુણાવતાર તથાગતની કરુણા, પ્રેમ અને વાત્સલ્યએ સૌને વશમાં કરી લીધાં.

પ્રભુનાં વચનોથી તેમને તૃપ્તિ મળી. તથાગત દ્વારા આપવામાં આવેલ પળભરનો પ્રેમ તેમને પોતાનાં વાલીઓના વર્ષોના પ્રેમ કરતાં ગાઢ લાગ્યો. તે સૌ આનંદવિભોર અને પ્રેમવિહ્વળ થઈ ઊઠ્યાં. આવા પ્રેમ વિશે તો તેમણે ક્યારેય જાણ્યું જ ન હતું. આવું ચુંબકીય આકર્ષણ હોઈ શકે તેવું વિચાર્યું પણ ન હતું. આવું અપૂર્વ સૌંદર્ય, આવો પ્રસાદ, આવી શાંતિ, આવો અપૂર્વ ઉત્સવ. તે એકેએક બાળક પોતાની રમત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વગેરે ભૂલીને દિવસ આખો ભગવાનની પાસે રહ્યાં, તેમની અંતર્ચેતના ભગવાનની સુગંધમાં ખોવાવા લાગી. તેઓ ભગવાનના અપૂર્વ રસથી ભીંજાવા લાગ્યાં. તથાગતનો અલૌકિક રંગ એ સરળ બાળકોના હૃદયમાં ઊતરી ગયો.

હવે તો તેમને ભગવાનના પ્રેમનો ચસ્કો લાગી ગયો. તે સૌ રોજ ગમેતેમ કરીને પ્રભુની પાસે પહોંચવા લાગ્યાં. ધીરેધીરે તે સૌ ભગવાનની પાસે ધ્યાનમાં પણ બેસવા લાગ્યાં. જોતાંની સાથે જ તેમની સરળ શ્રદ્ધા ધ્યાન ખેંચતી હતી. તેમનાં મન-પ્રાણ પ્રભુ પર ન્યોછાવર થવા લાગ્યાં, હવે તો એવી સ્થિતિ આવી ગઈ કે ભલે ને તેઓ પ્રભુની પાસે હોય કે ઘરે, પરંતુ તેમની ભાવચેતના હંમેશાં પ્રભુની આસપાસ ફર્યા કરતી.

છેવટે તેમની આ ઉન્મત્ત અવસ્થાની જાણ તેમના વાલીઓને થઈ ગઈ, જાણ થતાંની સાથે જ તે સૌ ગુસ્સે થઈ ઊઠ્યા. તેમનો ક્રોધ તમામ સીમાઓ વટાવી ગયો. જે બાળકોને તેઓ પોતાના જીગરના ટુકડા સમજતાં હતાં, તેમને જ ખૂબ ખરાબ રીતે માર્યાં. તેમના કુલપુરોહિતોએ પણ તે બાળકોને સમજાવ્યાં, ડરાવ્યાં-ધમકાવ્યાં, ભય-લોભ, સામ-દામ-દંડ-ભેદ દરેકનો તે નાનાંનાનાં બાળકો ઉપર પ્રયોગ કર્યો. પરંતુ ભગવાનનો અલૌકિક પ્રેમ જે તેમના હૃદયમાં ઊતરી ચૂક્યો હતો, તે કોઈ પણ રીતે દૂર ન થયો. બુદ્ધની જે નિર્મળ છાપ તેમના હૃદય પર પડી હતી, તે ઊંડી ઊતરી ચૂકી હતી.

બાળકોના વાલીઓ ખૂબ જ રડ્યા અને પસ્તાયા, તેમની નારાજગી વધતી ગઈ, તેઓ જે મળે તેને પોતાનું દુઃખ સંભળાવતા ફરતા કે આ ભ્રષ્ટ ગૌતમે અમારાં ભલાં-ભોળાં બાળકોને પણ ભ્રષ્ટ કરી નાંખ્યાં છે. નારાજગીનું આ પાગલપણું એવું વધ્યું કે તેઓ પોતાનાં બાળકોને સોંપી દેવા બુદ્ધની પાસે ગયાં. ચીડ,ગુસ્સો અને આક્રોશથી ભરેલા તે સૌ જેવા જેતવન પહોંચ્યા, તેવા જ તેમને પ્રભુના પ્રકાશ, પ્રેમ અને સુગંધે ઘેરી લીધા. ભગવાનની સમીપતા માત્રએ તેમના અંધારા જીવનમાં જ્યોતિ પ્રગટાવી. અચરજથી ભરેલા તે બધા જ વાલીઓ સમક્ષ ભગવાને આ ધમ્મગાથા કહી -



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**અવજ્જે વજ્જભતિનો વજ્જે ચ વજ્જદસ્સિનો ।**
**મિચ્છાદિટ્ઠિ સમાદાના સત્તા ગચ્છંતિ દુગ્ગતિં ॥**
**વજ્જંચ વજ્જતો જત્વા અવજ્જંચ અવજ્જતો ।**
**સમ્માદિટ્ઠિ સમાદાના સત્તા ગચ્છાંત સુગ્ગતિં ॥**

જે અદોષમાં દોષ બુદ્ધિ ધરાવે છે અને દોષમાં અદોષ દૃષ્ટિ ધરાવે છે, તેવા લોકો મિથ્યા દૃષ્ટિને ગ્રહણ કરીને દુર્ગતિ પ્રાપ્ત કરે છે.

દોષને દોષ, અદોષને અદોષ જાણીને લોકો સમ્યક્ દૃષ્ટિને ધારણ કરીને સુગતિને પ્રાપ્ત કરે છે.

બે નાનાસરખાં આ સૂત્રો જણાવીને પ્રભુએ તેમને સમ્યક્ દૃષ્ટિ આપી, ત્યારે તેમણે અનુભવ્યું કે ભગવાન બુદ્ધની પાસે પહોંચીને અનાયાસે જ કઈ રીતે અંતર્ભાવનાઓ તેમની જ થઈ જાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**કો**શલનરેશ પ્રસેનજિતને તેમના એ મહાબળશાળી હાથી પર ગર્વ હતો. મહાયુદ્ધોમાં તેનું પરાક્રમ જોવાલાયક રહેતું. શત્રુઓનાં ટોળેટોળાંને જોતજોતામાં સાંકળોમાં બાંધી લેતો. શત્રુઓને બાંધવાની કળામાં પ્રવીણ હોવાના કારણે જ મહારાજે તેનું નામ બુદ્ધરેક રાખ્યું હતું. તેના બળ અને પરાક્રમની કથાઓ દૂર દૂર સુધી ફેલાયેલી હતી. કોશલવાસી તેને તેમના દેશનું રત્ન માનતા હતા. અન્ય રાજ્યોના યોદ્ધાઓ પણ એમ માનતા હતા કે યુદ્ધમાં આટલો કુશળ હાથી પહેલાં ક્યારેય જોયો નથી.

અન્ય મહાદેશોના સમ્રાટ તે હાથીને કોઈ પણ કિંમતે ખરીદવા ઈચ્છતા હતા. તે બધા તેને પ્રાપ્ત કરવા માટે ગમે તેટલી કિંમત ચૂકવવા માટે તૈયાર હતા. બધાની નજરો તેના પર મંડાયેલી હતી.સાચે જ તે અપૂર્વ હતો. યુદ્ધમાં ક્યારેય કોઈએ તેને ભાગતો જોયો ન હતો. ગમે તેવો ભયાનક સંઘર્ષ હોય, કેટલાંય તીર તેના પર વરસી રહ્યાં હોય અને ભાલાં ફેંકાઈ રહ્યાં હોય તો પણ તે એક પથ્થરની જેમ અડગ ઊભો રહેતો હતો. તે એવી રીતે ચીસ પાડતો હતો કે શત્રુના દિલમાં ભય ઉત્પન્ન થતો. શત્રુની સેનામાં ભાગદોડ શરૂ થઈ જતી હતી. તેણે તેના માલિક કૌશલનરેશની ખૂબ સેવા કરી હતી. ઘણાં યુદ્ધોમાં તેમને જીત અપાવી હતી.

પરંતુ આજે કાળના પ્રવાહે તેને વૃદ્ધ બનાવી દીધો હતો. જો કે અત્યારે પણ કૌશલવાસી તેને ખૂબ જ આદરથી જોતા હતા. વૃદ્ધત્વની દુર્બળતાની અસર તે મહાબળવાન હાથી પર સ્પષ્ટ દેખાતી હતી. એક દિવસ જ્યારે તે તળાવમાં નહાવા માટે ઊતર્યો ત્યારે કોણ જાણે કેમ તે તળાવના કાદવમાં ફસાઈ ગયો. એક સમયે તે ગમે તેવા કાદવને એક જ આવેગમાં ચીરતો પાર કરી લેતો હતો, પરંતુ આજે તળાવના કાદવમાંથી બહાર આવી શકતો ન હતો. તે બુદ્ધરેક હાથીએ ઘણા પ્રયત્નો કર્યા છતાં તે કાદવમાંથી પોતાને બહાર કાઢવામાં સફળ થઈ ન શક્યો. મહારાજ પ્રસેનજિતના સેવકોએ પણ ખૂબ પ્રયત્ન કર્યા, પરંતુ કોઈ ખાસ પરિણામ મળ્યું નહિ. બધું નિષ્ફળ થઈ ગયું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોતાના પરમપ્રિય અને સુપ્રસિદ્ધ હાથીની આવી દુર્દશા જોઈ બધા લોકો દુ:ખી થઈ ગયા. તળાવ પર ભારે ભીડ જામી ગઈ હતી. તે હાથી સંપૂર્ણ કોશલ દેશનો લાડકો હતો. દેશના બધા લોકો તેને પ્રેમ કરતા હતા. બાળક, વૃદ્ધ, સ્ત્રીઓ સૌનો તે પ્રિય હતો. તેની આંખો તથા વ્યવહારથી હંમેશાં બુદ્ધિમત્તા નજરે પડતી હતી. આજે તેની આ દુર્દશા સૌને અસહ્ય લાગી રહી હતી. મહારાજ પ્રસેનજિતે તેને કાદવમાંથી બહાર કાઢવા ઘણા મહાવતો મોકલ્યા, પરંતુ તે પણ હારી ગયા. કોઈને કોઈ ઉપાય સૂઝતો ન હતો.

આવી પરિસ્થિતિમાં સ્વયં મહારાજ પ્રસેનજિતને જ તેમના જૂના મહાવતની યાદ આવી. તે જ મહાવત બુદ્ધરેકની દેખરેખ કરતો હતો. હવે તે વૃદ્ધ થયા પછી રાજ્યની સેવાથી નિવૃત્ત થઈ ગયો હતો. એ વખતે તે મોટાભાગનો સમય ભગવાન તથાગતના ઉપદેશોમાં ડૂબેલો રહેતો હતો. એ મહાવત માટે પણ રાજાના મનમાં ભારે સન્માન હતું. આજે તેમના પરમપ્રિય બુદ્ધરેકને ફસાયેલો જોઈ રાજાએ વિચાર્યું કદાચ આવા સમયે એ વૃદ્ધ મહાવત જ કંઈક કરી શકે.

મહારાજના આ વિચારના પ્રેરક સ્રોત ભગવાન તથાગતનાં વચન જ હતાં. એક દિવસ ધર્મપ્રવચન કરતી વખતે ભગવાને કહ્યું હતું કે બુદ્ધરેક તથા આ મહાવતનો જન્મજન્મનો સાથ છે. એમણે એ વૃદ્ધ મહાવતને સંબોધતાં કહ્યું હતું, તું આ વખતે જ આ હાથીની સાથે નથી, પહેલાં પણ રહ્યો છે.અહીં બધું જીવન સાથે જોડાયેલું છે. આ જીવનમાં તો હાથીની સાથે જ આખું જીવન વીત્યું છે. હાથી એની સાથે જ મોટો થયો હતો, તેની સાથે જ જુવાન થયો હતો અને હવે તેની સાથે જ વૃદ્ધ પણ થઈ ગયો હતો. આ મહાવતે હાથીને બધી સ્થિતિમાં જોયો હતો. શાંતિ અને યુદ્ધ બંનેમાં તેની સમજદારીથી તે વાકેફ હતો. એક રીતે તે હાથીની રગેરગથી વાકેફ હતો. રાજાએ આ પરિસ્થિતિઓમાં વિચાર્યું કે કદાચ એ વૃદ્ધ મહાવત જ કંઈક કરી શકે.

મહારાજ પ્રસનેજિતના સમાચાર મળતાં જ તે વૃદ્ધ મહાવત હાજર થઈ ગયો. તેણે તેના પ્રિય હાથીને કાદવમાં ફસાયેલો જોયો. આ દૃશ્ય જોઈને તેના માથા પર આકાશ તૂટી પડ્યું, મગજમાં કંઈક વીજળીના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઝબકારા જેવું થયું અને પછી તેણે સ્મિત કર્યું. પોતાના આ સ્મિત સાથે જ મહારાજને એણે કહ્યું કે અહીં સંગ્રામનું રણશિંગું ફુંકાવવામાં આવે. આજે અહીં યુદ્ધનાં બધાં જ વાદ્યો વાગવાં જોઈએ. તે મહાવતની સલાહનો તુરંત અમલ કરવામાં આવ્યો. ત્યાં તુરંત યુદ્ધનાં વાદ્યો વાગવા લાગ્યાં. યુદ્ધનાં નગારાંનો અવાજ સાંભળી અચાનક જાણે તે વૃદ્ધ હાથી યુવાન થઈ ગયો અને કાદવમાંથી ઊઠીને કિનારે આવી ગયો. તે તો તેના વૃદ્ધત્વ અને નબળાઈને જાણે ભૂલી જ ગયો હતો. તેની અંદર સૂતેલો યોદ્ધો જાગી ઊઠ્યો અને એ પડકાર કામ કરી ગયો. પછી તેને ક્ષણની પણ વાર ન લાગી.

અત્યાર સુધી કરવામાં આવેલા બધા ઉપાયો પર આ સંગ્રામની ભેરી ભારે પડી. વાગતા યુદ્ધઘોષે તેનું સૂતેલું શૌર્ય જગાડી દીધું. તેનું શિથિલ પડી ગયેલું લોહી ફરીથી દોડવા લાગ્યું. પોતાના પરાક્રમના સ્મરણમાત્રથી તે એવી મસ્તી અને સહજ સરળતાથી બહાર આવી ગયો જાણે ત્યાં કોઈ કાદવ ન હોય અને તે ત્યાં ફસાયેલો જ ન હોય. કિનારે આવીને તેણે હર્ષોન્માદમાં એવી ચીસ પાડી જાણે વર્ષોથી લોકોએ તે સાંભળી જ ન હોય.

ભગવાનના ઘણા ભિક્ષુ પણ તે વૃદ્ધ મહાવતની સાથે એ દૃશ્ય જોવા માટે તળાવ પર પહોંચી ગયા હતા. એમણે આખી ઘટના ભગવાનને સંભળાવી. ત્યારે ભગવાને ત્યાં ઉપસ્થિત ભિક્ષુઓને કહ્યું, અરે તમે બધા એ અપૂર્વ હાથી પાસેથી કંઈક શીખો. એણે તો કાદવમાંથી પોતાનો ઉદ્ધાર કરી લીધો, તમે ક્યાં સુધી આ કાદવમાં ફસાયેલા રહેશો ? અને તમે જોતા નથી હું ક્યારનો સંગ્રામની ભેરી વગાડી રહ્યો છું. ભિક્ષુઓ ! જાગો અને પોતાના સંકલ્પને જગાડો. એ હાથી પણ આ કરી શક્યો. અતિ દુર્બળ હાથી પણ કરી શક્યો. શું તમે કાંઈ નહિ કરી શકો ? મનુષ્ય થઈને, સબળ થઈને, બુદ્ધિમાન થઈને પણ શું તમે કાંઈ નહિ કરી શકો ?

ભગવાન તથાગતની આ તેજસ્વી વાણી શ્રોતાઓના મર્મસ્થળને ભેદી રહી હતી. તેઓ કહી રહ્યા હતા, શું તમે હાથીમાંથી પણ જાવ તેવા છો ? એ હાથી પાસેથી પડકાર લો અને તમે પણ આત્મવાન



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનો. એક ક્ષણમાં ક્રાંતિ ઘટી શકે છે. માત્ર સ્મરણ થઈ જાય, અંદર જે સૂતેલું છે તે જાગી જાય, પછી નથી કોઈ દુર્બળતા કે નથી કોઈ દીનતા. ભિક્ષુઓ ! માત્ર પોતાની શક્તિ પર શ્રદ્ધા જોઈએ. તત્પરતા જોઈએ. ભિક્ષુઓ, ઝડપ જોઈએ. એક ક્ષણમાં કામ થઈ જાય છે. વરસોનો સવાલ નથી, પરંતુ બધી શક્તિ સમગ્રતાથી અને પૂર્ણપણે એક ક્ષણમાં એકઠી કામે લાગી જાય. પછી એમણે આ ધમ્મગાથા કહી -

**અપ્પમાદરત્વ હોથ સ ચિત્તમનુરક્ખથ ।**
**દુગ્ગા ઉદ્ધરથત્તાનં પંકે સત્તોવ કુંજરો ॥**

અર્થાત્ અપ્રમાદમાં રત થઈ જાઓ, જાગો અને પોતાના ચૈતન્યની રક્ષા કરો. આ દુર્ગમતાથી જે રીતે એ હાથીએ કાદવમાંથી ઉદ્ધાર કરી લીધો તે જ રીતે પોતાનો ઉદ્ધાર કરો.

❀



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લગ્નના બંધનમાં બંધાતાં બંધાતાં અચાનક તેઓ મોક્ષના માર્ગે વળી ગયા. આ 'અચાનક' શબ્દથી બધાને ખૂબ અચરજ થયું. જેણે આ ચમત્કાર જોયો તે સ્તબ્ધ થઈ ગયો. ઘર, કુટુંબ, મોહ, મમતા, સંબંધો વગેરેના બધા જ તાર તૂટી ગયા અને આયુષ્યમાન રેવત ગીચ જંગલમાં જતા રહ્યા. આ ચમત્કાર એક સુરતિએ, એક સ્મૃતિએ કરી બતાવ્યો. રેવત સ્થવિર સારિપુત્રના નાનાભાઈ હતા. સારિપુત્રને ભગવાન તથાગતની કૃપા પ્રાપ્ત થઈ હતી. તેઓ બુદ્ધના મુખ્ય શિષ્યોમાંના એક હતા. તેઓ એવા ભાગ્યશાળી લોકોમાંના હતા કે જેમને ભગવાને કૃપા કરીને બુદ્ધત્વનો પરમ પ્રસાદ આપ્યો હતો.

રેવત જ્યારે લગ્ન કરવા જઈ રહ્યા હતા ત્યારે બેન્ડવાજાં વચ્ચે, લગ્નનાં મંગળ ગીતોની વચ્ચે, કન્યાઓની મજાકમસ્તી વચ્ચે, લાવણ્યમયી લલનાઓની લાલિમા વચ્ચે એમને પોતાના ભાઈની યાદ આવી ગઈ. રાસ-રંગના પ્રસંગમાં એમને પોતાના ભાઈ સારિપુત્રનું સ્મરણ થઈ આવ્યું. સારિપુત્રનો પ્રેમ, એમની સ્નેહભરી વાતો, એમના દ્વારા આપવામાં આવેલાં બોધવચનો એ બધું જ યાદ આવ્યું. પછી તો રાગના અંધકારમાં વૈરાગ્યનો સૂરજ ચમકી ઊઠ્યો. રેવતની જાન લગ્નમંડપ તરફ આગળ વધી રહી હતી. ત્યાં પુરોહિતો પણ તૈયાર હતા. સ્વાગતની તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. રૂપલાવણ્ય ચારેબાજુ વિખરાયેલું હતું, પરંતુ રેવત તો આ બધાથી દૂર રહીને પોતાનામાં ખોવાયેલા હતા. તેઓ તો પોતાના અંતરમાં જાગેલા વૈરાગ્યમાં ડૂબી રહ્યા હતા.

આ વૈરાગ્યના સૂર્યના તેજમાં બધું આયોજન વિલીન થઈ ગયું. બધું જ લૌકિક સૌંદર્ય ભગવાનના પ્રેમની અલૌકિકતામાં ખોવાવા લાગ્યું. ભાઈ સારિપુત્રે સંભળાવેલા ભગવાનના પ્રસંગો આગળ બીજું બધું ઝાંખું પડી ગયું. આનંદ-ઉલ્લાસનો અંધકાર દૂર થયો અને રેવત ઘોડા પરથી ઊતરીને વનના માર્ગે ચાલી નીકળ્યા. વૈરાગ્યના મહાતાપમાં સ્વજનોના પોકારો ઝાકળની જેમ ઊડી ગયા. જ્યારે એમને જંગલમાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બુદ્ધના ભિક્ષુઓનાં દર્શન થયાં ત્યારે એમના ચિંતનનો પ્રવાહ તૂટ્યો. આ દર્શને એમના મનમાં પ્રગટેલા વૈરાગ્યને નવી ચમક આપી. વૈરાગ્યની આ અનોખી પ્રભાથી ઘેરાયેલા આયુષ્માન રેવતે એમની પાસેથી પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

આયુષ્માન રેવત હવે ચીવરધારી રેવત બની ગયા. ભિક્ષુઓએ એમને આગ્રહ કર્યો કે તેઓ એમની સાથે ભગવાન તથાગતના દર્શન માટે આવે. તથાગતના સ્મરણ માત્રાથી રેવત પુલકિત થઈ ગયા. એમની આખોમાંથી અશ્રુ છલકાઈ ઊઠ્યાં. આ પ્રભુભક્તિની સાથે એમના મનમાં એક બીજો પવિત્ર ભાવ જાગ્યો. એ ભાવમાં ભીંજાઈને રેવતે ભિક્ષુઓને કહ્યું, ''ભિક્ષુઓ, એ સાચું છે કે ભગવાન બુદ્ધનાં દર્શનની મને તીવ્ર ઈચ્છા છે, પરંતુ હું વિચારું છું કે પહેલાં હું યોગ્ય બનું, પછી ભગવાનના દર્શને જાઉં. પહેલાં મારી પાત્રતા કેળવું, પહેલાં મારી આંખો તો ખોલું કે જેથી એમને જોઈ શકું. પહેલાં મારા હૃદયને તો પવિત્ર કરી લઉં, જેમાં તેઓ બિરાજી શકે. પહેલાં ભૂમિ તો તૈયાર કરી લઉં, તેથી ભગવાન જ્યારે બીજ ફેંકે તો બીજ વેડફાઈ ન જાય.''

રેવતનાં આ વચનોથી ભિક્ષુઓને આનંદ થયો. તેઓ બધા ' નમો બુદ્ધસ્સ ના જપ કરતા કરતા પોતાના ગંતવ્ય સ્થાન તરફ ચાલી નીકળ્યા, જ્યારે રેવત પાસેના ખેરના વનમાં એકાંતમાં ધ્યાન અને મૌનચર્યામાં સંલગ્ન થઈ ગયા. એમની સાધના નિરંતર ચાલતી રહી. એમણે પોતાની બધી શકિત ધ્યાનમાં લગાડી દીધી. સાત વર્ષ સુધી સાધના કરીને તેમણે પરમ જ્ઞાન પ્રાપ્ત કર્યું. એમની અંદર ભગવદ્ભાવ ઊમટ્યો. તથાગતને સારરૂપે એમણે પોતાની અંદર જ પ્રાપ્ત કરી લીધા. આ ભાવદશાએ એમને એક મુશ્કેલીમાં મૂકી દીધા. પહેલાં તેઓ એટલા માટે નહોતા ગયા કે યોગ્ય બન્યા વગર ભગવાનને મળવા કઈ રીતે જાઉં અને હવે તો ભગવાન પોતે જ અંતરમાં બિરાજી ચૂક્યા છે તેથી હવે જવાની જરૂર જ નથી.

આ મુશ્કેલીમાં પડેલા રેવતનાં ભાવાશ્રુ એમને ભીંજવવા લાગ્યાં. તેઓ વિચારવા લાગ્યા કે ગુરુને બહાર શોધતો હતો, તેઓ તો અંદર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ મળી ગયા. તેથી રેવત પોતાનામાં જ મગ્ન બનીને જંગલમાં જ રહેવા લાગ્યા.

આ બાજુ અંતર્યામી ભગવાન પોતાના ભક્તની ભાવદશાને જાણીને પોતે જ સારિપુત્ર વગેરે સ્થવિરોની સાથે ત્યાં જઈ પહોંચ્યા. તે બહુ ભયંકર જંગલ હતું. રસ્તા ઊબડખાબડ અને કાંટાળા હતા. દિવસે પણ જંગલી પશુઓના ભયંકર અવાજો સંભળાતા હતા, રેવતની સાધનાનો પ્રભાવ જ એવો હતો કે ભિક્ષુઓને એની કંઈ ખબર જ ન પડી. એમને તો ચારેય તરફ ફૂલ ખીલેલાં જ દેખાતાં હતાં અને પરમ શાંતિનાં જ દર્શન થતાં હતાં.

રેવતે ધ્યાનમાં ભગવાનને આવતા જોયા, તેથી એમના માટે સુંદર આસન બનાવ્યું અને ફૂલોથી તેને સજાવ્યું. ભગવાન એ ખેરના વનમાં એક મહિનો રહ્યા. પછી તેઓ રેવતને લઈને પાછા ફર્યા. પાછા ફરતી વખતે બે ભિક્ષુઓના કમંડળ તથા બીજો કેટલોક સામાન ત્યાં રહી ગયો હતો. તેથી તેઓ રસ્તેથી પાછા વળીને તે લેવા આવ્યા. પાછા આવીને એમણે જે જોયું તો જાણે તેમને પોતાની આંખો પર ભરોસો જ બેસતો ન હતો. કદાચ બીજા કોઈને પણ ન આવે કારણ કે તે જંગલ અતિ ભયાનક હતું. રેવતનો નિવાસ કંટકભર્યો હતો. તેઓને તો વિશ્વાસ જ આવતો ન હતો કે આટલું બધું પરિવર્તન કેવી રીતે થઈ ગયું !

શ્રાવસ્તી પાછા આવતાં મહાન ઉપાસિકા વિશાખાએ એ બે ભિક્ષુઓને પૂછયું, "આર્ય રેવતનો નિવાસ કેવો લાગ્યો ?" ભિક્ષુઓ બોલ્યા, "પૂછશો જ ના. ઉપાસિકે ! એવી ભયંકર જગ્યા અમે કદી જોઈ નથી. ગમે તેમ કરીને ત્યાંથી બચીને પાછા આવ્યા. ખબર નહિ, આચાર્ય રેવત ત્યાં કઈ રીતે રહેતા હશે ? " એમની આ વાત સાંભળીને વિશાખાએ બીજા ભિક્ષુઓને પણ આ વાત કહી. એમણે કહ્યું, " આચાર્ય રેવતનું સ્થાન સ્વર્ગથી પણ સુંદર છે. જાણે કે રિદ્ધિથી ન બનાવ્યું હોય ! સુંદર અને સુરમ્ય સ્થળો તો અમે ઘણાંય જોયાં છે, પરંતુ પરમ તપસ્વી રેવત જ્યાં રહેતા હતા તેવું સ્થળ તો કદાચ દેવોને પણ દુર્લભ હશે. એવી પ્રગાઢ શાંતિ ! એવો સન્નાટો ! એવું અપૂર્વ સંગીતમય વાતાવરણ આ ધરતી પર બીજે ક્યાંય નથી. "



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ એકબીજાથી વિરોધી વાતોએ વિશાખાને ચોંકાવી દીધી. તે એના કારણે ભ્રમિત પણ થઈ ગઈ. એણે તથાગત પાસેથી સાચી વાત જાણવા ઈચ્છયું. એમની પાસે જઈને કહ્યું, “ પ્રભુ, આર્ય રેવતના નિવાસસ્થાનની બાબતમાં આપની સાથે ગયેલા ભિક્ષુઓને પૂછતાં કોઈ એને નરક જેવું તો કોઈ સ્વર્ગ જેવું બતાવે છે. તો આમાં સાચું શું છે ?” વિશાખાની આ વાત સાંભળી ભગવાન હસ્યા અને બોલ્યા, “ ઉપાસિકે, જ્યાં સુધી ત્યાં રેવતનો વાસ હતો ત્યાં સુધી તે સ્વર્ગ હતું કારણકે જ્યાં રેવત જેવા ધ્યાની બ્રાહ્મણ વિહરે છે તે સ્થાન સ્વર્ગ જેવું બની જાય છે, પરંતુ તેઓ ત્યાંથી જતા રહ્યા કે તરત જ તે નરક જેવું બની ગયું. દીવો દૂર કરી દઈએ તો અંધકાર જ થઈ જાય છે ને ! મારો પુત્ર રેવત પરમ જ્ઞાની બની ગયો છે, બ્રાહ્મણ બની ગયો છે. તેણે બ્રહ્મને જાણી લીધો છે.

અને પછી તેમણે આ ગાથાઓ કહી -

**આસા યસ્ય ન વિજ્જન્તિ અસ્મિં લોકે પરમ્હિ ચ ।**
**નિરાસયં વિસં યુત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ॥**
**યસ્સાલયા ન વજ્જિન્વિ અંનાય અકથંકથી ।**
**અમતોગધં અનુપ્પતં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ॥**

અર્થાત્ આ લોક અને પરલોકના વિષયમાં જેને કોઈ આશા રહી નથી, જે નિરાશય અને અસંગ હોય એને હું બ્રાહ્મણ કહું છું. જેનામાં આળસ અને તૃષ્ણા નથી, જે જાણીજોઈને નિઃસંદેહ થઈ ગયો છે એને હું બ્રાહ્મણ કહું છું અને એવા બ્રાહ્મણો જ્યાં પણ રહે છે ત્યાં બધા ચમત્કારો આપોઆપ જ થાય છે.ભગવાનનાં આ વચનોથી વિશાખાને પરમ બોધ પ્રાપ્ત થયો.

તેની સરળતામાં સાત્ત્વિક સંમોહન હતું. જ્યારે તે હસતી ત્યારે બસ એમ જ લાગતું જાણે બેલા-ચમેલીનાં ફૂલ વરસી રહ્યાં હોય. તેનું આ હાસ્ય હંમેશાં બીજાંનો વિષાદ હરી લેતું. ધારોષ્ણ દૂધથી ધોયેલા પોખરાજના રંગ જેવો તેનો દેહ હંમેશાં શ્રમબિંદુઓથી શણગારેલો રહેતો. પ્રત્યેક પળે, પ્રત્યેક ક્ષણે મહેનત કરતાં રહેવું એ તેનો સ્વભાવ હતો. કુટુંબી અને સગાંઓની જ નહિ, નગરવાસીઓની પણ સેવાને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેણે પોતાની સાધના બનાવી લીધી હતી. તેના આ જ ગુણોના કારણે તેને ભગવાન બુદ્ધનો કૃપાપ્રસાદ મળ્યો હતો. તેનું અંતસ્ સ્રોતાપત્તિમાં ડૂબી ચૂક્યું હતું. તેના અંતઃકરણમાં હંમેશાં 'નમો તસ્સ ભગવતો અરહતો સમ્માસંબુદ્ધસ્સ' ના સ્વર ઊઠતા રહેતા. ભગવાનની આ મધુર અર્ચના કોઈ ને કોઈ બહાને તેના હોઠોથી પ્રકટ થતી રહેતી.

તેનો આ બુદ્ધપ્રેમ જ્યાં ઘણાંની પ્રેરણાનો સ્રોત હતો ત્યાં તેના ઘરના લોકોને જરાય ગમતો ન હતો. તેનો પતિ તેને કુલટા, કુલક્ષણી, કુલકલંકિની અને કોણ જાણે બીજું શું શું કહેતો હતો, પરંતુ તે હંમેશાં આ ખરાબ વચનો પર દુઃખી થવાને બદલે હસી દેતી. કેમ કે તેના અંતરમાં તો ભગવાનનો કૃપાપ્રસાદ ઊમટતો રહેતો હતો. તેની આ સહનશીલતાની ચર્ચા આખાય રાજગૃહમાં હતી. બધા એમ જ કહેતા હતા કે ધનજાતિ કોણ જાણે કેવી રીતે આટલા અત્યાચારો સહન કરે છે, પરંતુ આ બધી પરિસ્થિતિઓ, વ્યક્તિઓ તથા વિચારોથી અલગ તેને પોતાના આરાધ્યની કરુણા પર વિશ્વાસ હતો. કોઈ ભલે તેને બ્રાહ્મણકુળનું કલંક કહે, પરંતુ તેને ખબર હતી કે તે સાચા બ્રાહ્મણત્વ તરફ અગ્રેસર છે.

એક દિવસ તો જાણે બધી હદ પાર થઈ ગઈ. તે દિવસે તેના ઘરમાં ભોજન સમારંભ હતો. કામકાજની ભાગદોડમાં તેનો પગ લપસી ગયો. ભોજન સમારંભમાં બધા બ્રાહ્મણ હાજર હતા. સંપૂર્ણ કુટુંબ ઉપસ્થિત હતું. પતિ હતા, પતિના બધા ભાઈ હતા અને સગા પણ હતા, તેથી તેણે પડતાં જ તુરંત ઊભા થવાનો પ્રયત્ન કર્યો અને ઊઠતાં જ ટેવ મુજબ 'નમો તસ્સ ભગવતો અરહતો સમ્માસંબુદ્ધસ્સ' કહી તથાગતનું સ્મરણ કર્યું. બુદ્ધના આ સ્મરણથી તો જાણે સમગ્ર કુટુંબીજનોને આગ લાગી ગઈ. વ્યંગ કરતા પતિના નાના ભાઈએ કહ્યું, અત્યારે તમે જે કહ્યું તેનો શું અર્થ છે. તેણે ખૂબ સહજતાથી જવાબ આપ્યો, આનો અર્થ માત્ર એટલો જ છે. 'એ ભગવાનને, તે સમ્યક્ સંબોધિપ્રાપ્તને અને તે અર્હતને નમસ્કાર છે.'



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ સાંભળીને તેના પતિ દેવાશિષે તેને ખૂબ ધમકાવી. અરે દુષ્ટા તારો નાશ થાય, જ્યાં ત્યાં એ જ ટકલુ શ્રમણની પ્રશંસા કરે છે. પછી તેણે પોતાના ભાઈઓ તરફ જોતાં કહ્યું, જાઓ તમે અત્યારે જ એ શ્રમણ ગૌતમની સાથે શાસ્ત્રાર્થ કરો અને હંમેશને માટે તેને ખતમ કરી દો. પતિના આ કથન પર તેણે હસીને કહ્યું, નમો તસ્સ ભગવતો અરહતો સમ્માસંબુદ્ધસ્સ. એ ભગવાનને નમસ્કાર છે, એ અર્હતને નમસ્કાર છે, એ સમ્યક્ સંબોધિપ્રાપ્તને નમસ્કાર છે. જાઓ બ્રાહ્મણ શાસ્ત્રાર્થ કરો. જો કે એ ભગવાન સાથે શાસ્ત્રાર્થ કરવામાં કોણ સમર્થ છે ? છતાં તમે જાવ. આનાથી તમને થોડો લાભ જ થશે.

તે બ્રાહ્મણ ભારદ્વાજ ક્રોધ, અહંકાર અને વિજયની મહત્ત્વાકાંક્ષામાં બળતો બુદ્ધ પાસે પહોંચ્યો. જાણે સાક્ષાત્ જ્વર આવ્યો હોય એવો તે હતો. તેનું તન, મન, પ્રાણ, અંતઃકરણ બધું જ બળી રહ્યું હતું. જ્વાળાઓ જ જ્વાળાઓ ઊઠી રહી હતી, પરંતુ ભગવાન તથાગતની પ્રશાંત છવિ જોતાં જ જાણે શીતળ વરસાદ થઈ ગયો. તેમની હાજરીમાં ક્રોધ બુઝાઈ ગયો. તેમની આંખો અને તેમાંથી ઝરતી-વહેતી કરુણાનો સ્પર્શ અનુભવીને તે વ્યક્તિને જીતવાની નહિ, હારવાની ઈચ્છા ઉત્પન્ન થઈ ગઈ. તેનાં મન અને પ્રાણનું અચાનક રૂપાંતરણ થઈ ગયું. આ બુદ્ધત્વના સાંનિધ્યનું સુફળ હતું.

એ બ્રાહ્મણ ભારદ્વાજે કેટલાક પ્રશ્નો જરૂર પૂછયા, પરંતુ વિવાદ માટે નહિ, મુમુક્ષા માટે પૂછયા. તેને એ સત્ય સમજાઈ ગયું હતું કે વિવાદથી માત્ર વિષાદ પેદા થાય છે, જ્યારે સાચી જિજ્ઞાસા મુમુક્ષાને જન્મ આપે છે. મુમુક્ષા સધાય તો બુદ્ધત્વ પ્રગટ થાય છે. તેની સાથે એ જ થયું. ભગવાનના ઉત્તરોને પ્રાપ્ત કરી તેને સમાધાન મળી ગયું. તેને સમાધિ લાગી ગઈ. પછી તે ઘેર ગયો નહિ. તેને ઘેર પાછા જવાની જરૂર પણ લાગી નહિ. હવે તો તે બુદ્ધનો જ થઈ ગયો. બુદ્ધમાં જ ખોવાઈ ગયો. તે જ દિવસે પ્રવ્રજિત થયો અને તે જ દિવસે અર્હત્વને પ્રાપ્ત થઈ ગયો.

આવી ઘટનાઓ ખૂબ ઓછી ઘટે છે કે તે જ દિવસે સંન્યાસી બન્યો અને તે જ દિવસે સમાધિ લાગી ગઈ. તે જ દિવસે મુમુક્ષા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાગી અને તે જ દિવસે બુદ્ધત્વ પ્રાપ્ત થઈ ગયું. આ તો અસંભવનું સંભવ થયું. જન્મોજન્મમાં પણ બુદ્ધત્વનું ફળ મળી જાય તો પણ તે વહેલું મળી ગયું. આ તો મહાચમત્કાર થયો.

પરંતુ તેના ભાઈ દેવાશિષને આના પર ખુશી થવાના બદલે ભારે ક્રોધ આવ્યો. જેવા સમાચાર મળ્યા કે નાનો ભાઈ સંન્યાસી બની ગયો, તે જ વખતે તે ભગવાનને અનેક પ્રકારની ગાળો ભાંડતો અને અસભ્ય વચનો બોલતો વેણુવન પહોંચી ગયો. ત્યાં એક પીપળાના મહાવૃક્ષ નીચે બનેલા ઓટલા પર ભગવાન બેઠા હતા. તેમના ચહેરા પર અપાર શાંતિ વિલસી રહી હતી. તેમના રોમરોમથી પ્રેમનું ઝરણું વહી રહ્યું હતું. તેમનાં વિશાળ નેત્ર તો જાણે કરુણાના અજસ્ર સ્રોત હતાં. તેમને જોઈ તેના ક્રોધથી ભભૂકતા અંગારા એ રીતે બુઝાઈ ગયા, જેમ બળતા અંગારા પાણીમાં પડી બુઝાઈ જાય છે.

ત્યાં હાજર રહેલા ભિક્ષુઓ ભગવાનનો આ ચમત્કાર જોઈ ચકિત હતા. તેઓ અરસપરસ કહેવા લાગ્યા, આવુસો ! બુદ્ધ ગુણમાં ખૂબ ચમત્કાર છે. આવી દુષ્ટ, અહંકારી અને ક્રોધી વ્યક્તિઓ પણ શાંતચિત્ત થઈ સંન્યાસી બની ગઈ છે અને તેમણે બ્રાહ્મણધર્મનો ત્યાગ કરી દીધો છે. ભગવાને જ્યારે આ ભિક્ષુઓની વાતો સાંભળી ત્યારે એમણે કહ્યું, ભિક્ષુઓ ! ભૂલ કરશો નહિ. એમણે બ્રાહ્મણ ધર્મનો ત્યાગ કર્યો નથી. વાસ્તવમાં પહેલાં તેઓ બ્રાહ્મણ ન હતા અને હવે તેઓ બ્રાહ્મણ બન્યા છે. ત્યારે બુદ્ધે આ ધમ્મગાથાઓ કહી -

**છેત્વા નન્દિં વરતંચ સન્દામં સહનુક્કમં ।**
**ઉક્ખિત્તપલિધં બુદ્ધં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ॥**
**અક્કોસં બધબંધંચ અદુટ્ઠો તિતિક્ખિતિ ।**
**ખંતિબલં બલાનીકં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ॥**

જેણે રસ્સી, દોરડું અને સાંકળ કાપીને ખૂંટો પણ ઉખાડી નાંખ્યો છે તે બુદ્ધ પુરુષને હું બ્રાહ્મણ કહું છું.

જે ચિત્તને દૂષિત કર્યા વિના ગાળ, વધ અને બંધન સહી લે છે અને ક્ષમાબળ જ જેના બળનો સેનાપતિ છે, તેને હું બ્રાહ્મણ કહું છું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભગવાનનાં આ વચનો ઉપસ્થિત ભિક્ષુઓ સાથે દેવાશિષ તથા તેનો ભાઈ પણ  સાંભળી રહ્યા હતા. તેમની આંખોમાં તથાગતનાં આ વચનોને વધારે સ્પષ્ટ રીતે જાણવાની ઉત્સુકતા હતી. ભક્તની આ જિજ્ઞાસા પૂર્ણ કરતાં ભગવાને કહ્યું - ભિક્ષુઓ ! નદ્ધા અર્થાત્ ક્રોધ, સાંકળ અર્થાત્ મોહ, દોરડું અર્થાત્ લોભ અને ખૂંટો અર્થાત્ કામ, આ ચારેયને ઉખાડી ફેંકનાર તથા પવિત્ર અને ક્ષમાશીલ અંતઃકરણ ધરાવતી વ્યક્તિ જ બ્રાહ્મણ છે. આ અનોખા બ્રાહ્મણત્વને પ્રાપ્ત થયેલ પોતાના પતિ અને દિયરના રૂપાંતરણની કથા ધનજાતિએ પણ સાંભળી. બધું સાંભળ્યા પછી પ્રભુના મહિમા પ્રત્યે નતમસ્તક થતાં તેણે કહ્યું, 'નમો તસ્સ ભગવતો અરહતો સમ્મસંબુદ્ધસ્સ.'



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભગવાન બુદ્ધ તે યુવકની સામે અત્યંત કરુણાપૂર્ણ મંદહાસ્ય સાથે જોઈ રહ્યા. તે યુવક તેમની પાસેથી દીક્ષા લઈને સંન્યસ્ત થવા ઈચ્છતો હતો. જો કે સંન્યાસના મર્મ અને ધર્મથી તે પરિચિત ન હતો. ઉંમરની દૃષ્ટિએ પણ તે હજુ બાળક જ હતો. તેના હોઠ પર યુવાવસ્થા દર્શાવતી રેખાઓ પણ આવી ન હતી. હજુ સુધી તેણે જીવનને સાચી રીતે જાણ્યું પણ ન હતું, પરંતુ ઘરથી તે કંટાળી ગયો હતો. માતા-પિતાનો અતિ મોહ તેને ભારે લાગતો હતો. માતાપિતાનું તે એકમાત્ર સંતાન હતો. કદાચ આ જ કારણે તેઓ તેને કોઈ પણ પ્રકારે છોડતાં ન હતાં. ત્રણેય એક જ ઓરડામાં સૂતાં હતાં. એક જ સાથે ભોજન પણ લેતાં હતાં. ક્યાંક જવાનું થતું તો એકસાથે જ જતાં.

માતા-પિતાના આ અતિશય મોહથી તે ગભરાઈ ગયો હતો. પોતાની ગભરાટભરી સ્થિતિમાં એક જ વાત સમજમાં આવી કે કોઈ પણ રીતે આમનાથી પિંડ છૂટી જાય. પોતાની આ સમસ્યાઓનો એક જ ઉકેલ તેની સમજમાં આવ્યો કે બુદ્ધ-સંઘમાં જઈ સંન્યાસ લઈ લે. એક વાર તો તેણે મા-બાપની સામે આ વાત જણાવી પણ દીધી. આ સાંભળી તેમણે રડવા-કકળવાનું શરૂ કરી દીધું, બૂમાબૂમ કરી મૂકી. માતા-પિતા બંનેએ તેને સમજાવ્યો કે- બેટા ! આવી વાત કરતો જ નહિ. તેમનો મોહ અતિ ભારે હતો.

તેમનો મોહ જેટલો વધારે વધ્યો, તેટલી જ વધારે તેની ભાગવાની ઈચ્છા વધી ગઈ. આ ગણિત પણ ખૂબ સીધું-સ્પષ્ટ છે કે જેટલા જોરથી તમે કોઈને પકડશો, તેટલો જ વધારે તે ભાગવા લાગશે. અંતે એક રાત્રિએ તે ચૂપચાપ ઘરમાંથી ભાગી નીકળ્યો અને સંતાતો-છુપાતો છેવટે તે જ્યાં ભગવાન બુદ્ધ બિરાજમાન હતા ત્યાં સુધી પહોંચી ગયો, વટવૃક્ષના છાંયામાં કમલાસનમાં બેઠેલા ભગવાન પાસે તેણે સંન્યાસ લેવા માટેની પ્રાર્થના કરી નાંખી. તેની આ પ્રાર્થના પર ભગવાન હસ્યા. તેમના આ હાસ્યમાં તેના અતીત તેમજ આગતનાં અનેક બિંદુ એકસાથે ઊભર્યાં. ભવિષ્યના અનેક આભાસો એ પ્રભુના મુસ્કાનમાં એકસાથે પ્રગટ થઈને રહસ્યમય રીતે વિલીન થઈ ગયા. પરંતુ પ્રત્યક્ષમાં ભગવાને તેને સંન્યાસની દીક્ષા આપી દીધી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગભરાયેલાં માતા-પિતાએ તેની ખૂબ શોધખોળ કરી. દરેક જગ્યાએ શોધ્યો, પછી તેમને યાદ આવ્યું કે તે ક્યારેક ક્યારેક ભિક્ષુ થવાની વાત કરતો હતો, તો ક્યાંક તે સંન્યાસી તો થઈ નહિ ગયો હોય ? આ શંકા સાથે તેઓ બુદ્ધ સંઘમાં જઈ પહોંચ્યાં. થોડી પરેશાની પછી તેમને તેમનો દીકરો મળી ગયો. પરંતુ હવે તે કંથાધારી ભિક્ષુ હતો. માએ તો તેને જોઈને જ રડવાનું શરૂ કરી દીધું,છાતી કૂટી, કપડાં ફાડ્યાં, વાળ વીંખ્યા, જમીન પર આળોટી. બાપ પણ થોડો પાછળ રહી જાય ! તેણે પણ પોતાનો મોહ વ્યકત કરવા માટે અનેક ત્રાગાં કર્યાં, પરંતુ દીકરો પણ જિદ્દી હતો, તેણે પણ જિદ પકડી લીધી કે હવે અહીંથી જઈશ નહિ.

છેવટે કોઈ ઉપાય ન જણાતાં બાપ પણ ભિક્ષુ બની ગયો. દીકરાને તો છોડવો મુશ્કેલ હતો, તેથી તેણે પણ સંન્યાસ લઈ લીધો. તેની સાથે આવેલી તેની પત્ની એટલે કે તે યુવકની માએ પણ સંન્યાસ લઈ લીધો. આ ત્રણેય પાછાં એકસાથે રહેવા લાગ્યાં. હવે આ સંન્યાસ અતિ વિચિત્ર થયો. દીકરાને તો સંન્યાસમાં કોઈ રસ હતો નહિ,

બસ તે તો ઘરથી કંટાળ્યો હતો. બાપને તો સંન્યાસ સાથે કોઈ લેવા-દેવા હતી જ નહિ,તે દીકરાનો સાથ છોડવા માગતો નહતો તેથી સંન્યાસી થઈ ગયો. રહી ગઈ મા, તો તેનો મોહ તો કઈ રીતે છૂટે તેથી તે પણ ભિક્ષુણી બની ગઈ.

આ ત્રણેયનો ફરીથી એ જ જૂનો ક્રમ શરૂ થઈ ગયો. તેઓ સાથેસાથે જ ઊઠતાં, સાથેસાથે બેસતાં, સાથેસાથે જ ભિક્ષા માગવા જતાં, સાથેસાથે બેસીને ટોળ-ટપ્પાં કરતાં. તેઓનું સંન્યાસી હોવું ન હોવું એકસરખું જ હતું. ન ધ્યાન, ન ધર્મ, ન સાધના, ન કોઈ સિદ્ધિ, આની સાથે તેમને કશી જ લેવા-દેવા ન હતી. ભગવાનનાં વચનો સાંભળવાની પણ તેમને કશી જ પડી ન હતી, જ્યારે તેમને સાંભળવા માટે લોકો હજારો કિ.મી. સુધી ચાલીને આવતા હતા અને આ ત્રણેય અમૃત સ્રોતની પાસે જ રહેવા છતાં પણ મોહવિષના પાનમાં મગ્ન હતાં. બુદ્ધનાં વચનામૃત સાથે તેમને કશો જ સંબંધ ન હતો.

તેમની આ વિચિત્ર ચર્યાને જોઈને ભિક્ષુ અને ભિક્ષુણીઓ તેમનાથી પરેશાન રહેવા લાગ્યાં. વાત પણ સાચી હતી. આ કંઈક વિચિત્ર સરખો ભરાવો થઈ ગયો હતો. આ ત્રણેયે ફરીથી પોતાનો એક પરિવાર વસાવી લીધો હતો. છેવટે ભિક્ષુઓએ વાત શાસ્તા સુધી પહોંચાડી. તે અંતર્યામી પ્રભુ તો જાણે પહેલેથી જ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બધું જાણતા હતા. છતાં પણ તેમણે આ ત્રણેયને બોલાવ્યાં. આમ બોલાવવામાં આવવાથી ત્રણેય ગભરાટ સાથે આવીને ઊભાં રહી ગયાં. તેમના મુખમંડળ પર મોહજનિત ભ્રાન્તિનું ધુમ્મસ છવાયેલું હતું.

સ્થિતિને ધ્યાનમાં રાખી પ્રભુ બોલ્યા, "ભિક્ષુઓ ! તમે આ તે કેવા પ્રકારનો સંન્યાસ લીધો છે ?" આ પ્રશ્નનો પ્રત્યેક અક્ષર ભગવાનની કરુણાથી ઓતપ્રોત હતો. આ કરુણાનો આ ત્રણેય જણ સ્પર્શ પામ્યા વગર રહી ન શક્યાં. આ સ્પર્શની સંવેદનાથી સ્નાત થયેલા યુવકના પિતાએ સત્ય કહ્યું, "ભગવન્ ! સંન્યાસ સાથે અમારે કશી પણ લેવા-દેવા ન હતી. હું અને મારી પત્ની દીકરાની સાથે રહેવા ઈચ્છતાં હતાં અને દીકરો છે, જે હમેશાં અમારાથી ભાગતો ફરે છે. તે ભાગેડુ છે, બચવા ઈચ્છે છે. મને ડર છે કે ખોટી સંગતમાં પડી જશે. તેથી અમે તો આને બચાવવા માટે આની પાછળપાછળ લાગ્યા રહ્યાં છીએ."

બાપ વૃદ્ધ હતો. સંસાર અને સાંસારિક્તાને તેણે જાણી હતી. તેથી એની જ વાતો તેણે પ્રભુને કહેવાની શરૂ કરી, "આપ તો જાણો જ છો ભગવન્ ! કે આ જવાની કેટલી ખરાબ હોય છે. બસ એટલા માટે અમે આને સંભાળવા માટે સાથે ને સાથે રહીએ છીએ. સત્ય તો એ જ છે કે નથી આને સંન્યાસ સાથે કોઈ લેવા-દેવા અને નથી અમારે કોઈ લેવા-દેવા. અમે ત્રણેય એકસાથે રહી શકીએ, એટલા માટે અમે સંન્યાસ લઈ લીધો છે. અમે અલગ-અલગ રહી શકીશું નહિ."

તેમની આ વાત સાંભળીને ભગવાનનાં નેત્રોમાં કરુણા છલકાઈ ઊઠી. તેઓએ તે ત્રણેયને પોતાની પાસે બોલાવીને બેસાડ્યાં અને પ્રેમથી તેમના માથા પર પોતાના વરદ્ હસ્તનો સ્પર્શ કરતાં કહ્યું - પુત્ર !

**અયોગે યુંજમત્તાનં યોગસ્મિશ્ચ અયોજયં ।**
**અત્થં હિત્વા પિયગ્ગાહી પિહેતત્તાનુયોગિનં ॥**

અયોગ્ય કર્મમાં જોડાયેલા, યોગ્ય કર્મમાં ન જોડાનારા તથા શ્રેયને છોડીને પ્રેયને ગ્રહણ કરનારા મનુષ્ય, આત્માનુયોગી પુરુષની ઈચ્છા કરો.

આ વચનોનો સાર જણાવતાં ભગવાન તથાગત બોલ્યા, "જે તમે સમજો છો તે મોહજનિત ભ્રાંતિથી વધારે બીજું કશું જ નથી. સત્યને તમે મારાં નેત્રોથી નિહાળો. બુદ્ધ પુરુષોના માર્ગ પર ચાલવાનું સાહસ કરો. તમારું જીવન પ્રકાશિત થઈ ઊઠશે." પ્રભુનાં આ વચનોએ તેમના અંતઃકરણને પ્રકાશિત કરી દીધું. તેમનો પથ પ્રકાશિત થઈ ઊઠ્યો. તેઓ ધન્ય થઈ ગયાં.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**શ્રા**વસ્તી નગરી ભગવાન તથાગતના પુણ્ય પ્રભાવથી પ્રકાશિત થઈ રહી હતી. આખા નગરના રસ્તાઓ, મહેલ, અટારીઓ, આંગણાં, મેડીઓ સમ્યક્ સંબુદ્ધ સુગંધથી મહેકી રહ્યાં હતાં. પુરજનોમાં પ્રભુનું સાંનિધ્ય પામવાની હોડ હતી. બાળક-વૃદ્ધ, યુવક-યુવતીઓ બધાં જ ભગવાનના આશિષના અભિસિંચનથી કૃતાર્થ થવા ઈચ્છતા હતા. આ હોડ અને દોડમાં સામાન્ય નગરજનોથી માંડીને નગરશ્રેષ્ઠી, સામંત વર્ગ, એટલે સુધી કે સ્વયં શ્રાવસ્તીનરેશ પણ સામેલ હતા. પ્રભુ-પ્રેમની ઈચ્છા દરેકને હતી. દરેક તેમની કૃપાના આકાંક્ષી હતા. અનંત કરુણાના સ્રોત ભગવાનની ભગવત્તાનો એક અંશ પામવાને અસંખ્ય જન વ્યાકુળ હતા.

પરંતુ આ જ શ્રાવસ્તી નગરીમાં કોઈ એવું પણ હતું, જેને પ્રભુ પાસેથી કશું જ નહોતું જોઈતું. તેના મન, અંતઃકરણમાં ભગવાન પાસેથી કશું પણ પામવાની ચાહત ન હતી, ન યોગ-વિભૂતિ, ન સિદ્ધિની ઈચ્છા.તે એવું વિચારતો હતો કે સર્વાંતર્યામી તેમજ મહાકરુણાના પરમ સ્રોત પ્રભુ પાસે વળી માગવાનું શું ! ભગવાનનાં શ્રીચરણોમાં તો બસ ભક્તિના અર્ઘ્ય ચઢાવવાના હોય.તન સમર્પિત, મન સમર્પિત, પ્રભુ ચરણોમાં જીવન સમર્પિત, બસ આ જ ચિંતન-સૂત્ર તેની ભાવનાઓને ઘેરી રાખતું હતું. પળે-પળે તેના મનમાં ભગવાન તથાગતનાં શ્રીચરણોમાં પોતાના સર્વસ્વ સમર્પણના ભાવ ઊભરતા હતા.

**દેકર ભી કરતા મન, દે દૂં કુછ ઔર અભી,**
**સુબહ દૂં શામ દૂં, તુઝે આઠોં યામ દૂં.**

આ પ્રકારની ભાવનાઓની ભાવ-સરિતામાં તે હમેશાં નિમગ્ન રહેતો હતો. ક્યારેક-ક્યારેક સંઘના કેટલાક સભ્યો તેની આવી ભાવનાઓ વિશે મશ્કરી પણ કરતા હતા. તેઓ કહેતા કે અરે ! પંચાગ્નિદાયક ! ભગવાન આપણને ભિક્ષુ બનાવવા બેઠા છે અને તું છે કે દાતા બનવાની હઠ લઈ બેઠો છે. અરે ભગવાનને કોઈ શું આપી શકે ! તે તો દરેકને બધું જ આપનારો છે. તે ભક્તની ભાવનાઓમાં સંઘના સભ્યો માટે કોઈ તર્કપૂર્ણ જવાબ ન હતો, પરંતુ તેનું મન એક વાત વારંવાર કહેતું હતું કે ભગવાન બુદ્ધના ભિક્ષુ ભિખારી ન હોઈ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકે. ભિક્ષુનો અર્થ તો કંઈક બીજો જ હોઈ શકે.જો આ જીવન પર ક્યારેક ભગવાનની કરુણા વરસી તો તેમની જ પાસેથી આ ભિક્ષુ શબ્દમાં છુપાયેલા અર્થને ગ્રહણ કરીશ.

આવા જ વિચાર સાથે તે પંચાગ્નિદાયક બ્રાહ્મણ ભગવાનનાં શ્રીચરણોમાં પોતાની ભક્તિનું દાન કરતો રહેતો હતો. આ નિયમની સાથે તેનો એક બીજો નિયમ પણ હતો કે ખેતરમાં વાવણી કર્યા પછી પાક તૈયાર થાય ત્યાં સુધીમાં પાંચ વાર ભિક્ષુ સંઘને દાન આપવું. પોતાના આ નિયમનો તે સંપૂર્ણ શ્રદ્ધા તથા વિશ્વાસ સાથે નિર્વાહ કરતો હતો. જો કે આ વાત તેની પત્નીથી બિલકુલ સહન થતી નહતી. એ તેને વારંવાર સમજાવતી કે દરેક જણ ભગવાનની પાસે તેમના તપનો એક અંશ માગવા માટે જાય છે. તેઓની પાસે પોતાની મનોકામનાઓ પૂરી કરવા માટે આશીર્વાદ માગે છે અને એક તમે મૂર્ખાની જેમ પોતાનું ઘર લુંટાવવાને પાછળ પડ્યા છો. પત્નીની આ પ્રકારની વાતોની તેના પર કોઈ જ અસર થતી નહતી. તે પોતાના નિશ્ચય અને સંકલ્પ પર અડગ હતો.

તેના આવા પ્રબળ નિશ્ચયને જોતાં એક દિવસ ભગવાન જાતે ભિક્ષાટન પર જવાના સમયે તેના દ્વાર પર આવીને ઊભા રહી ગયા. તે સમયે આ પંચાગ્નિદાયક બ્રાહ્મણ દ્વાર બાજુ પીઠ રાખીને ભોજન કરવા બેઠો હતો. તેની પત્ની તેને માટે ભોજન પીરસવાનાં સાધનો ભેગાં કરી રહી હતી. ભગવાનને આ રીતે ઊભા રહેલા જોઈને તેનું ચિત્ત વ્યાકુળ થઈ ઊઠ્યું. તેને ચિંતા થઈ કે ક્યાંક મારા પતિએ શ્રમણ ગૌતમને જોઈ લીધા તો પછી મારે ફરીથી રસોઈ તૈયાર કરવાની માથાકૂટ કરવી પડશે.

આ પ્રકારના વિચારો સાથે તે ભગવાન તરફ પોતાની પીઠ રાખી તેમને પોતાના પતિથી છુપાવવા માટે ઊભી રહી ગઈ, જેથી બ્રાહ્મણ તેમને જોઈ ન શકે, પરંતુ તે સમયે ભક્તિભાવનાથી સભર બ્રાહ્મણ ભગવાનની ઉપસ્થિતિ પોતાની અંતઃપ્રજ્ઞામાં અનુભવવા લાગ્યો. સાથેસાથે એ અપૂર્વ સુગંધ, જે હમેશાં ભગવાનને ઘેરી રહેતી હતી, તેનાં નસકોરાં સુધી પહોંચી ગઈ. તથાગતના મહાતપથી તેનું ભવન પણ અલૌકિક દીપ્તિથી ભરાવા લાગ્યું. આ બધા જ વિચિત્ર અનુભવ તે બ્રાહ્મણીને પણ થયા, જે પોતાના ઓઠા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાછળ પોતાના પતિને છુપાવતી હતી. આ અલૌકિક અનુભવોમાં તેની બધી જ ક્ષુદ્રતાઓ ક્યારે વિલીન થઈ, તેની તેને ખબર જ ન પડી. બસ તે પોતે પોતાની મૂર્ખતા પર હસી પડી.

ભગવાન તથાગત હજુ પણ એ જ જગ્યાએ ઊભા હતા. બ્રાહ્મણે ચોંકીને પાછળ જોયું. તેને તો જાણે પોતાની આંખો પર ભરોસો જ નહોતો અને તેના મોંમાંથી આવેગપૂર્વક નીકળી ગયું, "અરે આ શું ! ભગવાન ! " પછી તેણે ભગવાનનાં ચરણસ્પર્શ કરી વંદના કરી અને પોતાના ભોજનની થાળી સંપૂર્ણપણે ભગવાનના ભિક્ષાપાત્રમાં ઊંધી કરી નાંખી. આવું કરતી વખતે તે રોમાંચિત થઈ રહ્યો હતો. તેના મુખ પર ધન્યતાની આભા હતી. હાથ જોડીને તે કૃતાર્થભાવે બોલ્યો - "પ્રભુ ! આજે હું કેટલો નસીબદાર છું કે આપે મારા નૈવેદ્યનો સ્વીકાર કર્યો."

તેનાં આ વચનો સાંભળી ભગવાનના અધરો પર સ્મિતની એક ઉજ્જવળ રેખા પથરાઈ ગઈ. આ ઉજ્જવળતાએ બ્રાહ્મણના અંતઃકરણને ઉજ્જવળતાથી ભરી દીધું. આ ઉજ્જવળતામાંથી ઊપજેલી જિજ્ઞાસાએ તેણે પ્રભુને નિવેદિત કરતાં પૂછ્યું -"હે ભગવાન ! આપ આપના શિષ્યોને ભિક્ષુ કહો છો. આ ભિક્ષુ શબ્દમાં શો અર્થ સમાયો છે ? અન્ય કોઈ ભિક્ષુ કઈ રીતે હોઈ શકે ?" આ પ્રશ્ન તેના અંતર્મનમાં અંકુરિત થયો, કેમકે ભગવાનની આ અનાયાસ ઉપસ્થિતિની મધુર ક્ષણે તેનામાં સંન્યાસની આકાંક્ષા ઉદય પામી રહી હતી. સંભવતઃ આ પવિત્ર ક્ષણે તેના બધા જ કર્મ સંસ્કાર ક્ષય પામ્યા હતા.

ઉત્તર આપતાં ભગવાન કરુણાપૂર્ણ દૃષ્ટિથી તેની સામે જોતા બોલ્યા - "હે પુત્ર !

**સબ્બસો નામ રૂપસ્મિ યસ્સ નત્થિ સમાયિતં,**
**અસતા ચ ન સોચતિ સ વે ભિકખૂતિ વુચ્ચતિ.**

"જેમને નામ-રૂપ, પંચ-સ્કંધમાં જરા પણ મમતા નથી અને જે તેમના ન હોવાથી શોક નથી કરતો, એ જ ભિક્ષુ છે, એને જ હું ભિક્ષુ કહું છું."

બ્રાહ્મણે બુદ્ધની વાણી સાંભળી. તે પ્રીતિભાવ સાથે તેમનાં ચરણોમાં ઝૂક્યો અને બોલ્યો -"મારો સ્વીકાર કરી લો પ્રભુ !" નામ-રૂપની મમતાએ મને ઘણું જ દુઃખ આપ્યું છે. હવે મને આમાંથી પાર ઉતારી લો." બ્રાહ્મણના આ સ્વરોની સાથે કરુણામૂર્તિ પ્રભુએ તેને સંભાળી લીધો. આની સાથે જ તે હવે ભિક્ષુ થઈ ગયો, પરમ વીતરાગ મહાભિક્ષુ, ભગવાન બુદ્ધનો સાચો ભિક્ષુ. ❀



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભિક્ષુ દિવ્યાંશુ વ્યવહારમાં વિનમ્ર હતા. તેમની વાણીની સૌમ્યતા મળનારને સહજ પ્રભાવિત કરતી હતી. સંઘના મોટાભાગના સભ્યો તેમને સીધા, સરળ, કર્મઠ અને કાર્યકુશળ માનતા હતા. દિવ્યાંશુને તેમની આ છવિ પર ભારે માન હતું. મનમાં ને મનમાં તેઓ આને પોતાની ઉપલબ્ધિ માનતા હતા. કેટલીક વાર તો તેઓ અન્ય ભિક્ષુઓને પણ સમજાવી દેતા કે તેઓ ભગવાન તથાગતના દૂરના સગા છે, તથાગતનો તેમના પર ખૂબ વિશ્વાસ છે. તેમનાથી વધારે નજીકનો ભગવાનનો બીજો કોઈ સગો નથી. આ બધી વાતોના આધારે ઘણાએ તો એમ પણ માની લીધું કે ભવિષ્યમાં તેઓ જ ભિક્ષુસંઘનું સંચાલન કરશે. આ માન્યતાને ઘણીવાર ભિક્ષુ દિવ્યાંશુ તેમનું સમર્થન પણ આપી દેતા હતા.

જો કે ભિક્ષુસંઘના ઘણા સભ્યો આવી વાતો મોટાભાગે હસી કાઢતા હતા કેમ કે તેમને ખબર હતી કે બુદ્ધત્વની પરંપરા બોધના અધિકાર પર વિશ્વાસ કરે છે. આનો વ્યવસ્થાના સંચાલન જેવી ક્ષુદ્રતાઓ સાથે કોઈ સંબંધ નથી. એવા લોકોમાં ખેત, મહાકાશ્યપ વગેરે સંબુદ્ધ ભિક્ષુઓનાં નામ લેવાતાં હતાં. ભૌતિક ઐશ્વર્યરહિત છતાં યૌગિક ઐશ્વર્યથી ઓતપ્રોત આ મહાસાધકોનો યથાર્થ જોવામાં ઘણી આંખો સક્ષમ ન હતી. મોટાભાગના સભ્યો તો દિવ્યાંશુને જ ભાવિ કર્તાહર્તા, સંચાલક તથા સર્વેસર્વા માની બેઠા હતા. આવા લોકોને સૃષ્ટિના નિયમ, વિધાન તથા પરાપ્રકૃતિની સૂક્ષ્મતાઓના રહસ્યનું જ્ઞાન ન હતું.

જેમનો બોધ હતો અને જેઓ જ્ઞાની હતા તેઓ સત્યથી બધી રીતે પરિચિત હતા. મહાકાશ્યપ, ખેત તથા મહાભિક્ષુ મૌદ્‌ગલાયનને એ સત્યની ખબર હતી કે ઉપરથી સરળ, શિષ્ટ, શાલીન,વિનમ્ર તથા વ્યવહારકુશળ દેખાતા ભિક્ષુ દિવ્યાંશુ આંતરિક સ્તરે અનેક મનોગ્રંથિઓથી પીડિત છે. મહાત્ત્વાકાંક્ષાઓના વૃશ્ચિક દંશ તેમને સતત પીડા આપે છે. પરનિંદાની વૃત્તિ એમનામાં ઠસોઠસ ભરેલી છે. તેઓ ષડ્‌યંત્રોના કુટિલ વ્યૂહ રચવામાં ખૂબ પ્રવીણ છે. પોતાના જેવી વૃત્તિવાળા કેટલાય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સહભિક્ષુઓનો તેમને ભરપૂર સહકાર મળે છે. આ સુખની અનુભૂતિ માટે તેઓ હરઘડી કાવતરું રચવામાં બધી સીમાઓ વટાવવા માટે તૈયાર રહે છે.

આવી કુટિલતાઓ તેમના દરેક શ્વાસમાં ભરાયેલી હતી. તેઓ તર્કમાં કુશળ હોવા છતાં ધ્યાનમાં અજાણ હતા. તેઓ ક્ષુદ્રમાં કુશળ હતા, પરંતુ વિરાટમાં તેમની અકુશળતા હતી. તેઓ દરેક વાતમાં લોકોને હરાવી શકતા હતા અને કોઈ પણ ઉપાયથી હરાવી શકતા હતા. પરંતુ હજી સુધી અંદરથી પોતાની જીત થઈ ન હતી. શબ્દના સ્વામી આ ભિક્ષુ દિવ્યાંશુ મૌનમાં પરમ દરિદ્ર હતા. અને ઘણીવાર એવું બને છે કે અંદર મૌનની દરિદ્રતા હોય તો માણસને બકવાસ કરવાની ટેવ પડી જાય છે. તે પોતાની ક્ષુદ્રતાને કેવી રીતે છુપાવે. પોતાની નગ્નતાને કેવી રીતે છુપાવે. માત્ર શબ્દોનાં વસ્ત્ર ઓઢી લે છે. શબ્દોના આધારે એ બેખબર રહે છે કે એણે મૌન જાણ્યું નથી.

અને મોટાભાગે એવું બને છે કે જ્યાં સુધી મૌનમાંથી શબ્દ ન આવે ત્યાં સુધી વ્યર્થ હોય છે. જ્યાં સુધી આંતરિક શૂન્યમાંથી શબ્દ પરિપકવ થઈને ન આવે ત્યાં સુધી તે નિષ્પ્રાણ હોય છે. જ્યારે એ જ શબ્દ અંદરની રસધારથી પરિપકવ બનીને આવે છે, જ્યારે તે શૂન્યના ગર્ભમાંથી ઊપજે છે ત્યારે એમાં સાર હોય છે, પરંતુ લોકો અજાણ છે. તેઓ આ સત્યને સમજતા નથી. તેઓ વ્યર્થની વાતોમાં આનંદ લે છે. કોઈના ઘેર જઈને કોઈ કચરો નાંખે તો ઝઘડો થઈ જાય છે,પરંતુ કોઈના મનમાં કોઈ ગમે તેટલો કચરો નાખે, કોઈ ઝઘડો થતો નથી. આથી ઊલટું તે પ્રેમથી સાંભળે છે અને કહે છે વધારે સંભળાવો. ભિક્ષુ દિવ્યાંશુ આ બાબતમાં અને આવી જ વાતો સંભળાવવામાં પરમ કુશળ હતા. જો કે તેઓ તથાગતની સામે સારા અને સાચા હોવાનો ઢોંગ કરવાનું ચૂકતા ન હતા.

એક દિવસ તેમની કુટિલ પ્રવૃત્તિઓએ નવું કાવતરું રચવાનું નક્કી કર્યું. બન્યું એવું કે તે વખતે સંઘમાં એક નવા ભિક્ષુનો પ્રવેશ થયો હતો. તે ખૂબ જ પવિત્ર અને કપટરહિત સાધક હતો. ભગવાન તેમને આત્મીય ભાવથી વિશુદ્ધિ કહીને બોલાવતા હતા. તેમના પર શાસ્તાનો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખૂબ આંતરિક સ્નેહ હતો. તથાગતનો હાલમાં જ ભિક્ષુ બનેલા વિશુદ્ધિ પર આ આંતરિક પ્રેમ દિવ્યાંશુથી સહન થયો નહિ અને એમણે વિશુદ્ધિના ચરિત્રને કલંકિત કરવાની આખી યોજના ઘડી નાખી. સ્વયં પડદાની આડમાં રહી એમણે કાવતરાની બધી વ્યવસ્થા કરી નાખી.

સંઘની એક ભિક્ષુણી અને તેમના કેટલાક સાથીઓએ મળીને અફવા ફેલાવી દીધી કે ભિક્ષુ વિશુદ્ધિ કેવા પાપી અને ખરાબ ચરિત્રના છે. તેઓ આર્ય વિશુદ્ધિનો ક્યારેક એક સાથે તો ક્યારેક બીજા સાથે સંબંધ જોડતા. પોતાની આંતરિક મલિનતાનો કાદવ ફેંકી શકાય તેટલો તેમના પર ફેંકી રહ્યા હતા. વિશુદ્ધિ નિર્વિકાર ભાવે બધું જ સહન કરી રહ્યા હતા. કેમ કે તેમને ભગવાન સમ્યક્ સંબુદ્ધ અંતર્યામી પર વિશ્વાસ છે, જે પરમજ્ઞાની છે, પછી કોને અને ક્યાં સ્પષ્ટતા આપે. એમણે પોતાનો બધો ભાર તથાગતનાં ચરણોમાં સમર્પિત કરી દીધો અને પોતાના કર્ત્તવ્ય કર્મમાં એકાગ્ર બની ગયા.

વિવાદ અને પ્રવાદની આ લહેરો શાસ્તા સુધી પણ પહોંચી. પહેલાં તો તેમણે સ્મિત કર્યું, પરંતુ સંઘના કેટલાક સભ્યોનું મન રાખવા માટે તેમણે લૌકિક રીતે તપાસ કરી. પળવારમાં કાવતરાનો ભેદ ખૂલી ગયો. આખી સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ. ભગવાન તથાગતે ભિક્ષુ દિવ્યાંશુને બોલાવ્યા. એમણે આવતાં જ પોતાની સંપૂર્ણ વિનમ્રતાનું પ્રદર્શન કરતાં ભગવાન સામે પોતે નિર્દોષ હોવાની કહાની સંભળાવી દીધી. એમણે શાસ્તા સમક્ષ એક નવું જૂઠાણું સંભળાવ્યું. આ સાંભળી શાસ્તા કરુણાથી દ્રવિત થઈ ઊઠ્યા. તેમના હૃદયમાં આ ભિક્ષુ માટે સહજ પ્રેમ ઊમટી પડ્યો.

એમણે સ્નેહયુક્ત વાણી દ્વારા તેને સન્માર્ગનો પંથ બતાવતાં કહ્યું, વિજય મૂલ્યવાન નથી પ્રિય દિવ્યાંશુ. વળી, સત્ય છોડીને જે વિજય મળે તે હાર કરતાંય બદતર છે. સત્ય જ એકમાત્ર મૂલ્ય છે અને જ્યાં સત્ય છે ત્યાં જ તેનો વિજય છે. સત્યની સાથે હારી જવું એ પણ વિજય અને સૌભાગ્ય છે અને અસત્ય સાથે જીતી જવું પણ દુર્ભાગ્ય છે. વત્સ, આમ કરીને તું શ્રમણ નહિ બની શકે. કેમ કે જેણે બધી કુટિલતાઓ અને મહત્ત્વાકાંક્ષાઓનું શમન કર્યું છે તેને જ હું શ્રમણ કહું છું. સૌ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રથમ તો મહત્ત્વાકાંક્ષા જ ધ્યાનમાં બાધા છે. તેની સાથે એનું કુટિલતાની પ્રવૃત્તિઓ સાથે જોડાઈ જવું તે તો ખૂબ જ વિક્ષિપ્ત સ્થિતિ છે, પુત્ર.

આમ કહી ભગવાને આ ધમ્મગાથાઓ કહી -

**ન મુંડકેન સમણો અબ્બ તો અલિકં મણં**
**ઈચ્છાલાભ સમાપન્નો સમણો કિં ભવિસ્સતિ ॥**
**યો સમેતિપાપાનિ અણુ થૂલાનિ સબ્બસો ।**
**સમિતત્તા હિ પાપાનં સમાણોતિ પવુચ્ચતિ ॥**

'જે વ્રતરહિત અને મિથ્યાભાષી છે, તે માત્ર મુંડિત હોવા છતાં શ્રમણ હોતો નથી. ઈચ્છાલાભથી ભરેલો પુરુષ કેવી રીતે શ્રમણ થશે ? જે નાનાંમોટાં પાપોનું બધી રીતે શમન કરનારો છે, તે પાપોના શમનના કારણે જ શ્રમણ કહેવાય છે.' શાસ્તાનાં આ વચનોથી બધા ભિક્ષુઓને સાધનાનો નવો માર્ગ ચીંધી દીધો. તેમના માટે ધ્યાનનો પરમ માર્ગ પ્રશસ્ત કર્યો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચંદાભની ખ્યાતિની આભા ચારે તરફ ફેલાયેલી હતી. રાજગૃહના ચોરે-ચૌટે તેની ચર્ચા થતી હતી. તેના ચમત્કારોની અનેક કથાઓ કહેવાતી -સંભળાતી હતી. દરેકને તેનું સામીપ્ય પ્રિય હતું. તેની એક ઝલક પામવાની ઈચ્છા અનેકના મનમાં હતી, પરંતુ તે સ્વયં અતૃપ્ત હતો. કોઈ એક ઈચ્છા તેને દુભવતી હતી. અંતર્હૃદયનું અધૂરાપણું તેને વિહ્વળ કરતું હતું. એક અજાણી છટપટાહટ તેને હમેશાં ઘેરી રહેતી હતી. તે પોતાની અતૃપ્તિને મિટાવવા ઈચ્છતો હતો, પરંતુ કઈ રીતે ? આ સવાલ અનુત્તરિત હતો. તે પોતાના અધૂરાપણાનો નાશ કરીને પૂર્ણ બનવા ઈચ્છતો હતો, પરંતુ કેવી રીતે ? આ સવાલનો કોઈ જ જવાબ તેની પાસે ન હતો.

બસ, જયારે તે નિદ્રામાં હોય ત્યારે સ્વપ્નોના ઝરૂખામાંથી તેને તેનો આભાસ થતો હતો. પૂર્વજન્મની કેટલીક યાદો, પૂર્વ જીવનના કેટલાક સંસ્કાર તેને પ્રેરિત કરતા હતા. વારંવાર સ્વપ્નની અંદરથી જાણે એક સંદેશો મળતો હતો, પરંતુ હમેશાં તે સંદેશો અસ્પષ્ટ જણાતો. ક્યાંક કોઈ ધુમ્મસમાં કોઈ આભાસ ઉત્પન્ન થતો અને લુપ્ત થઈ જતો. કોઈ ચિત્ર તેને ટુકડા-ટુકડામાં દેખાતું હતું, પરંતુ આખું ચિત્ર ક્યારેય તૈયાર થતું નહોતું. પોતાની આ લગાતાર ચાલનારી સ્વપ્ન શૃંખલા દ્વારા તે ફક્ત એટલું સમજી શક્યો કે તે પૂર્વજન્મમાં ભગવાન કશ્યપ બુદ્ધની મૂર્તિ પર ચંદન લગાવતો હતો. તેના દ્વારા થતા બધા જ ચમત્કાર તેના એ જ પુણ્યનાં સારાં ફળ રૂપે છે.

એ જ પુણ્યથી તેની નાભિમાંથી ચંદ્રમંડળ જેવી આભા નીકળી હતી. જેને જોઈને બધા જ ચકિત થતા હતા. તેના ઘર-પરિવારના લોકોએ તો આ જોઈને કંઈક બીજી જ યોજના બનાવી નાંખી હતી. સગાં-સંબંધીઓએ તેમને એવું સૂચવ્યું કે તમે સૌ ચંદાભના ચમત્કારોનું પ્રદર્શન કરીને ઝડપથી ધનવાન બની શકો છો. યોજના લોભામણી હતી, ઘરના લોકો પણ માની ગયા. ધનનો લોભ, યશની ઈચ્છા હમેશાં માર્ગ પરથી વિચલિત કરે છે. પણ આ સત્યને વિરલા જ સમજી શકે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. મોટા ભાગના લોકોના ભાગે ફક્ત ભટકાવ તેમજ મૂંઝવણો જ આવે છે.

આવું જ કંઈક ચંદાભના ઘરનાંઓની સાથે થઈ રહ્યું હતું. બ્રાહ્મણ હોવાનું ગુમાન, વધુમાં ચમત્કારી પુત્રના માતા-પિતા હોવાનો અહમ્ તેમના માથા પર ચઢીને બોલવા લાગ્યો. પાખંડી સગાંવહાલાંઓનો સહયોગ પણ તેમને સહજપણે મળતો હતો. આ દરેકની ચાલાકીઓના કારણે પણ ચંદાભનું કશું જ ન ઊપજયું. મનને મનાવીને તેને પણ હાએ હા કરવું પડ્યું. બસ આ બધા પાખંડી બ્રાહ્મણો તેને લઈને નગરે-નગરે ફરવા લાગ્યા. ચંદાભના ચમત્કારી ગુણોની ચર્ચા કરીને તેઓ લોકોને લૂંટવા લાગ્યા. તેઓ સૌને એવું જ કહેતા, જે ચંદાભના શરીરનો સ્પર્શ કરે છે, તે જે ઈચ્છે છે, તે મેળવે જ છે.

મનવાંછિત ઈચ્છાઓ, મનવાંછિત આશીર્વાદ પામવાના લોભમાં લોભીઓની ભીડ ભેગી થવા લાગી. ઠગવાનો વ્યવસાય શરૂ થઈ ગયો. ખરેખર તો ઠગવાનો વ્યવસાય બે પ્રતિયોગીઓની વચ્ચે પ્રતિસ્પર્ધાના કારણે ચાલે છે. તેમાં એક પ્રતિયોગી ઠગનાર હોય છે અને બીજો એ હોય છે જે લોભવશ પોતાની યોગ્યતા કરતાં વધારે પામવા ઈચ્છે છે. ખરેખર તો આ બંને એક-બીજાને ઠગવા ઈચ્છે છે, પરંતુ સફળતા તો એકને જ મળે છે. આમાં લોભીને તો ઘણુંખરું હારવાનું જ હોય છે. ચંદાભ આ ઠગવિદ્યાને ખૂબ સાક્ષીભાવથી જોઈ રહ્યો હતો. વચ્ચે વચ્ચે તેના હૃદયના પોકારના આર્તસ્વરોની ગુંજ ઊઠતી રહેતી.

પ્રભુ માર્ગ આપો-આવો જ સ્વર તેની અંતર્વેદનામાં ગુંજતો રહેતો. પોકાર અને ભ્રમણ બંને તત્ત્વો ચંદાભના અસ્તિત્વ સાથે એકરસ થઈ ગયાં હતાં. એક સમયે જ્યારે ભગવાન તથાગત જેતવનમાં વિહાર કરી રહ્યા હતા, ત્યારે તેને લઈને તે બ્રાહ્મણ શ્રાવસ્તી પહોંચ્યા. સાંજનો સમય હતો અને આખું શ્રાવસ્તીનગર ભગવાનના દર્શન અને ધર્મ-શ્રવણ માટે જેતવન તરફ જઈ રહ્યું હતું. તે પાખંડી બ્રાહ્મણોએ લોકોને ઊભા રાખીને ચંદાભનો ચમત્કાર બતાવવા ઈચ્છયું, પરંતુ કોઈ રોકાયું નહિ. દરેકનું હૃદય ભગવાનના આકર્ષણમાં બંધાયું હતું. વિવશ થઈ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે બ્રાહ્મણો પણ શાસ્તાના અનુભાવને જોવા માટે ચંદાભને લઈને જેતવન તરફ ચાલી નીકળ્યા.

જેતવન પહોંચીને તો એક નવું અચરજ થયું, પરંતુ આ એક એવું આશ્ચર્ય હતું, જેને ઉપસ્થિત જનસમુદાયે નહિ, પરંતુ બ્રાહ્મણોએ જોયું. થયું એવું કે પ્રભુની નજીક પહોંચતાં જ ચંદાભની આભા લુપ્ત થઈ ગઈ. આ આભા લુપ્ત થઈ જવાના કારણે ચંદાભના પરિવારજનો અતિ દુઃખિત થઈ ગયાં અને ચમકી પણ ગયાં. તેઓ એવું સમજ્યાં કે શાસ્તા આભા લુપ્ત કરવાનો કોઈ મંત્ર જાણે છે. એટલે એ સૌએ મળીને ભગવાનને વિનંતી કરી - "હે ગૌતમ ! અમને સૌને પણ આભા લુપ્ત તેમજ પુનઃ જાગૃત કરવાનો મંત્ર શીખવો. તે મંત્રને લુપ્ત કરવાની વિધિ પણ અને અમે સૌ હંમેશ માટે આપનાં દાસ થઈ જઈશું."

તેમની વાત સાંભળીને ભગવાન હસી પડ્યા અને કહેવા લાગ્યા કે આ મંત્ર ફક્ત ચંદાભને મળશે. પરંતુ આના માટે તેણે પ્રવ્રજિત થવું પડશે. ભગવાનની વાતો સાંભળીને ચંદાભ પ્રવ્રજિત થઈ ગયો. પ્રવ્રજિત થતાંની સાથે જ ચંદાભને પાછલા જન્મની સ્મૃતિઓએ ઘેરી લીધો. સ્વપ્નોમાં દેખાતી અધૂરી ઝલક આજે પૂરી થઈ ગઈ. આજે તે પ્રભુના આશિષ દ્વારા ધ્યાનમાં ડૂબી ગયો. થોડાક જ સમયમાં તેણે અર્હત્વને પામી લીધું. એ તો મંત્રની વાત ભૂલી જ ગયો. મહામંત્ર મળે તો પછી સાધારણ મંત્રોને તો કોણ ન ભૂલી જાય !

જ્યારે તેનાં સગાંવહાલાં બ્રાહ્મણ લોકો તેને પાછો લઈ જવા માટે લેવા આવ્યાં તો તે જોરથી હસ્યો અને બોલ્યો - તમે લોકો પાછા જતા રહો, હવે હું પાછો જવાનો નથી. મારું આવવા-જવાનું બધું જ સમાપ્ત થઈ ગયું છે. બ્રાહ્મણોને તો ચંદાભની આ વાત મગજમાં ન ઊતરી. તેમને તો સમજાયું નહિ કે કેવી ઊંધી-ચત્તી, ઘેલી વાતો કરી રહ્યો છે. બ્રાહ્મણે આ વાત ત્યાં ઊભેલા ભિક્ષુઓને જણાવી. તેઓ પણ હેરત પામ્યા, તેમને પણ ચંદાભની વાતો અટપટી જણાઈ.

સમજણના અભાવે ભિક્ષુઓએ જઈને ભગવાનને કહ્યું, ભંતે ! આ ભિક્ષુ ચંદાભ હમણાં જ નવો - નવો આવ્યો છે અને અર્હત્વ(પરમજ્ઞાની) હોવાનો દાવો કરી રહ્યો છે અને કહે છે કે હું હવે આવવા-જવામાંથી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મુક્ત થઈ ગયો છું. તે આવું નિરર્થક, સરાસર જૂઠું બોલી રહ્યો છે. આપ તેને ચેતવો.

શાસ્તાએ મધુર હાસ્ય સાથે કહ્યું - ભિક્ષુઓ ! મારા આ પ્રિય પુત્રની તૃષ્ણા ક્ષીણ થઈ ચૂકી છે. અને તે જે કહી રહ્યો છે તે સંપૂર્ણ સત્ય છે. તે સાચા બ્રાહ્મણત્વને ઉપલબ્ધ થઈ ગયો છે અને ત્યારે તેમણે બોધવચનો કહ્યાં -

**ચંદ્ર વ વિમલં સુદ્ધં વિપ્પસન્નમનાવિલં ।**
**નન્દીભવપરિકખીણં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ॥**
**હિત્વા માનુસકં યોગં દિબ્બં યોગં ઉપચ્ચગા ।**
**સબ્બયોગંવિસંયુત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ॥**

જે ચંદ્રમાની જેમ વિમલ, શુદ્ધ, સ્વચ્છ અને નિર્મળ છે તથા જેની બધા જ જન્મોની તૃષ્ણા નષ્ટ થઈ ગઈ છે, તેને હું બ્રાહ્મણ કહું છું. જે માનવીય બંધનોને છોડીને દિવ્ય બંધનોને પણ છોડી ચૂક્યો છે, જે બધાં જ બંધનોથી વિમુક્ત છે, તેને હું બ્રાહ્મણ કહું છું." ભગવાન તથાગતનાં આ વચનોએ ભિક્ષુઓના મનને એક નવી જ્યોતિથી ભરી દીધું.

❀



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**સા**રિપુત્રના તપ અને જ્ઞાનની પ્રભાથી શ્રાવસ્તી જનપદનો કણ-કણ પ્રકાશિત થઈ રહ્યો હતો. નગરવાસી તેમના ગુણોની કથા કહેતાં અને સાંભળતાં થાકતા ન હતા. સ્થવિર સારિપુત્ર તેમના માટે માનવીય આદર્શની જીવંત મૂર્તિ હતા. તેમના દ્વારા જ આ તમામ નગરજનોએ જીવનના સત્યને - મર્મને જાણ્યું હતું. નગરવાસીઓ માટે આ મહાભિક્ષુ જીવન જીવવાની કલાના આચાર્ય હતા. નગરજનોમાંથી કોઈને જ્યારે કોઈ શંકા ઊઠતી, તો તેમની પાસે પહોંચી જતા. તેમની નિકટતામાં સહજપણે તે સૌને સમાધાનનું સાર્થક સૂત્ર મળી જતું.

સારિપુત્રનાં આવાં અનુદાનોથી શ્રાવસ્તીનાં નગરજન કૃતાર્થ અને કૃતકૃત્ય હતાં. આ કૃતકૃત્યતા અને કૃતાર્થતાએ પુરવાસીઓના હૃદયમાં સઘન શ્રદ્ધાનું રૂપ લઈ લીધું હતું. એની અભિવ્યક્તિ ઘર-આંગણે, ગલીઓ-ચોતરાઓ પર-નગરના જાહેર માર્ગ પર જ્યારે-ત્યારે થતી રહેતી હતી. આ અભિવ્યક્તિથી જ્યાં સાધક અને સાધુજન પ્રોત્સાહન પામતા હતા, ત્યાં જ ઈર્ષ્યાળુ અને કુટિલ જનોનાં હૃદય પીડિત થઈ ઊઠતાં હતાં.

તે દિવસે સંધ્યાવેળાએ પણ કંઈક આવું જ બન્યું. શ્રાવસ્તીના પંચગ્ર ચોક પર અનેક નગરજનો ભેગા થઈને સારિપુત્રની પ્રતિભા, તેમના તપસ્વી જીવનની પ્રશંસા કરી રહ્યા હતા. ત્યાં બાજુમાં ઊભેલો એક બુદ્ધ વિરોધી બ્રાહ્મણ પણ આ બધું સાંભળી રહ્યો હતો. જેમ-જેમ પ્રશંસાના સ્વરો તેના કાનમાં પડતા ગયા તેમ તેમ તે ઈર્ષ્યા અને ક્રોધની આગમાં સળગવા લાગ્યો. તેના આવા અંતર્દાહથી અજાણ એવા કોઈ એક શ્રદ્ધાળુ નગરજને કહ્યું - "અમારા આર્ય એવા સહનશીલ છે કે આક્રોશ કરનારા અથવા તો મારનારા પર પણ ક્રોધ કરતા નથી."

આ સાંભળીને તો તે બ્રાહ્મણ એકદમ સળગી ઊઠ્યો. તેના અંતર્દાહની લપેટો તીવ્ર થઈ ઊઠી. પોતાની વ્યાકુળતા ભરી અકળામણના કારણે તે પૂર્ણપણે વિવેકશૂન્ય થઈ ગયો. તેનાથી ચૂપ ન રહેવાયું અને ઝેરીલા સ્વરમાં બોલ્યો - "અરે તમે બધા લોકો બકવાસ કરો છો. એવું તે વળી ક્યાંય જોયું છે. તેમને કોઈ ગુસ્સે કરવાનું જાણતું જ ન હોય. જુઓ, હું તેમને ગુસ્સે કરી બતાવું છું."

પ્રત્યુત્તરમાં નગરવાસીઓ જોરથી હસી પડ્યા. આ હાસ્યના પડઘાએ બ્રાહ્મણનાં ક્રોધાગ્નિને પ્રબળ બનાવી દીધો. તે ગુસ્સે થઈ બોલી ઊઠ્યો -



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"તમે બધા જેંને અસંભવ સમજો છો, તેને હું સંભવ કરીને બતાવીશ." નગરવાસીઓ તેની આ વાત સાંભળીને હસવા લાગ્યા. તેમણે કહ્યું - "જો તું તેમને ક્રોધિત કરી શકતો હોય તો કર."

એક પ્રબળ હુંકારની સાથે તેણે પડકારનો સ્વીકાર કર્યો અને તે ત્યાંથી ચાલી નીકળ્યો. હવે તો બસ તે યોગ્ય અવસર શોધતો હતો. એક દિવસ બપોરના સમયે તેને અવસર મળી ગયો. સ્થવિર સારિપુત્ર તે સમયે ભિક્ષાટન માટે જઈ રહ્યા હતા. તપતા તડકામાં તેઓ ખુલ્લા પગે ચાલી રહ્યા હતા. તેમના દેહ પર એકમાત્ર પીળો કકડો હતો. તે પરમ તપસ્વીને આ રીતે જતા જોઈને તે નિર્મમ બ્રાહ્મણે પાછળ જઈને તેમની પીઠ પર જોરથી એક લાત ઠોકી.

આઘાત પ્રબળ હતો, પરંતુ સ્થવિર સારિપુત્ર રંચમાત્ર પણ વિચલિત ન થયા. તેમણે તો પાછળ વળીને જોયું પણ નહિ. તેઓ તો ધ્યાનમાં જાગૃત થઈ, ધ્યાનના દીપને સંભાળીને ચાલી રહ્યા હતા. આમ જ તેઓ ચાલતા રહ્યા. તે દુર્બુદ્ધિ બ્રાહ્મણના આઘાત પર તેમને રોષને બદલે પ્રસન્નતા અધિક થઈ. આ પ્રસન્નતાનું કારણ હતું, કે આવું થવા છતાં પણ તેમનું મન સ્થિર રહ્યું. જો કે સાધારણ રીતે આવી સ્થિતિમાં મનનું વિચલિત થઈ ઊઠવું સ્વાભાવિક છે, પરંતુ તેમની સાથે તો કશુંક બીજું જ થયું. તેમનું મન નિષ્કંપ બની રહ્યું અને ધ્યાનની જ્યોતિ વધુ સ્થિર થઈ ઊઠી. તેમની અંદર આ રીતે લાત મારનાર બ્રાહ્મણ પ્રત્યે બીજો કોઈ ભાવ હતો જ નહિ.

આ ઘટનાથી તે નિષ્ઠુર બ્રાહ્મણ પણ ભારે ચકિત થયો. તેને આ પ્રકારના આકસ્મિક વ્યવહારની કલ્પના જરા પણ ન હતી. તેનું અજ્ઞાન દૂર થઈ ગયું. સારિપુત્રની કૃપાથી તેને જ્ઞાનચક્ષુ મળ્યાં. તે તેમનાં ચરણોમાં લાંબો થઈ ગયો. પ્રાયશ્ચિત્તના ભાવો સાથે તેણે હૃદયપૂર્વક ક્ષમાપ્રાર્થના કરી અને તેમને ઘરે લઈ જઈને ભોજન કરાવ્યું. હજુ પણ તેની આંખો પશ્ચાત્તાપનાં આંસુઓથી ભરેલી હતી અને તે આંસુ તેના બધા જ કલ્મષને વહાવીને તેના આત્માને નિર્મલ કરી રહ્યાં હતાં.

આ રીતે સારિપુત્રના માધ્યમથી તે બ્રાહ્મણ ઉપર ભગવાન તથાગતનાં કૃપા-કિરણ પડ્યાં.

પરંતુ આ ઘટનાની પ્રતિક્રિયાઓ અનેક ઊઠી. તેમાંથી થોડીક તો નગરવાસીઓના અંતર્હૃદયમાં ઊપજી, તો કેટલીક ભિક્ષુસંઘોના સભ્યનાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મનમાં ઉદ્ભવી. સંઘના કેટલાક ભિક્ષુઓને સ્થવિર સારિપુત્રનો આ વ્યવહાર બરાબર ન લાગ્યો. તેમણે ભગવાન તથાગતને ફરિયાદના સ્વરે કહ્યું - "હે પ્રભુ ! આર્ય સારિપુત્રએ આ સારું નથી કર્યું."

"શા માટે ભંતે !" બુદ્ધ હળવા સ્મિત સાથે બોલ્યા. ઉત્તરમાં કેટલાક ભિક્ષુઓએ કહ્યું -"આ જ મારનાર બ્રાહ્મણને ત્યાં જઈને તેમણે ભોજન કર્યું. હવે ભલા તે કોને માર્યા વગર છોડશે. આ રીતે તો તે ભિક્ષુઓને મારવાની આદત પાડી લેશે. હવે તો બસ તે ભિક્ષુઓને મારતો રહીને જ વિચરણ કરતો રહેશે."

ભિક્ષુઓનું આ કથન સાંભળીને શાસ્તાએ કહ્યું - "ભિક્ષુઓ ! બ્રાહ્મણને મારનારો બ્રાહ્મણ નથી. સારિપુત્રએ એવું જ કર્યું, જે કોઈ પણ સાચા બ્રાહ્મણને માટે ઉચિત છે. શું તમારી જાણમાં એ ન આવ્યું કે સારિપુત્રના ધ્યાનપૂર્ણ વ્યવહારથી એક આંધળી વ્યક્તિને આંખો મળી ગઈ છે."

આટલું કહીને તેમણે તે ભિક્ષુઓને પ્રબોધ કરનારી આ ગાથા કહી -

**ન બ્રાહ્મણસ્સેતદકિંચિ સેય્યો**
**યદા નિસેધો મનસો પિયેહિ ।**
**યતો યતો હિંસમનો નિવત્તતિ,**
**તતો તતો સમ્મતિ એવ દુકખં ॥**
**ન જટાહિ ન ગોત્તેહિ ન જત્વા હીતિ બ્રાહ્મણો ।**
**યમ્હિ સચ્ચંચ ધમ્મો ચ સો સુખી ચ બ્રાહ્મણો ॥**

અર્થાત્ - "બ્રાહ્મણ માટે એ ઓછું શ્રેયસ્કર નથી કે તે પ્રિય પદાર્થોને મનથી દૂર કરી નાંખે છે. જ્યાં જ્યાં મન હિંસાથી નિવૃત્ત થઈ જાય છે, ત્યાં ત્યાં દુઃખ શાંત થઈ જાય છે."

"ન જટાથી, ન ગોત્રથી, ન જન્મથી બ્રાહ્મણ હોય છે. જેની અંદર સત્ય અને ધર્મ છે, તે જ શુચિ છે, બ્રાહ્મણ છે."

ભગવાન તથાગત પોતાની આ ગાથાઓ સંભળાવીને મૌન થઈ ગયા, પરંતુ તેમના આ મૌનમાં પણ એક સંદેશ પ્રગટ થતો હતો, જે સાંભળનારા સાધકોના મનને નિર્મલ બનાવી રહ્યો હતો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**એ** વખતે રાજગૃહની ભૂમિ તથાગતના ચરણસ્પર્શથી પાવન થઈ રહી હતી. ભગવાન અહીં એક આમ્રકુંજમાં વિરાજી રહ્યા હતા. તેમની સાથે ભિક્ષુ સંઘના ઘણા સભ્યો પણ હતા, જે નિત્ય તેમના શાસ્તાનાં અમૃતવચનોથી ધન્ય થતા હતા. રાજગૃહના નગરવાસી પણ ભગવાનના સાંનિધ્યનો લાભ લેવા માટે રોજ આવતા હતા. જો કે એમની સંખ્યા રોજ વધતી - ઘટતી રહેતી. સાંસારિક જીવનની અનેક મુશ્કેલીઓ અને ઘણા પ્રકારની લાલસાઓ એમને રોકી રાખતી હતી. આજે પણ ઘણાં પગલાં અહીં સુધી પહોંચી શક્યાં ન હતાં. આનું કારણ એ હતું કે નગરમાં આજે શરદ પૂનમના મહોત્સવની ધામધૂમ હતી.

યુવાન અને યુવતીઓની મસ્તીથી નગરના રસ્તાઓ ગુંજી રહ્યા હતા. કંઈક એવું વાતાવરણ હતું જાણે ધરતી પર નહિ, આકાશમાં પણ આ ઉત્સવ ઉજવાઈ રહ્યો હોય. વાદળાં રહિત સ્વચ્છ આકાશમાં ચંદ્રદેવની શોભાયાત્રા આજે સમગ્ર સજાવટ સાથે નીકળી રહી હતી. તેઓ પણ તારલાના સમુદાયથી ઘેરાયેલા હતા. એટલું જ નહિ આજે તેઓ શરદ પૂનમના મહોત્સવ પર છૂટા હાથે ચાંદનીઓના કોષ લુંટાવી રહ્યા હતા. તેમના દ્વારા વરસાવાતી આ ચાંદની નગરના રસ્તાઓ અને પ્રભુની હાજરીથી ધન્ય થઈ રહેલ આમ્રકુંજ પર પણ વરસી રહી હતી. નગરવાસીઓ જ્યાં આજની ચાંદનીની વૃષ્ટિને તેમના મોજમજા માટે પ્રેરક માની રહ્યા હતા, ત્યાં ભિક્ષુઓ માટે એનો જુદો અર્થ હતો. તેઓ આને માત્ર નિર્મળ મનની અપાર સંપદા રૂપે જોઈ રહ્યા હતા.

પૂર્ણા ભિક્ષુઓની આ મનોદશાથી અજાણ હતી. તેના જીવનનું ધ્યેય એમના કરતાં જુદું હતું. તે જીવનને યશ, ઐશ્વર્ય તથા ભોગરૂપે સમજતી હતી. તે પરમ રૂપવાન તો હતી જ. તેને તેની સુંદરતાનું ભારે અભિમાન પણ હતું. આ સૌંદર્યને વધારે ને વધારે નિખારવું એ જ તેના માટે પરમ પુરુષાર્થ હતો. પોતાના નિત નવા શણગારથી બધાને ચકિત કરતા રહેવું તે તેના જીવનનો સૌથી મોટો રોમાંચ હતો. આજે તો તેણે કંઈક વિશેષ શણગાર કર્યો હતો. યૌવનથી દીપતા સૌંદર્યનું સાકાર રૂપ બનીને તે મંદ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગતિએ તેના કક્ષમાં ફરી રહી હતી. તેનાં આભૂષણોની ચમકરૂપી જ્વાળા સમગ્ર કક્ષમાં ફેલાઈ રહી હતી.  કામદેવની કન્યા જેવી કમનીય પૂર્ણાને આજે તેના પ્રિયની પ્રતીક્ષા હતી. તેના બધા જ હાવભાવ આ જ સંદેશ આપી રહ્યા હતા.

પ્રતીક્ષાથી વ્યાકુળ પૂર્ણાની દૃષ્ટિ એ આમ્રકુંજ પર પડી જ્યાં ભગવાન તેમના ભિક્ષુઓ સાથે વિરાજ્યા હતા. તેણે જોયું ઘણા ભિક્ષુ શાંત બેઠા છે, ઘણા ઊભા છે અને ઘણા હરીફરી રહ્યા છે. આ જોઈ તેને ખૂબ આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું કે આટલી મોડી રાતે ભિક્ષુ ભલા શું કરી રહ્યા છે ? શા માટે જાગી રહ્યા છે ? તેણે વિચાર્યું કે હું તો મારા પ્રિયની પ્રતીક્ષામાં જાગી રહી છું. મારા જાગરણનું કારણ તો વિરહની વ્યાકુળતા છે, પરંતુ એમને ભલા કોની પ્રતીક્ષા છે. આ કોના વિરહની વ્યાકુળતામાં જાગી રહ્યા છે. આમ  વિચાર કરતાં તેણે એક કુટિલ સ્મિત કર્યું અને પોતાને જ કહ્યું, અરે બધા ભ્રષ્ટ, ઢોંગી અને પાખંડી છે. એમને પણ એમના પ્રેમીઓ અને પ્રેયસીઓની પ્રતીક્ષા હશે. અન્યથા અડધી રાતે આ રીતે જાગતા રહેવાનો શું અર્થ છે.

તેની આ વિચિત્ર મનઃસ્થિતિના જાણકાર અંતર્યામી ભગવાન બીજા દિવસે સવારે તેના દ્વારે ભિક્ષા માગવા માટે ગયા. તે ખૂબ ચોંકી ગઈ. એક પળમાં વિચાર્યું કે ભલા તેઓ અહીં શા માટે આવી ગયા. પાખંડીઓનો ગુરુ છે ત્યારે પાખંડી જ હોવો જોઈએ. મનમાં તો આવ્યું કે અત્યારે ભગાડી દે, પરંતુ સામે ઊભેલ એ શાંત મુદ્રાની વ્યક્તિને ભગાડી શકી નહિ. ઈચ્છવા છતાં તે ઈન્કાર કરી શકી નહિ. પહેલાં થોડીવાર તો તે ચૂપ ઊભી રહી. પછી તેણે ભગવાનને ગમે તેમ ભોજન કરાવ્યું.

ભગવાને ખૂબ જ પ્રસન્ન મુદ્રામાં આદરભાવ સાથે તેણે આપેલ ભોજન લીધું. ભોજન કર્યા પછી એમણે કહ્યું, પૂર્ણે, તું મારા ભિક્ષુઓની શા માટે નિંદા કરે છે. ભગવાનના આ કથન પર તે અવાક્ બની ગઈ. મનની ગડમથલ તેના ચહેરા પર ઊભરાઈ આવી. તેને એમનાં વચનો પર વિશ્વાસ જ થયો નહિ. કેમ કે તેણે આ વાત કોઈને કરી ન હતી. તેણે કહ્યું, ભંતે કેવી નિંદા. હું તો ક્યારેય નિંદા કરતી નથી. મેં ક્યારે નિંદા કરી ? ભગવાને સ્મિત કરતાં કહ્યું, રાતનો વિચાર કર. રાતે તેં શું વિચાર્યું હતું ?



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તથાગતના આ કથન પર પૂર્ણાને ખૂબ શરમ લાગી અને પછી તેણે આખી વાત કહી સંભળાવી. શાસ્તાએ તેને કહ્યું, પૂર્ણે, તું પોતાના દુઃખના કારણે સૂઈ ન શકી અને મારા ભિક્ષુ તેમના આનંદના કારણે જાગતા હતા. તું વિકારી વિચારોના કારણે સૂતી ન હતી, જ્યારે મારા ભિક્ષુ ધ્યાન કરી રહ્યા હતા. તેઓ નિર્વિકાર હોવાના કારણે સૂતા ન હતા. પૂર્ણા સાથે વાતો કરતી વખતે તથાગતનું મુખમંડળ કરુણાથી દીપી ઊઠ્યું. તેમણે પોતાની વાત આગળ વધારતાં કહ્યું, ઊંઘ અને ઊંઘમાં ભેદ છે પૂર્ણે. તેવી જ રીતે જાગરણ અને જાગરણમાં પણ મોટો ભેદ છે. આ નવું જાગરણ શીખ પાગલ, જૂનું જાગરણ કંઈ ખાસ જાગરણ નથી. સૂતાં સૂતાં તો બધું ગુમાવ્યું જ ગુમાવ્યું. હવે કંઈક કમાણી પણ કરી લે.

આ સાથે જ એમણે આ ધમ્મગાથા કહી -

**સદા જાગરમાનાનં અહોરત્તાનુ સિક્ખિનં।**
**નિબ્બાનં અધિકયુત્તાનં અત્થં ગચ્છતિ આસવા॥**

જેઓ હંમેશાં જાગૃત રહે છે અને રાતદિવસ શીખતા રહે છે તથા નિર્વાણ જ જેમનો એકમાત્ર ઉદ્દેશ્ય છે તેમના જ આશ્રવ નષ્ટ થાય છે.

ભગવાનના મુખે આ ધમ્મગાથા સાંભળી પૂર્ણા જાણે ઊંડી ઊંઘમાંથી જાગી. તેની આંખોમાંથી પ્રાયશ્ચિત્તની વેદના અને જિજ્ઞાસાની આતુરતા એકસાથે છલકાઈ ઊઠી. ભાવોની સઘનતાના કારણે તે કંઈ કહી તો ન શકી, પરંતુ અપલક નેત્રોથી ભગવાનને નિહાળતી રહી. તેના આ પરિવર્તન પર પોતાની કરુણાનું જળ ઢોળતાં ભગવાને પોતાના દ્વારા કહેલી કથાનો મર્મ પ્રગટ કરતાં કહ્યું -

તે જ જાગે છે જે પોતાના લક્ષ્ય પ્રત્યે સમર્પિત છે અને જેમનું શિષ્યત્વ સંપૂર્ણ છે તેઓ શીખવામાં ક્યારેય ચૂકતા નથી. દિવસ હોય કે રાત, સવાર હોય કે સાંજ, પોતાનું હોય કે પારકું, શત્રુ હોય કે મિત્ર, કોઈ ઘૃણા કરે કે પ્રેમ અને કોઈ ગાળો આપે કે પ્રેમ- તેઓ શીખતા જ રહે છે. જેઓ પ્રત્યેક વસ્તુને શિક્ષણમાં પલટી નાખવાની કળા જાણે છે તેઓ જ શીખતા રહે છે, તેઓ જ નિર્વાણને પોતાનું લક્ષ્ય બનાવી શકે છે. શરીર અને મનની સીમાઓથી મુક્ત થઈ સર્વવ્યાપક ચેતનામાં લીન થવા માટે જેઓ ઉત્સુક છે, જેઓ પોતાના બુંદને સાગરમાં સમર્પિત કરવા માટે ઉત્સુક છે, એવી જ વ્યક્તિઓ અંધકારને પાર કરી જાય છે. પ્રભુની આ વાણી સાંભળી પૂર્ણા પૂર્ણતાના રાહે ચાલવા લાગી. તેની સાથે બીજાં ઘણાં પગલાં એ તરફ ચાલવા માટે ઉત્સુક થયાં. ❁



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**'ભિક્ષાં દેહિ'** - સાંભળીને સાંભળનારાઓના પગ થંભી ગયા. કરુણા, કોમળતા અને મધુરતાથી ભરપૂર હતા એ શબ્દો. નગરની શેરીઓમાંથી પસાર થઈ રહેલા અગણિત લોકોની આંખો એ મુખ પર જઈને સ્થિર થઈ, જ્યાંથી આ શબ્દો નીકળ્યા હતા. તપના તેજથી ચમકતો તેજસ્વી ચહેરો, સરળતા-નિખાલસતા, અજસ્ર કરુણાના સ્રોત સમી આંખો, ભવ્ય દેહલાલિત્ય, ખરેખર સૌંદર્યનો રસ પુંજ લાગી રહ્યા હતા ભગવાન તથાગત ! તેમનું આ સંમોહક સૌંદર્ય જેણે પણ જોયું, એ જોતા જ રહી ગયા. ભગવાનનાં આગળ વધી રહેલાં ડગલાંની સાથે અસંખ્ય મન લપેટાઈને જઈ રહ્યાં હતાં. સૌના મનમાં એક જ ઈચ્છા હતી, કે પ્રભુ આજે મારા દરવાજે રોકાય. મારે ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરે. મારું આંગણું ભગવાનની ચરણરજથી પવિત્ર થાય.

અનેકનાં આકર્ષણોથી અલિપ્ત એવા પ્રભુ તથાગત એક દ્વાર પર જઈને થોભ્યા. એ શ્રાવસ્તી નગરીના પરમ વિદ્વાન વસુબંધુનું ઘર હતું. આચાર્ય વસુબંધુની ગણતરી શહેરના શ્રેષ્ઠ બ્રાહ્મણોમાં થતી હતી. આચાર્યશ્રી વિદ્વાન હોવાની સાથેસાથે આચારવાન અને તપસ્વી હતા. તેમના ઘરમાં માત્ર ત્રણ જ વ્યક્તિ હતી - તેઓ પોતે, તેમની ધર્મપત્ની સુલક્ષણા તેમ જ એકનો એક યુવાન દીકરો વક્કલિ. પ્રભુ દ્વારા કરવામાં આવેલો ભિક્ષાનો પોકાર સૌથી પહેલાં તેણે જ સાંભળ્યો અને સાંભળતાં વેંત જ દોડતો દોડતો દરવાજે ગયો, તો પ્રભુના અદ્ભુત સૌંદર્યને નિહાળતો જ રહી ગયો. ઘણી વાર પછી પણ પુત્ર પાછો ન આવ્યો, ત્યારે આચાર્યશ્રીએ સાદ પાડ્યો, 'બહાર કોણ છે પુત્ર ?'

આ પ્રશ્નનો પણ જ્યારે કોઈ જવાબ ન મળ્યો, ત્યારે આચાર્ય વસુબંધુ પોતે દરવાજે આવ્યા. તેમણે જોયું કે ભગવાન તથાગત સ્વયં દ્વારે ઊભા હતા. તે જોતાં જ આચાર્ય ભાવવિભોર થઈ ગયા. તેમની આંખોમાં અહોભાવ છલકાઈ ઊઠ્યો. ગદ્ગદ કંઠે તેમણે કહ્યું, હું ખૂબ ભાગ્યશાળી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છું કે તમે મારા આંગણે આવ્યા. આચાર્ય વસુબંધુની સઘન શ્રદ્ધા જોતાં પ્રભુએ કહ્યું, હું ભિક્ષા માટે આવ્યો છું, આચાર્ય ! ભગવાનનાં આ વચન સાંભળી વસુબંધુએ તેમનાં ચરણ ધોયાં અને ભોજન માટે આસન પર બેસાડ્યા. ગૃહલક્ષ્મી સુલક્ષણાએ તેમને પ્રેમ તથા સત્કારપૂર્વક ભોજન કરાવ્યું.

તથાગત ભોજન કરી રહ્યા ત્યાં સુધી આચાર્યનો યુવાન પુત્ર વક્કલિ તેમને એકીટશે જોઈ રહ્યો. પ્રભુને આવી રીતે નિહાળતાં તેણે વિચાર્યું, કે પ્રભુ કેવા સંમોહક છે. જો હું તેમની સાથે ભિક્ષુ બની જાઉં, તો કાયમ માટે તેમનાં દર્શન કરી શકું. તેણે પોતાની આ ઈચ્છાની એક ઝલક માતાપિતા સમક્ષ જણાવી. તેનાં માતાપિતા ધર્મપરાયણ હોવાની સાથેસાથે પરમ વિવેકી પણ હતાં. તેમને સંસારની અસારતાનું જ્ઞાન હતું. પુત્ર જો ભગવાન બુદ્ધના શરણમાં જવા માગતો હોય તો તેનાથી રૂડું બીજું શું હોય ! તેમણે ખૂબ પ્રસન્નતાથી પુત્રને ભિક્ષુ બનવાની સંમતિ આપી દીધી.

ધમ્મં શરણં ગચ્છામિ ! સંઘં શરણં ગચ્છામિ ! બુદ્ધં શરણં ગચ્છામિ ! આ ત્રણ પ્રતિજ્ઞાઓ સાથે વક્કલિએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી લીધી. જો કે આ પ્રતિજ્ઞાઓ તેણે માત્ર મુખથી જ ઉચ્ચારી હતી. તેનું અંતઃમન પ્રભુના સૌંદર્યમાં જ ગૂંચવાઈ ગયું હતું. એણે તો માત્ર તેમને જોવા માટે, જોતા રહેવા માટે જ પ્રવ્રજ્યા લીધી હતી. આ જ કારણે તે પ્રવ્રજ્યાના દિવસથી જ ધ્યાન-ધારણા વગેરે કાંઈ ન કરતાં માત્ર તથાગતના રૂપ-સૌંદર્યને જોતો રહેતો હતો. શરૂઆતમાં ભગવાન પણ તેના જ્ઞાનની અપરિપકવતા જોતાં કંઈ કહેતા ન હતા.

જ્યારે આ ક્રમ સતત ચાલતો રહ્યો, ત્યારે પ્રભુએ એક દિવસ વક્કલિને ટોક્યો. તેને ચેતવણી આપતાં તેમણે કહ્યું, 'વક્કલિ ! આ અર્થહીન શરીરને જોવાથી શો લાભ ? શરીર તો માત્ર મળ-મૂત્રનું પોટલું છે. તેને જોતા રહેવાનું છોડી દે. તું ધ્યાન કરવાનો પ્રયત્ન કર. ધર્મના તત્ત્વને જાણવાનો પ્રયાસ કર. ધર્મ મારું વાસ્તવિક સ્વરૂપ છે. જે ધર્મને જુએ છે, તે જ મને જોઈ શકે છે.' ભગવાને આ રીતે સમજાવવા છતાં પણ વક્કલિને ભાન ન થયું. તેની બધી જ ટેવો પહેલાંની જેમ ચાલતી રહી. તે શાસ્તાનું સાંનિધ્ય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છોડીને ક્યાંય જતો ન હતો. શાસ્તાના કહેવાથી પણ નહિ. કોઈ પણ રીતે તેનો આ મોહ છૂટતો જ ન હતો.

તેને આ રીતે મોહાસક્ત થયેલો જોઈને ભગવાને વિચાર કર્યો કે આ ભિક્ષુ ચોટ ખાધા વગર સુધરશે નહિ. એક ઝટકો મળે તો કદાચ તે સમજી જાય. આથી એક દિવસ કોઈ વિશેષ મહોત્સવના સમયે ભગવાને તેના પર આકરો પ્રહાર કર્યો. હજારો ભિક્ષુઓની સામે તેમણે તેનું ઘોર અપમાન કર્યું. તેને ધમકાવી, ખખડાવી, તિરસ્કૃત કરી તેઓ બોલ્યા - 'દૂર ખસ વક્કલિ ! તું મારી સામેથી ખસી જા, તું નીચ છે, તું કુસંસ્કારી છે, તારું ચિત્ત કુસંસ્કારોથી ભરેલું છે. તું મારી પાસે રહેવાને લાયક નથી, અહીંથી ચાલ્યો જા !' આવાં વચનો સાથે જ પ્રભુએ ભિક્ષુઓને ઈશારો કર્યો, કે તેઓ વક્કલિને અહીંથી બહાર કાઢી મૂકે.

કરુણામૂર્તિ પ્રભુના આ ક્રોધે સૌને અચંબામાં મૂકી દીધા. સૌ વિચારમાં પડી ગયા કે ભગવાને આવું કેમ કર્યું ? વક્કલિને તો પ્રભુના આ વર્તનથી ઊંડી ચોટ લાગી. તેનું અંતઃકરણ હાહાકાર પોકારી ઊઠ્યું. તેના ક્ષુબ્ધ હૃદયમાં પીડા આંદોલિત થવા લાગી. કારણ કે આખરે ચોટ પણ એવી જોરદાર લાગી હતી. જો કે તેણે આ ઊંડી ચોટનો ઊલટો અર્થ લીધો. પોતાની ભ્રાન્તિના કારણે તેણે વિચાર્યું કે ભગવાન મારા પર ક્રોધિત છે. તેમણે મને છોડી દીધો છે અને જ્યારે તેમણે જ મારો ત્યાગ કર્યો છે તો પછી આ જીવનનો શું અર્થ ? જ્યારે હું તેમની સામે બેસીને સતત તેમનું રૂપ જોઈ ન શકું તો પછી એના કરતાં તો મરી જવું સારું !

પોતાની ધૂનમાં આવું વિચારતો રહી તે ગૃદ્ધકૂટ પર્વત તરફ ચાલી નીકળ્યો. પર્વત પાસે પહોંચીને તેણે આંસુભરી આંખે પર્વત તરફ જોયું અને ઉપર ચઢવા લાગ્યો. આ રીતે ચઢતાં ચઢતાં અંધારું થઈ ગયું અને તે શિખર પર જઈ પહોંચ્યો. તે શિખર પરથી કૂદીને આત્મહત્યા કરવા માગતો હતો. ભગવાનનું સ્મરણ કરીને તેણે આત્મહત્યાનો અંતિમ નિર્ણય કર્યો. બસ, છેલ્લી ક્ષણે તે કૂદવા જઈ રહ્યો હતો, ત્યાં જ એવા ઘનઘોર અંધારામાંથી કોઈ હાથ તેના ખભા પર આવ્યો. તેણે પાછળ ફરીને જોયું તો સ્વયં તથાગત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સામે ઊભા હતા. અંધારી રાત્રિમાં તેમની પ્રભા અપૂર્વ હતી. આજે પ્રભુનો સ્પર્શ પણ અલૌકિક હતો. આ સ્પર્શે વક્કલિને નવી ચેતના આપી હતી. આથી તેણે પોતાની સામે આજે શાસ્તાનો દેહ નહિ, પરંતુ શાસ્તાને જોયા. આજે તેણે ધર્મને પોતાની સામે સ્વયં ઊભેલા જોયા. એક નવો પ્રેમ તેનામાં ઊભરાયો, એવો પ્રેમ કે જે બાંધતો નથી, મુક્ત કરે છે.

ત્યારે ભગવાને આ અપૂર્વ અનુભૂતિની ક્ષણે આ ધમ્મગાથા કહી -

**છિદં સીતં પરવકમ્મ, કામે પનુદ બ્રાહ્મણ ।**
**સંખર રાનં ખયં અત્વા અકટાજ્જસિ બ્રાહ્મણ ॥**

હે બ્રાહ્મણ ! પરાક્રમથી તૃષ્ણાના સ્રોતને કાપી દે અને કામનાઓને દૂર કરી દે. હે બ્રાહ્મણ ! સંસ્કારોના ક્ષયને જાણીને તું અકૃત, નિર્વાણનો સાક્ષાત્કાર કરી શકીશ.

ભગવાન દ્વારા કહેવામાં આવેલી આ ગાથા સાંભળીને વક્કલિની અંતર્ચેતના નિર્વાણના પંથે ચાલી નીકળી. આ પરમ સૌભાગ્ય પ્રભુની કૃપાનું જ સુફળ હતું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**શ્રે**ષ્ઠી અતુલ શ્રાવસ્તીના મહા ધનપતિ હતા. તેમના નામની હૂંડીઓ આખા દેશમાં ચાલતી હતી. વિશ્વનાં અનેક બંદરો પર તેમનાં વેપારી વહાણો ઊભાં રહેતાં હતાં. દુનિયાભરનાં પ્રતિષ્ઠિત વ્યાવસાયિક પ્રતિષ્ઠાનોમાં શ્રેષ્ઠી અતુલના નામની ધાક હતી. સૌ તેના વ્યાપાર પ્રબંધનને માનતા હતા. તેને લઈને અનેક કિંવદંતીઓ દેશભરમાં નગરો, ગામોની સાથે દેશાંતરોમાં ફેલાયેલી હતી. ધન-અર્જનની સાથે શ્રેષ્ઠી અતુલની અભિરુચિ ધર્મ-અર્જનમાં પણ હતી. જો કે આ ક્ષેત્રમાં તે હજી સુધી અકુશળ હતા. તો પણ ક્યારેક તેના માટે કોશિશ કરતા રહેતા હતા. ક્યારેક ક્યારેક અહીં પણ તે પોતાની વ્યાપારી તકનિકો અપનાવવાનું ચૂકતા ન હતા. એવું વિચારતા કે કદાચ આ રીતે વેપારની જેમ ધર્મમાં પણ સફળતા મળી જાય.

આ જ કારણે તે ભગવાન તથાગતના ધમ્મસંઘને ભરપૂર દાન આપતા હતા. અનેક વખત પોતાના ગામના અનેક લોકોની સાથે ભગવાનનાં દર્શન માટે જતા હતા. કોઈ પૂછતા તો કહેતા કે આ રીતે તથાગતના યશનો વિસ્તાર થશે. તેમના સંઘનો પ્રચાર થશે. આ રીતે વર્ષમાં ઓછામાં ઓછી ચાર યાત્રા થતી હતી. જો કે જેટલી વાર તેઓ જતા હતા તેટલી વાર તેઓ સંઘની નિંદા, ભિક્ષુઓ પર કટુઉક્તિભર્યાં વ્યંગબાણ છોડવાનું ચૂકતા ન હતા. ખૂબ અનોખી ભાવદશા હતી એમની - બૌદ્ધ સંઘમાં જવાનું પણ ખરું.અને સંઘની નિંદા પણ કરવાની. હા, એટલું જરૂર હતું કે તેમના મનમાં ક્યાંય બુદ્ધ પ્રત્યે પ્રીતિનો અંકુર ન હતો.

આ વખતે પણ તેઓ પાંચસો વ્યક્તિઓ સાથે ભગવાનના સંઘમાં ધર્મશ્રવણ માટે આવ્યા હતા. આ પાંચસો વ્યક્તિઓમાં દેશભરના ગણમાન્ય નાગરિકો અને પ્રતિષ્ઠિત વ્યાવસાયિકો હતા. કેટલાય વિદેશીઓ પણ આ વખતે તેમની સાથે હતા. આ બધાની સાથે સંઘમાં આવતાં જ તેમણે ભિક્ષુઓને કહ્યું - "આ બધાને વિનાવિલંબે તથાગત સાથે મુલાકાત કરવાની છે. તુરંત તેની વ્યવસ્થા કરો." ભિક્ષુઓએ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમની વાત ધ્યાનથી સાંભળીને વિનમ્ર સ્વરે કહ્યું- "ભંતે ! પહેલાં આપ મહાસ્થવિર રેવતને મળી લો. તેમનો ઉપદેશ સાંભળો, આ પછી તેમને યોગ્ય લાગશે તો શાસ્તાને મળવાની વ્યવસ્થા થઈ જશે."

ભિક્ષુઓના આ ઉત્તરથી શ્રેષ્ઠી અતુલ ખૂબ અકળાઈ ઊઠ્યા. એમણે લગભગ ધમકાવતાં કહ્યું - "તમે કદાચ મને ઓળખતા નથી. નહિતર આવી હિંમત કે મૂર્ખામી ન કરત. ભલે ચાલો, જોઈએ તો ખરા કે મહાસ્થવિર રેવત છે કોણ ?" આ રીતે ધૂંધવાતા શ્રેષ્ઠી અતુલ પોતાની આખી મંડળી સાથે સ્થવિર રેવતની પાસે પહોંચ્યા. એક મોટા સભાગારમાં તેમને બેસાડવામાં આવ્યા. સ્થવિર રેવત પણ ત્યાં એક આસન પર બેઠા હતા. તેમણે એ બધાને જોયા, જોઈને ભાવભર્યું નમન કર્યું, પણ કાંઈ બોલ્યા નહિ. થોડી વાર સુધી સભાગારમાં સન્નાટો છવાયેલો રહ્યો.

પરંતુ આ સન્નાટામાં શ્રેષ્ઠી અતુલના અંતર્મનમાં ભારે શોરબકોર મચી ગયો. તેમનો ધૂંધવાટ વધી ગયો. તેમણે બધાને ઊઠવાનો ઈશારો કર્યો અને પોતે પણ ઊભા થઈ ગયા. સ્થવિર રેવતને છોડીને તે બધા દરવાજાની બહાર નીકળી ગયા. દરવાજામાંથી બહાર નીકળતાં જ એમની મુલાકાત સ્થવિર સારિપુત્ર સાથે થઈ ગઈ. તેમણે મધુર વચનોથી શાંત કરવાનો પ્રયત્ન કર્યો. અનેક દૃષ્ટાંતો આપીને એમને સમજાવ્યા, પરંતુ અતુલ અને તેના મિત્રોનો ક્રોધ વધતો ગયો. આખરે થાકીને સ્થવિર રેવતે તે બધાને આનંદ પાસે મોકલી દીધા. આનંદ સ્વભાવે પરમ શાંત હતા. ભગવાન તથાગતનાં ચરણોમાં એમની અવિચળ ભક્તિ હતી. તેમણે પણ આ બધાને સમજાવવાની, શાંત કરવાની ભરપૂર કોશિશ કરી. પણ કાંઈ વળ્યું નહિ.

હારીથાકીને તે આ બધાને ભગવાન પાસે લઈ ગયા. ભગવાન પાસે પહોંચતાં જ શ્રેષ્ઠી અતુલનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો. તેમણે ફરિયાદના સ્વરે કહ્યું- "ભગવાન ! આપના ભિક્ષુઓમાં બિલકુલ સમજ નથી. તેઓ આપને બરાબર ઓળખતા નથી કે નથી મને બરાબર સમજતા." શ્રેષ્ઠીની આ વાત પર તથાગત મુસ્કુરાયા અને આ મુસકાન સાથે જ તેઓ બોલ્યા - "તમે ભિક્ષુઓને છોડીને તમારી વાત કરો, શ્રેષ્ઠી."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આમ કહેતાં તેણે ભગવાનને કહ્યું - "ભંતે ! હું એટલી પ્રબળ આશાથી ધર્મશ્રવણ માટે આવ્યો હતો. પરંતુ સ્થવિર રેવત કાંઈ બોલ્યા જ નહિ, ચૂપચાપ બેસી રહ્યા. ભલા, આ તે કાંઈ વાત છે ? હું એકલો નહિ, પાંચસો લોકોને સાથે લઈને આવ્યો હતો. અમે બધા ખૂબ દૂરથી આવ્યા હતા. ખૂબ નામ સાંભળ્યું હતું રેવતનું કે જ્ઞાનને ઉપલબ્ધ થઈ ગયા છે. આપના મોટા શિષ્ય છે. પરંતુ આ શું વાત કે અમે બધા બેસી રહ્યા અને તેઓ ચૂપચાપ બેસી રહ્યા, કાંઈ બોલ્યા નહિ. મને તો એમનું આ વલણ બિલકુલ ગમ્યું નથી.

પછી અમે બધા સારિપુત્ર પાસે ગયા. સારિપુત્ર બોલ્યા, પરંતુ એટલું બોલ્યા કે બધું અમારા માથા પરથી જતું રહ્યું. તેઓ જરૂર કરતાં વધારે બોલ્યા. એમણે તો કોણ જાણે એવી અટપટી વાતો કરી કે અમારી સમજમાં તો કાંઈ ઊતર્યું નહિ. અમારી હાલત તો એવી થઈ થઈ કે બેઠાંબેઠાં બગાસાં આવવા લાગ્યાં, કેટલાકને તો ઊબકા આવવા માંડ્યા, કેટલાકને ઝોકું આવી ગયું અને કેટલાક તો સૂઈ ગયા, હવે આપ જ કહો, કોઈએ આટલું બોલવું જોઈએ ? આવી રીતની અટપટી અને સૂક્ષ્મ વાતો કરવી જોઈએ ?

અરે ભાઈ ! બોલવું હોય તો એવું બોલો કે અમને સમજાય. એમણે તો એટલું બધું કહ્યું કે અમારી જે થોડીઘણી સમજણ હતી તે પણ ખતમ થઈ ગઈ. આ સારિપુત્ર તો બહુ વાતોડિયા છે. હમેશાં બકવાસભરી બકબક કરતા રહે છે. બહુ અજબ તમાશો રહ્યો ! એક સજ્જન તો ચૂપચાપ બેસી રહ્યા, બોલ્યા જ નહિ. તેમની પાસેથી એક ટીપું પણ ન મળ્યું, તો બીજા સજ્જન એવા મુશળધાર વરસ્યા કે જે હાથમાં હતું તે પણ વહી ગયું.

અમે તેમને સાંભળ્યા પછી આનંદ પાસે ગયા. એમણે બહુ થોડું કહ્યું, અત્યંત સૂત્રરૂપમાં બોલ્યા, અમને સૌને તો કંઈ સમજાયું જ નહિ. અરે, એ પણ કંઈ વાત છે ! એમણે એટલું તો વિચારવું જોઈએ કે કંઈક વિસ્તારીને કહે, સમજાવીને કહે, કંઈક દૃષ્ટાંત આપે, કહેતાં કહેતાં કંઈક દોહરાવે પણ ખરા જેથી અમને સમજાઈ જાય. આ સૂત્ર તો.બહુ કઠિન હોય છે. અમને સમજાય પણ કેવી રીતે ? હવે હારી-થાકીને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અમે આપની પાસે આવ્યા છીએ. આપના આ ત્રણ શિષ્યો ઉપર અમને બહુ જ ગુસ્સો આવ્યો છે.

ભગવાને શ્રેષ્ઠી અતુલની વાતો ધ્યાનથી સાંભળી અને હસતાં હસતાં એમણે આ ધમ્મગાથા કહી -

**પોરાણમેતં અતુલ ! નેતં અંજનમિવ ।**
**નિંદન્તિ તુષ્હીમાસીનં નિન્દન્તિ બહુભાણિનં ।**
**મિતમાણિનમ્પિ નિન્દન્તિ નત્થિ લોકે અનિન્દનો ॥**

હે અતુલ ! આ જૂની વાત છે. આ કંઈ આજની વાત નથી કે લોકો ચૂપ બેઠેલાની નિંદા કરે છે, બહુ બોલનારની નિંદા કરે છે, ઓછું બોલનારની પણ નિંદા કરે છે, લોકમાં અનિંદિત કોઈ પણ નથી.

આટલું કહીને ભગવાન પ્રીતિપૂર્ણ વચન બોલ્યા - "શ્રેષ્ઠી અતુલ ! ધન-ઉપાર્જન અને ધર્મ-અર્જનની રીત અલગ છે. ધન સાંસારિક અને ચતુરાઈભર્યા વ્યવહારથી મળે છે, જ્યારે ધર્મને ધ્યાનથી જાણવામાં આવે છે. નિંદા છોડો અને ધ્યાન શીખો. એમાં જ તમારું કલ્યાણ છે.

❀

મુદ્રક : યુગ નિર્માણ યોજના, મથુરા-૩

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org